

ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૮૭૧ કેસ, ૧૭૨નાં મોત

વાંચો પેજ નં. ૧૬

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઇંગ્લેન્ડને આઠ રનથી હરાવી ભારતે શ્રેણી સરભર કરી

વાંચો પેજ નં. ૨૧

FRIDAY, 19 MARCH, 2021 Vol. 18, No. 12 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# યુએસમાં ટોર્નેડોનો કેર : ૧.૬૦ કરોડ લોકો પ્રભાવિત

## ૨૦ હજાર લોકો અંધારામાં :મિસિસિપી, જ્યોર્જિયા અને ફલોરિડામાં પણ હાઈએલર્ટ

બિર્મિંઘમ : દક્ષિણ અમેરિકાના અલ્બામામાં ગુરુવારે વાવાઝોડું ટોર્નેડો ત્રાટક્યું હતું. આ સાથે જ અલ્બામા ઉપરાંત મેસિસિપી, જ્યોર્જિયા અને ફલોરિડામાં ભારે વરસાદની આગાહીથી દોડધામ મચી ગઈ હતી. વાવાઝોડાને કારણે ૨૦ હજાર કરતાં વધુ મકાનોમાં અંધારપટ્ટ થઈ ગયો હતો. આ વાવાઝોડાથી ૧.૬૦ કરોડ જેટલા લોકો પ્રભાવિત થયા હતા. અલ્બામાના શહેરી વિસ્તારોમાં ૮૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાનું શરૂ થયું હતું. કેટલાક વૃક્ષો પડી ગયા હતા. અમુક ઘરોને નુકસાન થયાના અહેવાલો પણ આવ્યા હતા. બે લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. ગુરુવારે મોડી સાંજે અલ્બામા ઉપરાંત જ્યોર્જિયા, મિસિસિપી અને ફલોરિડામાં પણ તેજ પવન ફૂંકાવાનું શરૂ થયું હતું. ભારે વરસાદની આગાહી અમેરિકાના નેશનલ વેધર સેન્ટરે આપી હતી અને કાંઠા વિસ્તારના લોકોને ખાસ ચેતવણી આપીને સલામત સ્થળે જવાની સૂચના અપાઈ હતી. આલ્માબા સહિતના રાજ્યોમાં શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. ગર્વનરે ટીચર-પ્રોફેસર્સને ઓનલાઈન ક્લાસ કરવાની સલાહ આપી હતી. વધુમાં વધુ ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે.



# બ્રાઝિલમાં એક જ દિવસમાં કોરોનાનાં ૯૦ હજારથી વધુ કેસ : ૨૮૪૧ મોત



ન્યૂયોર્ક : બ્રાઝિલમાં એક જ દિવસમાં કોરોનાનાં નવા ૯૦ હજારથી વધુ કેસ નોંધાતા હાહાકાર મચી ગયો છે. સત્તાવાળાઓ ફરી એકવાર કોરોનાને કાબૂમાં રાખવા દોડતા થયા છે. મંગળવારે ત્યાં એક જ દિવસમાં સૌથી વધુ ૨૮૪૧ લોકોનાં મોત થયા હતા. આમ અમેરિકા પછી કોરોના બ્રાઝિલમાં કહેર મચાવી રહ્યો છે. ચીનનાં ફેબ્રુઆરી પછી કોરોનાનો પહેલો લોકલ કન્ફર્મ કેસ નોંધાયો છે.આ કેસ ચીનનાં શાન્ક્ષી પ્રાંતનાં ક્ષીઆન શહેરમાં નોંધાયો હોવાનું આરોગ્ય વિભાગનાં અધિકારીઓએ કબૂલ્યું હતું. જે લોકલ ટ્રાન્સમિટ થયો હોવાનું મનાય છે. વિદેશથી આવતા તમામ પ્રવાસીઓમાં સમયાંતરે કોરોનાનું સંક્રમણ હોવાનું જણાઈ આવ્યું છે. વિશ્વમાં કોરોનાનાં દર્દીઓની સંખ્યા ૧૨.૧૯ કરોડનો આંક વટાવીને ૧૨,૧૯,૫૮,૮૩૬ પહોંચી ગઈ છે. ૨૬,૯૫,૦૩૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. સારવાર પછી ૯.૮૨ કરોડ લોકો સાજા થયા છે. અમેરિકામાં કોરોનાની એન્ટિબોડી સાથે બાળકીનો જન્મ થયાનો પહેલો કેસ બહાર આવ્યો છે. માતાને પ્રેગનન્સીનાં ૩૬મા અઠવાડિયે કોરોનાની રસી આપવામાં આવી હતી. બ્રિટનનાં પ્રધાન મેટ્ટ હેન્કોકે કબૂલ્યુ હતુ કે ભારત દ્વારા કોરોનાની વેકિસનનાં સપ્લાયમાં વિલંબ કરવામાં આવ્યો છે. આમ યુકેમાં કોરોનાની વેક્સિનની અછત સર્જાવા માટે ભારત દ્વારા કરવામાં આવેલી મોડી નિકાસ જવાબદાર છે. યુકેને ભારતમાં સીરમ ઈન્સ્ટિટયુટ દ્વારા બનાવાતી વેક્સિનનાં ૫ મિલિયન ડોઝ મળવાની આશા હતી પણ ભારતનાં લોકોને પ્રાયોરિટીનાં ધોરણે વેક્સિન આપવાનું નક્કી થતાં સપ્લાય રોકવામાં આવી હતી.

ફ્રાન્સમાં કોરોનાનું ત્રીજું મોજું, ૩૦ હજાર નવા દર્દી મળ્યા

વાંચો પેજ નંબર. ૨૨

ABOWATH
REAL ESTATE GROUP
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોરોનાનો કેર, વધુ ૨૯૭૭ સંક્રમિત, ૩૩ના મોત

## ગુરુવારે સૌથી વધુ ઓન્ટેરિયો પ્રાંતમાં ૧૫૫૩ નવા કેસ નોંધાયા, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૨૧૧૪



ટોરોન્ટો : કેનેડામાં કોરોના વાયરસનો કેર ગુરુવારે પણ યથાવત રહ્યો હોય તેમ આખા દેશમાં ૨૪ કલાકમાં ૨૯૭૭ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે જ અહીં ૩૩ કોરોનાગ્રસ્ત દર્દીના મોત નિપજ્યા હતા. કોરોનાની વણસી રહેલી સ્થિતિને પગલે આરોગ્ય તંત્ર અને સરકારે વધુ અસરકારકતા સામે કામ કરવાની આવશ્યકતા પણ ભાર મુક્યો હતો. સરકાર અને તંત્રએ નાગરિકોને કોવિડ ૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરવા સાથે સંક્રમણને રોકવા સહકારની અપીલ કરી હતી.

ગુરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં કેનેડામાં કોરોનાના નવા ૨૯૭૭ દર્દી મળી આવ્યા હતા. જેમાં ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૧૫૫૩ નાગરિકો કોરોનાની ચપેટમાં આવવા સાથે ૧૫ દર્દીએ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. જયારે ક્યૂબેકમાં ગુરુવારે ૭૦૨ નાગરિકોના સેમ્પલ કોરોના પોઝિટવ આવ્યા હતા. ક્યૂબેકમાં કોરોનાને કારણે ૭ લોકોના મોત નોંધાયા હતા. આ ઉપરાંત નોવા સ્કોસિયામાં નવા ૩ કેસ સાથે એક દર્દીનું મોત સરકારી ચોપડે નોંધાયું હતુ. મોનીટોબામાં આજે કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો હતો. અહીં ૨૪ કલાકમાં નવા ૯૧ દર્દી કોરોનાગ્રસ્ત નીકળ્યા હતા. જો કે, કોરોનાને કારણે મરનારાની સંખ્યા મોનીટોબામાં માત્ર એક જ નોંધાઈ હતી. આ ઉપરાંત ન્યુબ્રુન્સ વીકમાં નવા ૭ નાગરિકો વાયરસની ચપેટમાં આવી ગયા હતા. સાસ્કેચવાનમાં આ જ સમયગાળામાં નવા ૧૧૫ દર્દીમાં કોરોના વાયરસની પૃષ્ટિ થઈ હતી. આ સાથે અહીં ૯ કોરોનાગ્રસ્ત દર્દીઓએ સારવાર દરમિયાન પોતાનો જીવ ગુમાવી દીધો હતો. સાસ્કેચવાનમાં ૯૬ દર્દી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે કેનેડામાં ગુરુવારે ઉમેરાયેલા ૨૯૭૭ દર્દીના વધારા સાથે દેશમાં કોરોનાગ્રસ્તોનો કુલ આંકડો ૯,૨૨,૨૨૬ થઈ ગયો હતો. જયારે કોરોનાથી મરનારાઓની સંખ્યા ૨૨૫૮૭ થઈ હતી. દેશમાં ગુરુવારે સાંજે એક્ટિવ કેસની સંખ્યા ૩૨૧૧૪ નોંધાઈ હતી. જે પૈકી ૫૫૩ લોકોની હાલત અત્યંત નાજૂક હોવાનું જાણવા મળ્યું હતુ.

# ઓન્ટેરિયો ઈમિગ્રેશનના પ્રવાહો માટે ઈરાદો જાહેર કરવાની પદ્ધતિ શરૂ કરશે

ટોરોન્ટો : ઓન્ટેરિયો પોતાની પાંચ ઈકોનોમિક કલાસના ઈમિગ્રેશન નોંધણીની પદ્ધતિમાં ફેરફાર કરવા માંગે છે. આવનારા અઠવાડિયાઓમાં એનો આરંભ થઈ શકે છે. પહેલા વહેલો તે પહેલાના ધોરણે ઓન્ટેરિયો ઈમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (ઓઆઈએનપી) ચાલતો હતો. તેને સ્થાને હવે એકસ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) પ્રોગ્રામ શરૂ થશે. જે પોઈન્ટ આધારીત હશે અને એમાં માનવક્ષમતા અને લેબર માર્કેટના તત્વો હશે. ઘણા અન્ય પ્રોવિન્સીયલ નોમિની પ્રોગ્રામ્સ (પીએનપી) અત્યારે પણ આ પદ્ધતિથી ચાલે છે.

ઓઆઈએનપીની પદ્ધતિ બદલાઈ રહી હોવાથી હાલમાં આ પ્રવાહો માટેની નવી અરજીઓ લેવાતી નથી. ઈઓઆઈ પદ્ધતિ શરૂ થયા બાદ જ નવી અરજીઓ લેવાશે.

નવી પદ્ધતિથી ઓન્ટેરિયોના ઈમિગ્રેશનમાં શું ફેરફાર આવશે એ જાણીએ. જે પ્રવાહો નવી પદ્ધતિમાં જઈ રહ્યા છે એ સામાન્ય રીતે ઝડપથી ભરાઈ જનારા પ્રવાહો છે. અગાઉની પદ્ધતિમાં જયારે રજિસ્ટ્રેશન ઓનલાઈન શરૂ થતું હતુ. તેથી ગણતરીની મિનીટોમાં જ આ કેટેગરીની જગ્યાઓ ભરાઈ જતી. જેને કારણે અરજી કરનારાઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

ખાસ કરીને જેમને ઈન્ટરનેટ ધીમું ચાલવાની ફરિયાદ હોય, તેમનું






**નવી પદ્ધતિ નીચે મૂજબના પ્રવાહોમાં નવા રજિસ્ટ્રેશન માટે અમલી બનશે**

- એમ્પ્લોયર જોબ ઓફર કેટેગરી પ્રવાહો (ફોરેન વર્કર, ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ અને ઈન ડીમાન્ડ સ્કીલ્સ)
- માસ્ટર્સ ગ્રેજયુએટ પ્રવાહ અને – પીએચડી ગ્રેજયુએટ પ્રવાહ

રજિસ્ટ્રેશન થઈ શકતું નહોતું અને ઘણાં પાસે પોતાનુ મૈલ એડ્રેસ હોતું નથી એમને પણ મુશ્કેલી પડતી હતી. આ નવી પદ્ધતિમાં પીએનપી સિવાયના પ્રવાહો માટે ઈરાદો વ્યકત કરવાની તક અપાશે અને તેમનું રજિસ્ટ્રેશન કરી એમની લાયકાતની ચકાસણી કરી પોઈન્ટસ આપશે.

જેમના પોઈન્ટસ લાયકાત મુજબના હશે એમની અરજી સ્વીકારી આગળ વધશે. આ પદ્ધતિ માટે સ્થાનિક સત્તાવાળાઓએ ૯મી સપ્ટેમ્બરથી ૨૩મી ઓકટોબર, ૨૦૨૦ દરમિયાન જુદા જુદા લોકો પાસેથી અભિપ્રાયો મંગાવ્યા હતા. જેમાં વ્યકિતગત, સંભવિત અરજદારો, નોકરીદાતાઓ, ઈમિગ્રેશન સંગઠનો અને ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશનના પ્રતિનિધિઓ અને પ્રોફેશનલ એસોસિયેશનના સભ્યોનો સમાવેશ થયો હતો. બધાના અભિપ્રાયોનો અભ્યાસ કર્યા બાદ જ નવી પદ્ધતિ વિકસાવવામાં આવી હતી, એમ ઓઆઈએનપીના પ્રવકતાએ મીડિયાને જણાવ્યું હતું. નવી પદ્ધતિ વિશે ઘણાં એવું માની રહ્યા છે કે, આ પદ્ધતિ વધુ સારી અને અસરકારક રહેશે અને અત્યારની પ્રક્રિયાની સરખામણીમાં વધુ સરળ રહેશે.

# સિરીયાના કેમ્પમાંથી ચાર વર્ષીય કેનેડીયન બાળકીને બચાવી લેવાઈ

ટોરોન્ટો : ઉત્તરપૂર્વીય સિરીયાના એક ડિટેન્શન કેમ્પમાંથી ચાર વર્ષની કેનેડીયન બાળકીને બચાવી લેવામાં આવી છે અને એને ફરીથી કેનેડા લાવવામાં આવી રહી છે. બાળકીની ઓળખ જાહેર કરવામાં નથી આવી. પરંતુ એની કેનેડીયન આન્ટ અને ભૂતપૂર્વ યુએસ રાજદ્વારીના પ્રયાસોને પગલે એને બચાવી લેવાઈ હોવાના અહેવાલો મીડિયામાં ચમકી રહ્યા છે. બાળકીની માતાએ બાળકીને તરછોડી દીધી હતી. એક સંદેશામાં તેણે બહાદુરીથી કહ્યું હતું કે, મારૂ દીલ તૂટી ચુકયું છે. છતાં મારા ચહેરા પરથી એ જાણી શકાતું નથી. બાળકી અને તેની માતાને સિરીયામાં આઈએસઆઈએસના પરાજય બાદ કુર્દિશ કેમ્પમાં રાખવામાં આવ્યા હતા. કેનેડાના ૩૦થી વધુ નાગરીકો છેલ્લા બે વર્ષથી આવા કેમ્પોમાં રહી રહ્યા છે. કેનેડાની સરકારે એમને છોડાવવા કોઈ પ્રયાસ કર્યા નથી. સિરીયા ૧૦ વર્ષના બળવાની તૈયારીમાં છે. ભૂતપૂર્વ અમેરીકન રાજદૂત પીટર ગાલ્બર્થના કુર્દો સાથેના સારા સંબંધોને કારણે આ બાળકીને બચાવી શકાઈ હતી. બાળકીની માતાએ બહાદુરીથી પોતાની પુત્રીને છોડી હોવાથી આ શકય બન્યું હતુ. જે ખરેખર મુશ્કેલ બાબત છે એમ ગાલ્બર્થે મીડિયાને જણાવ્યું હતું. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કેનેડાની સરકારે બાળકીના બચાવ માટે કંઈ જ કર્યું નહોતું. માત્ર માતાના પ્રયાસોથી જ એ શકય બન્યું હતું.

# કેનેડાની સૌથી વધુ વયની મહિલાએ કોવિડની વેકસીનનો પહેલો ડોઝ લીધો

- ઓન્ટેરિયોમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ની વેકસીનના ૧.૧ મિલીયન ડોઝ અપાયા

ટોરોન્ટો : કેનેડાની સૌથી વધુ વયની હયાત મહિલાએ પોતાનો ૧૧૪મો જન્મદિવસ ઉજવ્યા બાદ કોવિડ-૧૯ની ફાઈઝર, બાયોટેક વેકસીનનો પહેલો ડોઝ લીધો હોવાનું સનીબ્રુક હેલ્થ સાયન્સ સેન્ટરે શનિવારે ટવીટ્ કરીને જણાવ્યું હતું. ટવીટ્માં નોંધવામાં આવ્યું હતુ કે, ૧૦મી માર્ચ ૧૯૦૭ના રોજ જન્મેલી ફીલીસ રીડવે નામની મહિલાએ પોતાનો ૧૧૪મો જન્મદિવસ ઉજવ્યાના થોડા દિવસ બાદ વેકસીનનો ડોઝ લીધો હતો. તેણે જણાવ્યું હતું કે, આ મારો કદાચ સૌથી શ્રેષ્ઠ જન્મદિવસ હતો. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ટવીટ્ના જવાબમાં લખ્યું હતું કે, આ સૌથી વધુ સ્પર્શનારી ક્ષણ છે અને ફીલીસને મોડી મોડી પણ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવું છું. જન્મદિવસ ઉજવવાની આ રીત ખરેખર આનંદદાયક છે. આ મહિનાના આરંભે પ્રાંતમાં ૮૦ વર્ષ અને એથી વધુ વય ધરાવનારા સામાન્ય નાગરિકોને વેકસીનેશન શરૂ કરાયું છે. જેના પહેલા રાઉન્ડમાં વરિષ્ઠોને આવરી લેવાની શરૂઆત કરવામાં આવી હતી. ઓન્ટેરિયોમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ની વેકસીનના ૧.૧ મિલીયન ડોઝ અપાઈ ચુકયા છે.

# એટલાન્ટા ખાતે ગોળીબાર થતાં ૮ના મોત, આરોપી એક જ હોવાની આશંકા

ઓન્ટેરિયો : એટલાન્ટાના મસાજ સ્પામાં ત્રણ ગોળીબારની ઘટના બાદ એશિયન મૂળની છ મહિલાઓ સહિત આઠના મૃત્યુ થયા હોવાનું મંગળવારે જણાવવામાં આવ્યું હતું. પોલીસે ઘટના બન્યાના ગણતરીના કલાકોમાં સીસીટીવી ફૂટેજના આધારે એક ૨૧ વર્ષીય શકમંદ રોબર્ટ એરોન લોંગની ધરપકડ જયોર્જયિાના વુડસ્ટોકથી કરી હતી. આ ઘટના સાંજે પાંચ વાગ્યા પહેલા એટલાન્ટાથી ઉત્તરે ૪૦ કિ.મી.ના અંતરે એકવર્થમાં આવેલા યંગ્સ એશિયન મસાજ સ્પામાં બની હતી. જયાં બે વ્યકિતઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને અન્ય બેના મોત હોસ્પિટલમાં લઈ જવાયા બાદ થયા હતા. આ સમયે એક વ્યકિતને હુમલામાં ઈજા થઈ હતી. આ ઘટનામાં બે એશિયન મહિલાઓના મોત થયા હતા. એક કલાક બાદ પોલીસને એટલાન્ટાના ગોલ્ડ સ્પામાં લૂંટ ચાલી રહી હોવાની બાતમી આપતો ફોન આવ્યો હતો અને પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. આ સમયે પોલીસે જોયું તો ત્રણ મહિલાઓની ગોળી મારીને હત્યા કરાઈ હતી. ત્યારબાદ પોલીસ અધિકારીઓને એ જ વિસ્તારના અન્ય એરોમાથેરપી સ્પામાં પણ ગોળીબાર થયો હોવાની જાણ થતાં પોલીસનો કાફલો ત્યાં પણ દોડી ગયો હતો. આ સમયે સ્થળ પર વધુ એક મહિલાનો મૃતદેહ મળ્યો હતો. આ ચારેય મહિલાઓ પણ એશિયન મૂળની હતી. અધિકારીઓ માને છે કે, એક જ વ્યકિત આ ગોળીબારની ત્રણે ઘટનામાં સંડોવાયેલો છે.

**ઘટના બાદ સીસીટીવી ફુટેજને આધારે ૨૧ વર્ષીય શકમંદ રોબર્ટ એરોન લોંગની ધરપકડ**

# ટેકનીકલ ક્ષતિ છતાં એક લાખ લોકોએ વેકસીન માટે એપોઈન્ટમેન્ટ લીધી

ટોરોન્ટો : ઓન્ટેરિયોમાં ૮૦ વર્ષથી વધુના અંદાજે એક લાખ લોકોએ કોવિડ-૧૯ માટેની વેકસીન મેળવવા સોમવારે એપોઈન્ટમેન્ટ બુક કરાવી હતી. ઓનલાઈન પોર્ટલમાં કેટલીક ટેકનીકલ મુશ્કેલીઓ હોવા છતાં આટલું બુકિંગ થયું હતું. ઓનલાઈન બુકિંગ માટે વેબસાઈટ ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ ડોટ ઓન્ટેરિયો ડોટ સીએ/બુકવેકસીન અને કોલ સેન્ટર નંબર ૧ -૮૮૮ -૯૯૯-૬૪૮૮ સવારે આઠ વાગ્યાથી ખુલ્લો મુકાયો હતો. જો કે, તે પછી ગણતરીની મિનીટોમાં ૮૦૦૦ લોકોની કતાર લાગી ગઈ હતી. તે સમયે વેઈટીંગ માટેનો અંદાજિત સમય એક કલાકનો હતો. કેટલાક લોકોને વેબસાઈટ ઉપર બુકિંગ ફોર્મ ભરતી વખતે એરરના સંદેશા મળતા હતા. વેબસાઈટની ક્ષતિ વિશે જાણ્યા બાદ પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, સિસ્ટમની ક્ષતિઓને તત્કાળ સુધારી લેવામાં આવશે.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે, સિસ્ટમ નિષ્ફળ નહીં જાય એની એમને પુરી ખાતરી હતી. આમ છતાં આમ થયુ, એની નવાઈ લાગે છે. આરોગ્ય વિભાગના પ્રવકતાએ સ્પષ્ટ કર્યું હતું કે, વેબસાઈટની ટેકનીકલ ખામી સાંજે ૪.૩૦ પછી સુધારી લેવામાં આવી હતી.

**સિસ્ટમની ક્ષતિઓને તત્કાળ સુધારી લેવા પ્રિમીયર ડગ ફોર્ડે ખાતરી આપી**

# કેનેડાના નાના શહેરો પણ ઈમિગ્રન્ટસને આકર્ષવા માંડ્યા

## રેયરસન યુનિવર્સિટીનાં સરવેમાં નાના શહેરોમાં સ્થાયી થનારા ઈમિગ્રન્ટ્સનું પ્રમાણ ૪૫ ટકા વધ્યું

ઓન્ટેરિયો : સામાન્ય રીતે કેનેડા આવનારા ઈમિગ્રન્ટસની પહેલી પસંદ ટોરોન્ટો, મોન્ટ્રીયલ, કાલગેરી અને વાન્કુંવર જેવા શહેરો હોય છે. જો કે, હવે કેનેડાના નાના અને મધ્યમ કદના શહેરો ઈમિગ્રન્ટસને વધુ આકષીરહ્યા છે. રેયરસન યુનિવસીટીએ હાથ ધરેલા અભ્યાસના તારણમાં ડેવિડ કેમ્પબેલ જણાવે છે કે, વર્ષ ૨૦૧૩થી ૨૦૧૯ વચ્ચે નાના શહેરોમાં સ્થાયી થનારા ઈમિગ્રન્ટસનું પ્રમાણ ૪૫ ટકા જેટલું વધ્યું હતું. જે કેનેડાના ચાર મોટા શહેરોના ૯ ટકાની સરખામણીમાં વધુ છે. કેનેડાના બાકીના હિસ્સામાં નવા ઈમિગ્રન્ટસમાં પણ ૪૦ ટકાનો વધારો થયો છે. કેનેડાના સેન્સસ મેટ્રોપોલિટન એરીયાસ (સીએમએએસ)માં સીટી ઓફ ટોરોન્ટો, મિસિસાઉગા, બ્રામ્પટન, વોઘાન અને પિકેરીંગનો સમાવેશ થાય છે. જો કે, આ નાના શહેરોની વસતિના પ્રમાણમાં એ ટકાવારી ઘણી ઓછી જણાય છે. કેમ કે, દર ૧૦ હજાર સામે ઈમિગ્રન્ટસનું જે પ્રમાણ મોટા શહેરોમાં જોવા મળે




છે એની સરખામણીમાં નાના શહેરોની વસતી ઓછી હોવાથી આમ થાય છે. ટોરોન્ટો સૌથી વધુ ઈમિગ્રન્ટસનો દર ધરાવનારું શહેર છે. જે કેનેડામાં દર ૧૦ હજારની વસતીએ એ ૧૬૩ ટકા જેટલો હતો. વાનકુંવરમાં એ ૧૨૮ ટકા પ્રતિ ૧૦ હજાર હતો. પરંતુ નાના અને મધ્યમ કદના શહેરોમાં એવું નથી. રેગીના અને સાસ્કાટુન જેવા ૧૪ શહેરી વિસ્તારોમાં પ્રતિ ૧૦ હજારની વસતીએ ઈમિગ્રન્ટસની ટકાવારી ૧૦૦ ટકા જોવા મળી હતી. બંનેનો ઈમિગ્રેશન દર ૧૯૩ અને ૧૭૮ પ્રતિ ૧૦ હજારનો જોવા મળ્યો, જે આમ જોવા જઈએ તો ટોરોન્ટોની સરખામણીમાં વધુ છે. બાકીના ૧૨ નાના શહેરી વિસ્તારોમાં પણ ઈમિગ્રેશન દર વધુ જોવા મળ્યો હતો. જેમાં હેલીફેકસ, ચાર્લોટેટાઉન, ફ્રેડરીકશન, મોન્કટોન, સ્વીફ્ટ કરન્ટ, વિન્કલર, સ્ટેઈનબેચ, બ્રાન્ડોન, થોમ્પસન, બ્રુકસ, હાઈ રીવર અને વુડ બફેલોનો સમાવેશ થાય છે. આ નાના શહેરોમાં ઈમિગ્રન્ટસના આગમનમાં મોટો ફાળો અહીંના સ્થાનિકોની વયવૃધ્ધિ છે. જેને કારણે વર્કફોર્સમાં ઘટાડો થઈ રહ્યો છે. વળી, આ શહેરોમાં વસતીમાં થઈ રહેલો ઘટાડો પણ કારણરૂપ છે.

# કોવિડના ત્રીજા તબક્કાથી સાવચેત રહેવા ડગ ફોર્ડની ઓન્ટેરિયોવાસીઓને ચેતવણી

- **નિયમોના પાલનમાં ઢીલાશ રખાશો તો સ્થિતિ વધુ વકરવાની સંભાવના**

ટોરોન્ટો : ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે ઓન્ટેરિયોમાં કોવિડ-૧૯ના ત્રીજા તબક્કાની જાહેરાત સાથે જ ઓન્ટેરિયોવાસીઓને સાવચેત રહેવા જણાવ્યું હતુ અને ચેતવણી આપી હતી કે, આ સ્થિતમાં બધાએ સાવચેતી રાખવી જરૂરી છે. મંગળવારે સવારે ઓન્ટેરિયો કોવિડ-૧૯ સાયન્સ એડવાઈઝરી ટેબલે એવી સલાહ આપી હતી કે, પ્રાંતના જે વિસ્તારોમાં ફેલાવો વધી રહ્યો છે ત્યાં હવે ત્રીજો તબક્કો શરૂ થઈ ચુકયો છે. જોવા મળતા આંકડાઓ મુજબ માર્ચની ૧૫મી તારીખ સુધીમાં કુલ નોંધાયેલા ૧૪૮૯ કેસો પૈકી ૭૩૩ કેસ તાજેતરમાં નોંધાયા હતા. ઓન્ટેરિયોમાં ત્રીજા તબક્કા અંગે ફોર્ડે જણાવ્યું કે, તેમને સાયન્સ ટેબલે આ અંગે જાણ કરી છે, જેને માનવી પડે એમ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ ચીફ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. ડેવિડ વિલીયમ્સને મળીને આ અંગે ચર્ચા કરી સ્થિતિને સુધારવાનો પ્રયાસ કરનાર છે. છતાં લોકોએ ત્રીજા તબક્કા સામે વધુ સાવચેત રહેવું પડશે. નિયમોના પાલનમાં ઢીલાશ નહીં ચાલે. જો એમ થશે તો સ્થિતિ વધુ વકરશે. આપણે સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરવું પડશે અને માસ્ક પહેરવા પડશે. સોમવારે ઓન્ટેરિયો હોસ્પિટલ એસોસિયેશને પહેલીવાર જાહેરાત કરી હતી કે, હવે પ્રાંત ત્રીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે. જો લોકો સાવચેત નહીં રહે તો હોસ્પિટલોની તંગી સર્જાઈ શકે છે.

ડો. વિલીયમ્સે એમ પણ કહ્યું હતું કે, હાલમાં તો ઓન્ટેરિયો સમય સાથે રેસમાં હોય એવી સ્થિતિ છે.

# બિનજરૂરી આંતરરાષ્ટ્રીય પ્રવાસ અંગેનો નિયમ હવે આખા વર્ષ માટે અમલી થશે

- **કોરોનાના કેસ વધુ હોય તેવા વિસ્તારોમાં સ્ટે એટ હોમના આદેશનું પાલન કરવા તાકીદ**

ટોરોન્ટો : હજુ ઘણાં સમય સુધી ઘરથી દૂર રહેનારાઓએ પાછા ફરવા માટે રાહ જોવી પડે એવી સ્થિતિ સર્જાઈ રહી છે. ગયા વર્ષે કોવિડ-૧૯ મહામારીના પ્રસાર બાદ કેનેડાએ આંતરરાષ્ટ્રીય પ્રવાસ ટાળવા જે સુચના જાહેર કરી હતી, તે મુજબ બિનજરૂરી આંતરરાષ્ટ્રીય પ્રવાસ ટાળવા વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ નાગરીકોને અપીલ કરી હતી. ગત વર્ષે ૧૩મી માર્ચે યોજાયેલી પત્રકાર પરિષદમાં ટ્રુડોએ આ અપીલ કરી હતી. હવે આજે પણ સ્થિત

એવી છે કે, બિનજરૂરી વિદેશ પ્રવાસ પરના પ્રતિબંધને વધુ એક વર્ષ માટે લંબાવવો પડે એમ છે. કેનેડાના નાગરિકોને વડાપ્રધાન સતત બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા વિનંતી સરકાર દ્વારા થઈ રહી છે.

અને કેનેડામાં પણ અન્ય સ્થળોએ વેકેશન ગાળવાના આયોજનો નહીં કરવા પણ વિનંતી કરે છે.

કોવિડ-૧૯ની મહામારી શરૂ થઈ ત્યારથી જયાં જયાં સ્ટે એટ હોમનો આદેશ હતો જે હજુ પણ અમલમાં રહેશે એવી સ્થિત જોવા મળી રહી છે.









# ભારતમાં કોરોનાનો ફૂંફાડો, પ્રજા કરતા રાજકારણીઓ વધુ જવાબદાર

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

છેલ્લા કેટલાક દિવસથી ભારતમાં કોરોનાના કેસમાં ભારે ઉછાળો વર્તાયો છે. વાયરસના સંક્રમણના રોજીંદા આંકડા ૨૨થી ૨૫ હજારને આંબી ગયા છે. અનેક રાજ્યોમાં કોરોના સંક્રમણના કેસોમાં અચાનક આવેલા વધારાથી ચિંતાનો માહોલ ઉભો થયો છે. ગત મહિનાથી દેશમાં કોરોનાએ વિદાય લઈ લીધી છે એવું સૌએ માની લીધું હતુ. ત્યાં જ કોરોનાએ પાછો ઉથલો માર્યો છે. કોરોનાના કેસોની સંખ્યા ઘટીને દસ હજારની અંદર થઈ હતી. જે હવે ૨૦ હજારથી વધુ નોંધાઈ રહી છે. આ કેસોમાંથી ૮૫ ટકા કેસ તો દેશનાં છ રાજ્યોમાં જ નોંધાઈ રહ્યા છે. કેરળ, પંજાબ, કર્ણાટક અને તમિલનાડુમાં પણ કોરોનાના કેસોમાં બેફામ વધારો થઈ રહ્યો છે. નવા કેસોમાં પચાસ ટકા જેટલા કેસો એકલા મહારાષ્ટ્રમાં જ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રનું આરોગ્ય મંત્રાલય દેશમાં કોરોનાના નવા કેટલા કેસો નોંધાય છે તેના પર નજર રાખે છે અને દર અઠવાડિયે ક્યાં રાજ્યમાં સ્થિતિ સુધરી અને ક્યાં રાજ્યમાં બગડી તેની સરખામણી સાથેનો ડેટા બહાર પાડે છે. આ ડેટા પ્રમાણે મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, મધ્ય પ્રદેશ, દિલ્હી, હરિયાણા, કર્ણાટક એ સાત રાજ્યોમાં વીક-ઓન-વીક બેઝિસ એટલે કે દર અઠવાડિયે નોંધાતા કોરોનાના કેસોમાં છેલ્લાં ચાર અઠવાડિયાં એટલે કે એક મહિનાથી સળંગ વધારો થઈ રહ્યો છે. આ સિવાય બંગાળ, છત્તીસગઢ અને જમ્મુ તથા કાશ્મીરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. તેથી આ બધાં રાજ્યોમાં કેન્દ્ર સરકારે તાબડતોબ ત્રણ-ત્રણ એક્સપર્ટ્સની ટીમો મોકલી છે. વાસ્તવમાં તો ઘોડા છૂટી ગયા પછી તબેલાંને તાળાં મારવા જેવી આ વાત છે. મહારાષ્ટ્ર અને કેરળમાં સ્થિતિ વધારે ચિંતાજનક છે. ઉપરાંત ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ, છત્તીસગઢ અને જમ્મુ-કાશ્મીરમાં કોરોના સંક્રમણના વધી રહેલા કેસો સંકેત આપી રહ્યાં છે કે, જો આપણે સમયસર ન ચેત્યા તો દેશ ફરી વખત કોરોનાના સંકટમાં ફસાઈ શકે છે.

લાંબા સમયથી કોરોનાના ખતરાને લઈને લોકો બેફિકર બની ગયા છે અને માસ્ક લગાવવાથી લઈને સલામત અંતર જાળવવા જેવા પાયાના ઉપાયોનું પાલન કરતા નથી. દેશના ઘણાં ખરાં રાજ્યોમાં આવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતમાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂરી થયા બાદ કોરોનાના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. પશ્ચિમ બંગાળ, તામિલનાડુ અને કેરળમાં પણ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આ ચૂંટણી સભાઓમાં કોરોનાના પ્રોટોકોલનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. જાણકારોના મતે કોરોના વાઈરસના બદલાયેલા સ્વરૂપના કારણે કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. વિશ્વમાં હાલ બ્રિટન અને દક્ષિણ આફ્રિકા જેવા દેશોના કોરોના વાઈરસના વેરિયન્ટ નવેસરથી તરખાટ મચાવી રહ્યાં છે. ભારતમાં પણ આ નવી સ્ટ્રેનનું સંક્રમણ વધવાનો ખતરો છે. બ્રિટનનો નવો વાઈરસ કોરોનાના મૂળ વાઈરસ કરતા ૭૦ ટકા વધારે ઝડપથી ફેલાય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોના વાઈરસના આ નવા સ્વરૂપમાં ઓછામાં ઓછા ૧૭ મહત્ત્વપૂર્ણ ફેરફાર થયા છે.

સૌથી મહત્ત્વનો ફેરફાર સ્પાઈક પ્રોટીનમાં થયો છે. આ એ પ્રોટીન છે જેનો ઉપયોગ કરીને વાઈરસ આપણા શરીરના કોષોમાં પ્રવેશવા માટે કરે છે. જાણકારોના મતે વાઈરસનું મ્યુટેશન થવું સામાન્ય બાબત છે. અને કાયમ એવું બનતું પણ નથી કે બદલાયેલો વાઈરસ વધારે ખતરનાક હોય. પરંતુ કોરોના વાઈરસનો આ નવો પ્રકાર વધારે ઝડપથી ફેલાતો હોવાથી તેના પર નજર રાખવી જરૂરી છે. આમ છતાં ભારતમાં છેલ્લાં બે ત્રણ મહિનાથી ખુદ સરકાર જ લાપરવાહ બની હતી. આખરે કોરોનાના કેસમાં ફરી રાફડો ફાટી નીકળ્યો છે. હવે આરોગ્ય મંત્રાલય અને સરકાર દેશને ફરી સલાહ આપવા માંડ્યા છે. આ સલાહોમાં કોરોનાનો ચેપ ના ફેલાય એ માટે લોકોનાં ટોળાં ભેગાં ના થવા દેવાં એ સલાહ મુખ્ય છે. આ સિવાય કોરોના માટે અસરકારક ટેસ્ટિંગ કરવું, કોરોનાના કેસોનું ટ્રેકિંગ કરવું, કોરોના થયો હોય તેમને તાત્કાલિક આઈસોલેશનમાં મોકલી દેવા, ચેપ લાગ્યો હોય એ બીજાના સંપર્કમાં ના આવે એટલે ઝડપી ક્વોરેન્ટાઈન કરવું વગેરે સલાહો પણ અપાઈ છે. કોરોનાનો પહેલો કેસ નોંધાયો તે પછીના એક વરસમાં આ સલાહો અનેકવાર અપાઈ ચુકી છે.

મોદી અને સરકારના બીજા પ્રધાનો રાજ્યોના મુખ્યમંત્રીઓથી માંડીને નીચલા લેવલના નેતાઓ સુધીના બધા પણ રોજ સવાર પડે ને આ જ્ઞાન પિરસે છે. જો કે આ લોકો ખુદ પોતે નિયમોનું પાલન કરતા નથી. કોરોનાના કેસોમાં અચાનક આવેલા ઉછાળા માટે પ્રજા જવાબદાર છે જ પણ તેના કરતાં વધારે જવાબદાર રાજકારણીઓ છે.

અત્યારે જે પણ રાજ્યોમાં કોરોનાનો ખતરો વધ્યો છે એ રાજ્યોમાં છેલ્લા ત્રણ-ચાર મહિનામાં ક્યાંકને ક્યાંક ચૂંટણી આવી જ છે. બિહારથી તેની શરૂઆત થઈ અને હમણાં ગુજરાતમાં ચૂંટણીઓ પતી ત્યાં હવે પાંચ રાજ્યોમાં એ જ ધમાધમી ચાલુ છે. મહારાષ્ટ્રમાં પણ વચ્ચે સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી ગઈ અને ગુજરાતમાં તો છેલ્લા ચાર મહિનાથી રાજકીય ઉત્સવનો માહોલ છે. ગુજરાતમાં વિધાનસભાની પેટાચૂંટણી જાહેર થઈ તે પછીથી શરૂ થયેલા મેળાવડા હજૂ સુધી ચાલી રહ્યા છે. આઠ બેઠકોની પેટાચૂંટણી અને પછી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે યોજાયેલી ચૂંટણીમાં કોરોનાની ગાઈડલાઈનના રિતસર ધજાગરા ઉડાવાયા છે.

આજે પણ બંગાળ, તમિલનાડુ, કેરળ અને આસામ જેવા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. આ રાજયોમાં રાજકીય પક્ષોની જંગી રેલીઓ થાય છે. લાખોની ભીડ ઉમટે છે અને રાજકારણીઓ શક્તિપ્રદર્શન કરવામાં કોઈ કસર છોડતા નથી. હજુ બે મહિના સુધી આ ખેલ ચાલવાનો છે. ખુદ મોદી પણ પ્રચાર સભાઓ કે રેલીઓ કરવામાં પાછળ નથી. તેથી હવે બાકીના રાજ્યોમાં કોરોના વકરે તેવી પુરેપુરી સંભાવના છે. જે દસ રાજ્યોમાં કોરોનાનો ખતરો વધી રહ્યો છે તેમાં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ એ ત્રણ રાજ્યો છે જ એ જોતાં બે મહિના પછી આ રાજ્યોમાં કોરોના વિસ્ફોટ થશે એ નક્કી જ છે. કમનસીબે આ સ્થિતિ બદલી શકાય એમ નથી. કેમ કે બધા રાજકારણીઓને સત્તામાં રસ છે, લોકોનું શું થાય છે તેની તેમને પડી જ નથી. અઠવાડિયામાં ચાર વાર મોદી લોકોને દો ગજ કી દૂરી રાખવાની સલાહ આપીને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા સલાહ આપે છે. પણ પોતાના પક્ષના કાર્યકરોને ઘરોમાં ભરાઈને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું કહેતા નથી. મોદી પહેલાં લોકોને ભીડ એકઠી નહીં કરવા સલાહ આપ્યા કરતા પણ સત્તાની વાત આવી કે, સરકારે ગુલાંટ લગાવીને ગાઈડલાઈન સુધારીને રાજકીય પક્ષોને સભાઓ અને રેલીઓની મંજૂરી આપી દીધી હતી. પહેલાં સભા કે રેલીમાં સો કરતાં માણસોને હાજર રાખવા સામે મનાઈ હતી પણ બિહાર વિધાનસભા તથા બીજા રાજ્યોની વિધાનસભાની પેટાચૂંટણી આવી એટલે બધું બદલાઈ ગયું. ગુરુવારે ભારતમાં કોરોનાના ૩૫૮૭૧ કેસ નોંધાવા સાથે ૧૭૨ના મોત થયા હતા. માર્ચના આ ત્રીજા સપ્તાહમાં કોરોનાના સરેરાશ રોજિંદા કેસનો આંકડો ૨૦ હજાર કરતા પણ વધુ નોંધાયો છે. આવા સમયે સરકાર કે રાજ્યકીય પક્ષો ગંભીર નહીં બનશે તો ભારતમાં કોરોનાની સ્થિતિ વણસી જશે તેમાં બેમત નથી.

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

| Limited થાળી | Limited થાળી |
|---|---|
| (with sweet & Farsan) | (without sweet & Farsan) |
| $8.00 +Tax | $6.50 +Tax |

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine Special Package

$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# દાનહમાં દુષ્કર્મ કરી બાળકીની હત્યાથી આઘાતમાં સરી પડેલા પિતાનો આપઘાત

સુરત : દાનહમાં નરોલી ખાતે માસૂમ બાળકી સાથે દુષ્કર્મ અને બાદમાં તેની હત્યા કરાતા ભારે ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાથી આહત પામેલા પિતાએ પણ એસિડ ગટગટાવી લઈને આપઘાત કરી લીધો હતો. એક જ પરિવારમાં બનેલી આ બે દુખદ ઘટનાથી સમગ્ર પ્રદેશમાં ભારે અરેરાટી ફેલાવા સાથે ચકચાર મચી ગઈ હતી. પિતા અને પુત્રીની અંતિમયાત્રા સાથે નીકળતા નરોલી આખુ શોકમગ્ન થઈ ગયું હતુ.

શુક્રવારે સાંજે નરોલીની આશાપુરા સોસાયટીમાં રહેતો સંતોષ બીટ્ટુ રજત (ઉં.વ.૩૦)એ તેના ઘર નજીક રહેતી ૪ વર્ષની માસૂમ બાળકીને પોતાના રૂમમાં ખેંચી લઈ જઈ તેની સાથે દુષ્કર્મ કર્યુ હતુ. જે બાદ આ બાળકીનો અવાજ કોઈ સાંભળે નહીં તે માટે ઘરના દરવાજાને બંધ કરી દીધો હતો.

દરમિયાન બાળકી તેના હાથમાંથી જમીન પર પટકાતા બેહોશ થઈ ગઈ હતી. ત્યારબાદ તેણે બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. આટલું ઓછુ હોય તેમ સંતોષે હથિયાર વડે બાળકીનું ગળું કાપી નાંખ્યું હતું. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા સંતોષે બાળકીને એક થેલામાં ભરી રૂમમાં છુપાવી દીધી હતી. જો કે, માસૂમ બાળકીની શોધખોળ દરમિયાન પોલીસે આરોપીને ઝડપી પાડી માસૂમ બાળકીની લાશને પણ શોધી કાઢી હતી. આ ઘટનાથી સમગ્ર દાનહમાં ચકચાર મચી ગઈ હતી. જયારે બાળકીના પિતા આ ઘટનાથી હતપ્રભ થઈ ગયા હતા.

બાળકીની લાશને પીએમ માટે લઈ જવાઈ રહી હતી એ સમયે શોકાતૂર પિતાએ રસ્તામાં દુકાન બહાર મૂકેલું એસિડ પી ગટગટાવી લીધું હતુ. તેથી તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં તેમણે શનિવારે વહેલી સવારે દમ તોડ્યો હતો. શનિવારે સાંજે ૪ વાગ્યે જ્યારે પિતા અને પુત્રીનો મૃતદેહ સોસાયટીમાં લવાયો હતો. આ સમયે ઉપસ્થિત લોકોની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી હતી.

# વલસાડનાં અનાવિલ બ્રાહ્મણ પ્રૌઢનાં અંગદાનથી ચાર જિંદગી નવપલ્લવિત

વલસાડ : વલસાડ પારડીનાં અનાવિલ બ્રાહ્મણ સમાજના બ્રેઈનડેડ જાહેર થયેલા પ્રોઢનાં કિડની, લિવર અને ચક્ષુઓના અંગદાનથી ચાર વ્યકિતને નવજીવન મળ્યુ છે.

વલસાડપારડીમાં ભૂત ફળિયામાં રહેતા રાજનભાઈ ધીરુભાઈ દેસાઈ (ઉ.વ. ૫૭)વલસાડમાં આવેલા નાઈટ્રેક્ષ કંપનીમાં ક્વોલીટી કંટ્રોલ વિભાગમાં ફરજ બજાવતા હતા.ગત તા. ૧૧ માર્ચના રોજ સવારે ઘરમાં ટી.વી જોતા હતા ત્યારે અચાનક તેઓ બેભાન થઈ જતા વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં લઇ જવાતા પ્રાથમિક સારવાર બાદ સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં બ્રેઈને હેમરેજનું નિદાન થયા બાદ ૧૩ માર્ચે બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. આ અંગે ડોનેટ લાઈફને જાણ થતા તેમના પત્ની શીતલબેન અને પુત્રી વિધિને અંગદાનનું મહત્વ અને પ્રક્રિયા સમજાવતા તેઓ રાજનભાઈના અંગદાન માટે સંમત થયા હતા. શીતલબેને જણાવ્યુ કે મારી દીકરી વિધિની ૨૦૧૮માં કિડની ખરાબ હોવાથી ડાયાલીસીસ ઉપર હતી ત્યારે ડાયાલીસીસની પીડા મેં જોઈ હતી તેથી મેં મારી દીકરીને એક કિડની દાનમાં આપી હતી અને તેનું ટ્રાન્સપ્લાન્ટ થયું હતું. આજે જયારે મારા પતિ બ્રેઈનડેડ છે ત્યારે તેમના અંગોના દાન થકી મારી દીકરીની જેમ કોઈપણ ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન કરવુ જોઈએ.

# સુરત જિ. પંચાયતના ૨૮માં પ્રમુખ તરીકે ભાવેશ પટેલે વિધિવત ચાર્જ સંભાળ્યો

સુરત : સુરત જિલ્લા પંચાયતના ૨૮ માં પ્રમુખ તરીકે ભાવેશ પટેલે અને ઉપપ્રમુખ તરીકે ગીતાબેન પટેલે આજે વિધિવત ચાર્જ સંભાળી લઈને બજેટ માટે આગામી ૨૫ મી માર્ચે સામાન્ય સભા પણ રાખી લેવાઈ છે. સુરત જિલ્લા ભાજપ સંગઠન દ્વારા સુરત જિલ્લા પંચાયત ના પ્રમુખ માટે ભાવેશ પટેલે અને ઉપપ્રમુખ તરીકે ગીતાબેન પટેલ કારોબારી અધ્યક્ષ માટે રાજેન્દ્ર વસાવા, શાસક પક્ષ ના નેતા તરીકે રાકેશ પટેલ ની નિમણુક કર્યા બાદ આજે સુરત જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ અધ્યક્ષ સ્થાને મળેલી બેઠક માં પ્રમુખ , ઉપપ્રમુખ ની વરણી કરાઈ હતી. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપ પ્રમુખ સંદીપ દેસાઈ,સહિત અન્ય રાજકીય નેતા ઓ હાજર રહ્યા હતા. આ વરણી કરાયા બાદ પ્રમુખ તરીકે કામો શરૂ કરી દેતા આગામી ૨૫ મી માર્ચે સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

# તક્ષશિલા કેસઃ ૧૪ સામે ચાર્જફ્રેમની કાર્યવાહી ૧ એપ્રિલ સુધી મુલતવી

સુરત : સરથાણાના તક્ષશિલા આર્કેડ આગ હોનારત કાંડમાં હોમાયેલા ૨૨ માસુમ વિદ્યાર્થીઓના મોત બદલ સાપરાધ મનુષ્ય વધના ગુનાઈત કારસા બદલ જેલવાસ ભોગવતા પાંચ બિલ્ડર્સ તથા ટયુશન ક્લાસીસ અને ૯ જેટલા શરતી જામીન મુક્ત આરોપી અધિકારીઓની વિરુધ્ધ આજે ચાર્જફ્રેમની કેસ કાર્યવાહીની મુદત વધુ એકવાર લંબાઈ છે.આ કેસના જામીન મુક્ત આરોપી સુરત મહાનગર પાલિકાના આરોપી અધિકારી પરાગ મુન્સી તથા હેમાંશું ગજ્જર અનિવાર્ય સંજોગોના કારણે કોર્ટ સમક્ષ હાજર રહી શક્યા નહોતા. જ્યારે સુરત મહાનગર પાલિકાના આરોપી ઈજનેર અતુલ ગોરસાવાલાની ડીસ્ચાર્જ અરજી નકારતા સુરત સેશન્સ કોર્ટના હુકમથી નારાજ થઈને તેની કાયદેસરતાને પડકારતી અપીલ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. જેથી આરોપીની ડીસ્ચાર્જ અરજીની અપીલને બોર્ડ પર લેવા તથા તાકીદે તેનો નિકાલ કરવા સરકારપક્ષે હાઈકોર્ટમાં માંગ કરી છે. સુરત સેશન્સ કોર્ટ સમક્ષ જામીન મુક્ત આરોપીઓ કીર્તિ મોડ, ઈજનેર દિપક નાયક,જયેશ સોલંકી, વિનુ પરમાર,બિલ્ડર જીગ્નલ પાઘડાળ વગેરે હાજર રહ્યા હતા. જેથી કોર્ટે આગામી તા.૧ લી એપ્રિલના રોજ તમામ આરોપીઓને કોર્ટ સમક્ષ ચાર્જફ્રેમની કાર્યવાહી માટે અચુક હાજર રહેવા તાકીદ કરી વધુ સુનાવણી મુલત્વી રાખી છે.

# અપહરણ, ખંડણી, લૂંટના ગુનામાં સંડોવાયેલો સજ્જુ કોઠારી મુંબઈથી ઝડપાયો

સુરત : માથાભારે અને પોલીસ પર હુમલા કેસમાં સંડોવાયેલા તથા ગુજસીટોક હેઠળ ગુનો નોંધાતા ભાગતા ફરતા સજ્જુ કોઠારીને ગુજરાત એટીએસે મુંબઈમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

ગુજરાત એટીએસને મળેલી બાતમીના આધારે મુંબઈના દહીંસર વિસ્તારમાં દરોડા પાડી સાજીદ ઉર્ફે સજુ ગુલામ મોહમદ કોઠારી (રહે. જમરૂખ ગલી, નાનપુરા, સુરત) ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ઉલ્લેખનીય છે કે સાજીદ ઉર્ફે સજ્જુ ગુલામ મોહમદ કોઠારી સામે વ્યકિતગત તથા ગેંગ બનાવી શહેરમાં વિવિધ વિસ્તારમાં લૂંટ, ખંડણી, સરકારી કર્મચારી ઉપર હુમલો, મારામારી, રાયોટીંગ, જાનથી મારી નાખવાની ધમકી, આર્મસ એકટ તથા જાહેર સુલેહ શાંતિ વિરુધ્ધના અનેક ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે.



# રાજ્યમાં કોરોનાના વધુ ૧૨૭૬ કેસ નોંધાયા : ૩ મોત

ગાંધીનગર : રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે ગુરુવારે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૨૭૬ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૮૯૯દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે અમદાવાદમાં ૨ અને સુરતમાં ૧ એમ કુલ ત્રણ વ્યક્તિના મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૮૨,૪૪૯ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૨,૩૩૨ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૩૩ પર પહોંચ્યો છે. રાજ્યમાં તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ રસીકરણ દ્વારા વધુમાં વધુ લાભાર્થીઓને સમય-મર્યાદામાં આવરી લેવાય તે હેતુસર તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ વેક્સીનેશન માટે ગાઈડ લાઈન મુજબ વધુમાં વધુ સેશનનું આયોજન કરવામાં આવશે. કોવિડ વેક્સીનેશન સેન્ટર ખાતે રાત્રિના ૯.૩૦ વાગ્યા સુધી કોવિડ રસીકરણ કરવામાં આવશે. અત્યાર સુધીમાં કુલ ૨૪,૧૩,૩૫૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૬૭,૬૭૧ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે.

ગુરુવારે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૩૭,૦૫૦ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૧૨૭૬ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૮૯૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

## ૮ મહાનગરોમાં શાળા અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવા હુકમ

રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસના કારણે રાજ્ય સરકાર વિવિધ પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યા છે. રાત્રિ કર્ફ્યુ અને સુરત અમદાવાદમાં બસો બંધ કર્યા બાદ ગુરુવારે રાજ્ય સરકારે શિક્ષણને લઇને મહત્વનો નિર્ણય કર્યો છે. કોરોનાના વધતા ફેલાવા વચ્ચે આજથી પરીક્ષાઓ શરુ થઇ હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ અસમંજસમાં હતા. ત્યારે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જાહેરાત કરી છે કે આવતીકાલથી રાજ્યના આઠ મહાનગરોમાં શાળા કોલેજોમાં ઓફલાઇન શિક્ષણ બંધ કરવામાં આવશે. હવે આ આઠેય મહાનગરોની શાળા કોલેજોના વિદ્યાર્થીઓને ઓનલાઇન ભણાવવામાં આવશે. આઠ મહાનગરો સિવાયના રાજ્યના અન્ય જિલ્લાઓ અને વિસ્તારોની અંદર ઓનલાઇન અને ઓફલાઇન શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરુ રહેશે.

## ચાર મનપામાં કરફ્યૂ : ૯ વાગ્યા પછી એસટી બસો શહેરમાં પ્રવેશ નહીં કરે

ગાંધીનગર : રાજ્યમાં ચૂંટણીઓમાં નેતાઓએ કરેલાં રાજકીય તાયફાઓને કારણે કોરોનાનું સંક્રમણ વધી ગયું છે. જેના કારણે હવે પ્રજા પર સરકારે પ્રતિબંધો લગાવતાં રાજ્યના ચાર મહાનગરોમાં રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી નાઈટ કરફ્યૂની જાહેરાત કરી છે. જેને પગલે હવે એસટી વિભાગ દ્વારા પણ નિર્ણય કરવામાં આવ્યો છે કે નાઈટ કરફ્યૂના સમયે એસટી બસો ચાર શહેરોમાં પ્રવેશ કરશે નહીં. રાજ્યમાં ચૂંટણી બાદ દિવાળીવાળી થઈ હતી. જેમ દિવાળી બાદ કોરોના કેસોમાં વધારો થતાં પ્રતિબંધો લગાવવામાં આવ્યા હતા તે જ રીતે ચૂંટણીઓ બાદ કોરોનાનાં કેસો વધતાં ફરીથી ચાર શહેરોમાં સરકારે પ્રતિબંધો લગાવી દીધા છે. અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં સરકારે ૧૭ માર્ચથી રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી નાઈટ કરફ્યૂની જાહેરાત કરી છે.

હવે નાઈટ કરફ્યૂની જાહેરાત થતાં જ રાજ્યના જી વિભાગ દ્વારા પણ નિર્ણય કરવામાં આવ્યો છે કે કરફ્યૂના સમયગાળામાં એસટી બસો શહેરમાં પ્રવેશ કરશે નહીં. એસટી વિભાગ પણ સરકારના આદેશનું પાલન કરશે. અને ૧૦ વાગ્યા બાદ ચાર શહેરોમાં બસ પ્રવેશ કરશે નહીં. અને રાત્રે ૧૦ વાગ્યા બાદ રિંગરોડ પરથી જ એસટી બસો ઓપરેટ થશે. આમ આ ચાર શહેરોના લોકોને રાત્રિના સમયે એસટી બસનો ઉપયોગ કરવો હશે કે શહેરની બહાર જવું પડશે.

## વડાપ્રધાનની તાકીદ પછી ગુજરાત સરકાર કોરોના ટેસ્ટિંગ-વેક્સિનેશન વધારશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બુધવારે કોરોનાના વધતા જતા સંક્રમણના સંદર્ભમાં વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વડા પ્રધાન મોદી દ્વારા યોજાયેલી વીડિયો કોન્ફરન્સ બેઠકમાં ગુજરાતમાં ટેસ્ટિંગ તથા રસીકરણ વધારવાની ખાતરી ઉચ્ચારી હોવાનું જાણવા મળ્યું છે. હમણાં કોરોનાના બીજા રાઉન્ડમાં કેસોની સંખ્યા વધી એ પહેલાં રાજ્ય સરકાર રોજ સરેરાશ ૨૫થી ૨૮ હજાર જેટલા ટેસ્ટિંગ કરતી હતી, તે હવે કેસો વધ્યા બાદ દૈનિક ડબલ કરી દેવાયાં છે. ૧૬મી માર્ચે ૫૧,૮૨૬ ટેસ્ટ કરાયા હતા અને હજી ટેસ્ટિંગ વધારવામાં આવશે, એમ ઉલ્લેખી સૂત્રોએ અત્યારે ૧૫ હજાર જેટલા આરટી-પીસીઆર અને બાકીના એન્ટિજન ટેસ્ટિંગ થઈ રહ્યા હોવાનો પણ દાવો કર્યો હતો.






## ગુજરાતમાં ફરી લોકડાઉનની શક્યતા મુખ્યમંત્રીએ નકારી

ગાંધીનગર : ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં રુપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં લોકડાઉન નહીં આવે. તેમણે એ પણ કહ્યું હતું કે સ્કૂલ અને કોલેજો ચાલુ રાખવા કે કેમ તે અંગે ગુરુવારે મળનારી બેઠકમાં નિર્ણય લેવાશે. હોળીની ઉજવણી થવા દેવી કે કેમ તે અંગે પણ સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું. રુપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦માં ગુજરાતે કોરોના સામે મોટો જંગ ખેલ્યો હતો. જોકે, ફેબ્રુઆરીમાં સમગ્ર દેશની સાથે રાજ્યમાં પણ કેસોમાં મોટો ઘટાડો થતાં લોકો એક પ્રકારે બેફિકર થઈ ગયા હતા અને કોરોનાને હળવાશથી લેવા લાગ્યા હતા. સરકારે ફરી કોરોના હોસ્પિટલોને કાર્યરત કરવાની તૈયારી કરી છે.

## રસીકરણ ૨૫ લાખને પાર : દેશમાં ત્રીજા સ્થાને પહોંચ્યું ગુજરાત

અમદાવાદ : ગુજરાતમાં કોરોના વિરોધી રસી લેનારાનો આંક હવે ૨૫ લાખને પાર થઇ ગયો છે. અત્યાર સુધી કુલ ૨૦,૬૯,૯૧૮ને પ્રથમ ડોઝનું જ્યારે ૫,૧૫,૮૪૨ વ્યક્તિઓને બીજા ડોઝનું એમ ૨૫.૮૫ લાખનું કોરોના રસીકરણ થઇ ચૂક્યું છે. ગુજરાતમાં બુધવારે સિનીયર સિટીઝન તેમજ ૪૫થી વધુ વયે ગંભીર બિમારી ધરાવતા કુલ ૮૯,૧૩૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય બુધવારે ૧૮,૧૮૫ને કોરોના રસી આપવામાં આવી હતી. ગુજરાતમાં હાલ ૧૦ લાખની વસતીએ સરેરાશ ૩૬૮૦૦ વ્યક્તિ કોરોના રસી લઇ ચૂક્યા છે. રસીકરણમાં દેશમાં રાજસ્થાન ૨૯ લાખ સાથે મોખરે, મહારાષ્ટ્ર ૨૮.૩૦ લાખ સાથે બીજા, ગુજરાત ત્રીજા ક્રમાંકે રહ્યું છે.

## ૪ મહાનગરોમાં સચિવોની નિમણૂંક

ગાંધીનગર : કોરોનાના કેસ વધતાં રાજ્ય સરકાર એક્શનમાં આવી ગઈ છે. ૪ મહાનગરોમાં સચિવોને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. અમદાવાદ મનપાની જવાબદારી રાજીવ ગુપ્તાને, વડોદરાની જવાબદારી વિનોદ રાવ અને મીલિંદ તોરવણે, રાજકોટની જવાબદારી રાહુલ ગુપ્તાને સોંપવામાં આવી છે. સુરતની જવાબદારી એન થેન્નારરસનને સોંપાઈ છે. સરકારે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સની અમલવારી પણ કરાવાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની વર્તમાન પરિસ્થિતિ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાજ્યોના મુખ્ય મંત્રીઓની યોજેલી વીડિયો કોન્ફરન્સમાં આપેલા દિશા નિર્દેશનો અંગેની વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા લંબાણપૂર્વક હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં વધુ મહત્વપૂર્ણ નિર્ણયો લઈને રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણ માટેના ઉપાયો સઘન બનાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી. મહત્વના નિર્ણયો અનુસાર રાજ્યમાં કોરોના ટેસ્ટીંગની સંખ્યા વધારવા તેમજ કોન્ટેક ટ્રેસિંગ ઉપર વિશેષ ધ્યાન આપવા સૂચના આપવામાં આવી છે.


સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરાની વિજય વલ્લભ હોસ્પિટલમાં આગ ૧૭ કોવિડ પેશન્ટો સહિત ૨૩નું રેસ્ક્યુ કરાયું

વડોદરાઃ શહેરના માંડવી વિસ્તારમાં આવેલી વિજય વલ્લભ હોસ્પિટલમાં ગુરુવારે મોડી રાતે લાગેલી આગના કારણએ ભારે અફરાતફરી સર્જાઇ હતી. ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કરી કોવિડના પેશન્ટો સહિત ૨૩ પેશન્ટો સહિત ૩૦ જણાને બચાવી લીધા હતા.

માંડવી પાણીગેટ વચ્ચે આવેલી ટ્રસ્ટ સંચાલિત શ્રી વિજય વલ્લભ સાર્વજનિક હોસ્પિટલના પહેલા માળે ઓપીડી અને ઓફિસ આવેલી છે.જ્યારે તેની ઉપર બીજા માળે જનરલ પેશન્ટોને દાખલ કરવામાં આવે છે.ત્રીજો માળ કોવિડ પેશન્ટો માટે છે અને ચોથા માળે



આઇસીયુ આવેલું છે.

ગુરુવારે રાતે પોણા નવ વાગ્યાના અરસામાં પહેલા માળે આવેલી ઓફિસમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગતાં અફરાતફરી સર્જાઇ હતી. હોસ્પિટલના સ્ટાફે દર્દીઓને બચાવવા માટે દોડધામ શરૂ કરી હતી.જ્યારે બીજા સ્ટાફે આગ બૂઝાવવા તેમજ ફાયર બ્રિગેડને જાણ કરવાની તજવીજ કરી હતી.

વડોદરા ફાયર બ્રિગેડના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે મેજર કોલ જાહેર કરતાં તમામ સ્ટેશન ઓફિસરો કાફલા સાથે દોડી આવ્યા હતા.પોલીસનો પણ મોટો કાફલો ખડકાઇ ગયો હતો.જ્યારે સ્વયંસેવકો પણ મદદ માટે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લેવાની સાથે સાથે પેશન્ટોને સીડી વાટે રેસ્ક્યુ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# ગૃહમાતાનો આપઘાત કેસઃ શરીર સંબંધ બાંધવા પોલીસકર્મી દબાણ કરતો હતો

ખેડબ્રહ્મા : ખેડબ્રહ્માના મેત્રાલ ખાતે આવેલી આરડેકતા કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં છેલ્લાં ત્રણ વર્ષથી ગૃહમાતા તરીકે નોકરી કરતાં ખેરોજના ૪૫ વર્ષીય સુરતાબેન મકવાણાનાં લગ્ન બનાસકાંઠાના દાંતા તાલુકાના જામરૂ ગામના અશ્વિન સાયબાભાઈ તરાલ સાથે થયાં હતાં. જેઓને બે પુત્રી અને એક પુત્ર હતો. ગત તા.૪ માર્ચના બપોરના સમયે તેઓ તેમના રૂમમાં પંખે લટકેલી હાલતમાં મળી આવતાં સમગ્ર કોલેજમાં ચકચાર મચી ગઈ હતી.

જે પ્રકરણમાં હચમચી ઉઠેલા મૃતકના પિતા ભોજાભાઈએ ખેડબ્રહ્મા પોલીસ મથકે એવી ફરિયાદ નોંધાવી હતી કે, તેમની પુત્રી સુરતાબેનને અમદાવાદ પોલીસ વિભાગમાં ફરજ બજાવતો અને પોશીના તાલુકાના કાલીકાંકર ગામના વિવેક શરદભાઈ બુબડિયા કે જે તેમના સાઢુનો પુત્ર છે તે છેલ્લા છ મહિનાથી ફોન કરીને આડાસંબંધ રાખવા દબાણ કરતો હતો.

આ અંગે પોલીસ સૂત્રોએ પણ ઉમેર્યું હતું કે, તા.૪ના રોજ વિવેકે સુરતાબેનની સાથે નોકરી કરતા ભાવનાબેનના મોબાઈલ પર કોલ કરીને સ્પીકર પર ફોન મુકાવીને તેણીને ધમકાવી હતી, જેનું કોલ રેકોર્ડિંગ પણ મળી આવ્યું છે. તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઈડરમાં આકાશમાં ચમકતા પદાર્થ દેખાતા કુતુહલતા, એલિયનની અટકળો

ઈડર : ગત શુક્રવારે ઈડર તાલુકાના સાબલવાડ ગામે શુક્રવારે રાતે કેટલાંક લોકોને આકાશમાં ચમકતો પદાર્થ દેખાયો હતો, આથી અનેક લોકોએ તેના ફોટા મોબાઈલ ફોનમાં કંડારવાનું શરૂ કરી દીધું હતુ. સાબલવાડ આસપાસના વિસ્તારોમાં તો આકાશમાં દેખાતા આ ચમકતા પદાર્થને જોવા માટે લોકો ટોળે વળી ગયા હતા. આ સમયે કેટલાકે તો તે પદાર્થ એલિયન હોવાની અટકળ પણ લગાવી દીધી હતી. ઈડર તાલુકામાં બનેલી આ ઘટના રહસ્યમય હતી. તેથી રાત્રિના સમયે લાંબા સમય સુધી લોકો જાગતા રહ્યા હતા. અચાનક આકાશમાં આ પ્રકારની વસ્તુ દેખાવાની ઘટનાને કેટલાકે લાભાલાભ સાથે પણ જોડી હતી. યુવા વર્ગ આ પદાર્થનો ફોટો પાડીને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરવા માંડ્યા હતા. અગાઉ ક્યારેય આવી વસ્તુ આકાશમાં દેખાય ન હતી.

# મહેમદાવાદમાં પરિવારનો સામુહિક આપઘાતનો પ્રયાસ, એકનું મોત

નડિયાદઃ મહેમદાવાદના પથાવત ઉમાજીની મુવાડી ખાતે પાડોશીને ઘરની બાજુમાં પાયો ખોદવાની ના પાડતા અવારનવાર અપશબ્દો બોલીને મોતની ધમકી આપતા એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામુહિક આપઘાત કર્યો હતો. જેમાં એક સભ્યનું મોત નીપજ્યું છે.

મહેમદાવાદ પથાવત ખુમાજીની મુવાડી ખાતે રહેતા જુગાભાઈ ઝાલાની ઘરથાળ જમીનની બાજુમાં પંચાયચની જમીનમાં ગામના રમેશભાઈ ઝાલા સહિત પરિવારના સભ્ય દુકાન બનાવવા ખાતમુહૂર્ત કરવા આવ્યા હત. ત્યારે જુગાભાઈએ કહ્યું કે, અમારી ઘરથાળ જમીન મુકી ખાતમુહૂર્ત કરજો. છતાંય શખ્સોએ ઘરથાળની જમીનમાં ખોદકામ કરતા જુગાભાઈએ ગામના સરપંચ અને તલાટીને મૌખિક રજૂઆત કરી હતી. જેથી તેઓએ ઘરથાળની જમીન પર ખોદકામ બંધ કર્યું હતું.

આ દરમિયાન ઉપરોક્ત પાંચ શખ્સોએ તેમની જમીનમાં દુકાન બનાવવવા બાબત ઝઘડા કરીને પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કંટાળીને પરિવારના ત્રણ સભ્યોએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ પોલીસે આત્મહત્યાના દુષ્પ્રેરણા માટે પાંચ શખ્સો સામે ગુનો નોંધીને કડક કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં પત્નીએ પ્રેમી પાસે પતિની હત્યા કરાવી, બે સંતાનોને કર્યા નોંધારા

ગોધરા : ધોળાકુવા ગામે રહેતા રાજેશ ઉર્ફે રાજુ માવીના લગ્ન સુરેખાબેન સાથે થયા હતા. જે બાદ તેને બે સંતાન થયા હતા. સુરેખાને પાલનપુર ફળિયામાં રહેતા પીન્ટુ બારીયા નામના યુવક સાથે આંખ મળી ગઈ હતી. આઠ માસ અગાઉ સુરેખા પોતાના બે સંતાનો અને પતિને છોડી પીન્ટુ સાથે ભાગી પણ ગઈ હતી. જોકે જેના બાદ સમાજ અગ્રણીઓ દ્વારા સુરેખાને પરત લાવી તેના પતિ રાજેશને સોંપવામાં આવી હતી. આ ઘટનાક્રમ વચ્ચે સુરેખા અને પીન્ટુને પોતાના પ્રેમ સંબધ વચ્ચે આવતો રાજેશ ખૂંચતો હતો જેથી બંનેએ રાજેશને કાયમી ધોરણે દૂર કરી દેવાનું કાવતરું રચ્યું હતું. પિન્ટુએ રાજુ સાથે મિત્રતાના સંબંધો કેળવી વિશ્વાસમાં લઈ લીધો હતો.જે બાદ પિન્ટુએ તેને ધોળાકુવા પથ્થરની ફેકટરી પાસે બોલાવ્યો હતો અને જેના બાદ રાજુને ગળામાં છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો.

# આણંદ જિલ્લામાં પાંચ પાલિકાના પ્રમુખપદ પર પાટીદારોનો દબદબો

• માત્ર ખંભાત પાલિકાના પ્રમુખ પદ પર અન્ય જ્ઞાતિના ઉમેદવારને સ્થાન

આણંદ : સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત આણંદ જિલ્લાની આણંદ, ઉમરેઠ, પેટલાદ, બોરસદ, સોજિત્રા અને ખંભાત નગરપાલિકાની ગત તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ચૂંટણી યોજાઈ હતી. ખંભાત નગરપાલિકામાં પણ અપક્ષોના ટેકા સાથે ભાજપે બહુમતી મેળવી હતી. સોમવારે જિલ્લાની આણંદ, ઉમરેઠ, પેટલાદ, બોરસદ, ખંભાત અને સોજિત્રા નગરપાલિકાઓના સભાખંડ ખાતે અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં સોજિત્રા નગરપાલિકાને બાદ કરતા અન્ય નગરપાલિકાઓમાં પ્રમુખપદ માટે મહિલા અનામત હોઈ મહિલાઓને

**તા. પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ**

| તા.પંચા. | પ્રમુખ | ઉપપ્રમુખ |
|---|---|---|
| આણંદ | અંજનાબેન પટેલ | જશુભાઈ પરમાર |
| બોરસદ | ધરમદેવસિંહ ડાભી | તરૂલતાબેન પટેલ |
| પેટલાદ | અશોકભાઈ પટેલ | જયાબેન સોલંકી |
| ખંભાત | હર્ષદભાઈ સિંધા | ધર્મિષ્ઠાબેન પટેલ |
| સોજીત્રા | પાર્વતીબેન પરમાર | સતીષભાઈ સોલંકી |
| તારાપુર | વિજયભાઈ ભરવાડ | જયશ્રીબેન રાઓલ |

કારભાર સોંપાયો છે. આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બિનહરીફ થઈ હતી. આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે દહેવાણ જિલ્લા પંચાયત બેઠકના ચુંટાયેલા સભ્ય હંસાબેન રામસિંહ પરમાર અને ઉપપ્રમુખ તરીકે સારસા બેઠક પર વિજેતા થયેલ સંજયભાઈ પટેલની પસંદગી કરાઈ છે.

# વડોદરા જિ.પંચાયતમાં બહુમતી મહિલા સભ્યો છતાં મુખ્ય હોદો અપાયો નહીં

વડોદરાઃ વડોદરા જિલ્લા પંચાયતમાં ભાજપમાં ચૂંટાયેલા મહિલા સભ્યોની સંખ્યા પુરૂષો કરતાં વધુ હોવા છતાં પ્રથમ ત્રણ હોદ્દા પૈકી એક હોદ્દો મહિલાને ફાળવવાની પરંપરાનો ભંગ કરી ભાજપે ત્રણેય મુખ્ય હોદ્દા પુરૂષોને ફાળવતાં મહિલા સભ્યોના જૂથમાં સોપો પડી ગયો છે.

વડોદરા જિલ્લા પંચાયતમાં કુલ ૩૪ બેઠકોમાંથી ભાજપના ૨૭ અને કોંગ્રેસને ૭ બેઠકો મળી હતી.ભાજપના ૨૭ સભ્યોમાં મહિલા સભ્યાચેની સંખ્યા ૧૫ અને પુરૂષ સભ્યોની સંખ્યા ૧૨ છે. આવતીકાલે તા.૧૮મીએ વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી જાહેર કરવામાં આવી છે.જેના જિલ્લા પંચાયત ખાતે ફોર્મ ભરવામાં આવ્યા હતા. કોંગ્રેસે ફોર્મ નહીં ભરતાં આ બંને હોદ્દા પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા હતા. પ્રમુખ-ઉપપ્રમુખના ફોર્મ ભરતાં પહેલાં વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખે ચૂંટાયેલા સભ્યોની એક મીટિંગ બોલાવી હતી અને તેમાં સભ્યોને પક્ષના મેન્ડેટનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રમુખ તરીકે અશોક પટેલ (પોર), ઉપપ્રમુખ તરીકે મોહન પરમાર (સાવલી), કારોબારી ચેરમેન તરીકે રાજેન્દ્ર પટેલ (જરોદ)ના નામની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે,પક્ષના નેતા તરીકે જિ. પં.ના પૂર્વ પ્રમુખ સુધાબેન પરમાર (મોભા) તેમજ પક્ષના દંડક તરીકે મથુરભાઈ રાઠોડિયા (સયાજીપુરા)ની જાહેરાત કરાઈ હતી.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૨.૦૦ PM થી ૬.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો WE ARE RE-OPENING
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-બુધ : ૨.૦૦ PM થી ૬.૦૦ PM
ગુરૂ-શુક્ર : વીક ઓફ
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર : ૧૧.૦૦ AM થી ૫.૦૦ PM
શનિ-રવિ : વીક ઓફ

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## વાતાવરણમાં અસાધારણ પરિવર્તનને કારણે દુનિયામાં સક્રિય જ્વાળામુખીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો

# એક સાથે ૧૨ જ્વાળામુખીની સક્રિયતા ચિંતાજનક

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વિશ્વમાં છેલ્લાં બે દાયકામાં ગ્લોબલ વોર્મીંગ એક મોટો પડકાર બની ચુક્યો છે. ગ્લોબલ વોર્મીંગને કારણે પર્યાવરણની સંતુલિતતા ખોરવાઈ રહી છે. તેને કારણે દુનિયામાં વિવિધ દેશની આબોહવા, ઋતુચક્રમાં મોટાપાયે ફેરફારો નોંધાઈ રહ્યા છે. હવે દુનિયામાં અનેક સ્થળે જ્વાળામુખી સક્રિય થયાના અહેવાલો છે. આમ તો ગત મહિને તે ઈન્ડોનેશિયામાં ફાટી નીકળ્યો હતો. પરંતુ તે પછી મોટી જાનહાનિ થઈ ન હતી. પરંતુ મહિનાથી દુનિયામાં એકસાથે ૧૨ જ્વાળામુખી સક્રિય થયાની ઘટનાએ ચિંતા ઉપજાવી છે.

ચોથી માર્ચે કેટલાય જ્વાળામુખી નોંધપાત્ર રીતે સક્રિય હતા. તેને કારણે આખા જગતમાં હલચલ મચી રહી છે. આજે આપણે આ જ્વાળામુખીઓ વિશેની વિગતો વિસ્તારથી જાણીશુ. ભારતમાં એકમાત્ર સક્રિય જ્વાળામુખી આંદામાનના બેરન ટાપુ પર છે. પાંચ-દસ વર્ષે એ થોડા ફૂંફાડા મારે છે. એ સિવાય તો શાંત છે. વળી ત્યાં કોઈ વસ્તી નથી. તેથી આ જ્વાળામુખીથી નુકસાનની શક્યતા ઓછી છે. પરંતુ જગતના અનેક દેશમાં જ્વાળામુખી ભરચક વસતી વચ્ચે આવેલા છે. તો વળી કેટલાક જ્વાળામુખી એવા છે, જે વસતીથી દૂર હોવા છતાં જો તે ફાટે તો આસપાસના વિસ્તારને ધ્રુજાવી નાખે છે.

અત્યારે ઈન્ડોનેશિયામાં બે મોટા અને આસલેન્ડમાં એક એમ ત્રણ જ્વાળામુખી નોંધપાત્ર રીતે લાવા-મેગ્મા ઓકી રહ્યા છે. પરંતુ સક્રિય જ્વાળામુખીની સંખ્યા ગણવા બેસીએ તો ડઝનથી વધી જાય છે. એમાંથી કેટલાક મોકાના સ્થળે આવેલા હોવાથી તેની નોંધ દુનિયાએ રાખવી પડે છે. એટના એ ઈટાલીના માફિયાઓ માટે જાણીતા સિસિલી ટાપુ પર આવેલો જ્વાળામુખી છે. એટના સક્રિય જ્વાળામુખી છે, માટે નિયમિત રીતે લાવા ઓકતો રહે છે. અગિયાર હજાર ફીટનો એટના યુરોપના સૌથી ઊંચા જ્વાળામુખી પૈકીનો એક છે. ગ્રીક ધાર્મિક કથાઓ મુજબ ભયાનક દૈત્ય આ પર્વતની નીચે પુરાયેલો છે. એ બહાર નીકળશે ત્યારે ધનોત-પનોત નીકળી જશે.

આ જ્વાળામુખી નિયમિત રીતે સક્રિય થતો હોવાથી સંશોધકો તેના વિશે સંશોધનકાર્યમાં જોતરાયા છે. આ જ્વાળામુખી છેલ્લે ૨૦૧૮માં સક્રિય થયો હતો. બે દાયકામાં પાંચેક વખત સક્રિય થઈ ચૂક્યો છે. જગતમાં ૧૬ જ્વાળામુખી એવા છે, જે વિનાશક વિસ્ફોટો માટે કુખ્યાત છે. એટના એમાંનો એક છે. ક્રિસુવિક નામ ભલે દેશનું આઈસલેન્ડ હોય, પણ ત્યાં બરફ વચ્ચે સંખ્યાબંધ જોખમી જ્વાળામુખી આવેલા છે. ક્રિસુવિક આખી વૉલ્કેનિક સિસ્ટમ છે, જે અત્યારે સક્રિય થઈ છે. તેના કારણે આસપાસના વિસ્તારમાં ૩થી પાંચના ભૂકંપ નોંધાઈ રહ્યા છે. ફેબ્રુઆરીની ૨૪ તારીખે અહીંનું પેટાળ હલબલવાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૧૮ હજારથી વધારે નાના-મોટા આંચકાં નોંધાયા છે. અન્ય એક જ્વાળામુખીનું નામ સુવાનોસે છે. જાપાનમાં આવેલા આ જ્વાળામુખીએ દસ વર્ષ પહેલા માર્ચ ૨૦૧૧માં ત્સુનામીએ ભારે તાંડવ મચાવ્યું હતું.

દસમે વર્ષે એ પીડા જાપાનીઓ યાદ કરી રહ્યા છે, ત્યાં જ સુવાનોસે જ્વાળામુખી સક્રિય થયો છે. અલબત્ત, આ જ્વાળામુખી એક ટાપુ પર આવેલો છે, જેની વસ્તી ૫૦થી વધારે નથી. જાપાન વળી આવી કુદરતી આફતો સામે લડવા સજ્જ હોય છે. તેથી ત્યાં જાનહાનિ હંમેશા ઓછી નોંધાતી હોય છે. ફિલીપાઈન્સનો પિન્ટુબો જ્વાળામુખી પણ તોફાન મચાવવા માટે જાણીતો છે. જાન્યુઆરીમાં આ જ્વાળામુખી સક્રિય થયો હતો. જે બાદ માર્ચમાં તેની તીવ્રતા વધી ગઈ હોવાથી એલર્ટ લેવલ વધારી દેવાયું છે. જાન્યુઆરીથી અત્યાર સુધીમાં અંદાજે ૨ હજાર જેટલા નોંધપાત્ર ભુકંપ આ જ્વાળામુખીને કારણે ફીલીપાઈન્સમાં નોંધાઈ ચુક્યા છે.

આ જ્વાળામુખીને કારણે બહાર ફેંકાતી ધૂળ-રાખમાંથી લગભગ ૪૦૦ ટન કાર્બન અત્યારે હવામાં ઠલવાઈ રહ્યો છે. અન્ય એક જ્વાળામુખીનું નામ રાઉંગ છે. જે ઈન્ડોનેશિયાના સંખ્યાબંધ જ્વાળા મુખીમાં સૌથી ઊંચું સ્થાન ધરાવે છે. આ જ્વાળામુખી વારંવાર સક્રિય નથી થતો, પણ થાય ત્યારે મોટુ નુકસાન કરે છે. છેલ્લે ૨૦૧૫માં સક્રિય થયો ત્યારે તેના ધૂળ-રાખના વાદળને કારણે ઈન્ડોનેશિયાના બાલી સહિતના પ્રવાસન સ્થળો-એરપોર્ટ બંધ કરવા પડયા હતા. ઈન્ડોનેશિયામાં જ્વાળામુખીનો પાર નથી, એટલે વર્ષના અનેક મહિના ત્યાં એક નહીં તો બીજો જ્વાળામુખી સક્રિય હોય છે. અત્યારે ત્યાં રાઉંગ ઉપરાંત ડુકોનો પણ એક્ટિવ થયો છે. ડુકોનો છેલ્લે ૨૦૧૪માં એક્ટિવ હતો. અત્યારે તેની પ્રવૃત્તિ પ્રમાણમાં શાંત છે, પણ ક્યાં સુધી શાંત રહે એ નક્કી નહીં.

ઈન્ડોનેશિયાનો માઉન્ટ મેરાપી પણ ૭મી જાન્યુઆરીથી સતત ફૂંફાડા મારી રહ્યો છે. ૨૦૧૦માં આ જ્વાળામુખી નોંધપાત્ર રીતે ફાટયો હતો અને તેની એવી અસર થઈ હતી કે પર્વતનો આકાર જ બદલી ગયો હતો. રસપ્રદ રીતે તેનું નામ મેરુ અને અપી એવા સંસ્કૃત શબ્દો ભેગા મળીને પડયું છે. મેરુ એટલે પર્વત અને અપી એટલે અગ્નિ. અગ્નિ ઓકતો પર્વત ફરી અગ્નિ ન ઓકે એમાં જ સૌનું ભલું છે. પોપોકાતેપેટ મેક્સિકોમાં આવેલો અને ૧૭-૧૮ હજાર ફીટ ઊંચો જ્વાળામુખી છે. તેની ટોચ પર બરફ જામેલો રહે છે અને હિમનદીઓ પણ વહે છે. પણ સક્રિયતાને કારણે છેલ્લા બે દાયકામાં તેનો બરફ સાવ ઓછો થઈ ગયો છે. છેલ્લા પાંચસો વર્ષમાં આ જ્વાળામુખી ૧૫ વખત મોટાપાયે ફાટયો છે. એટલે કે એ ખરા અર્થમાં સક્રિય છે. ૨૦૧૭થી તો એ સતત લાવા ઓકી રહ્યો છે. પાક્યા એ ગ્વાટેમાલાનો જ્વાળામુખી છેલ્લે ૨૦૧૫માં સક્રિય થયો હતો. અત્યારે ફરીથી સક્રિય છે અને રાખ ૧૧-૧૨ હજાર ફીટની ઊંચાઈએ પહોંચી છે. એટલે ત્યાંથી પસાર થતી ફલાઈટોને રસ્તા બદલવા પડયા છે.

આસપાસના ગામવાસીઓને ખસેડવાની પ્રક્રિયા સરકારે આરંભી દીધી છે. ગ્વાટેમાલાનો જ બીજો જ્વાળામુખી ફૂગો પણ રાખ ઓકી રહ્યો છે. જ્વાળામુખીની અસર ૧૪-૧૬ હજાર ફુટ સુધી પહોંચી છે. ૨૩ ફેબ્રુઆરી પછીથી અત્યાર સુધીમાં તેના પેટાળમાંથી ૧૫ મોટા વિસ્ફોટ સંભળાયા છે. આ ઉપરાંત દક્ષિણ અમેરિકા ખંડના જ દેશ પેરુનો સાબનકાયા ૨૦ હજાર ફુંટ ઊંચે આવેલો અને બર્ફિલી ટોચ ધરાવતો જ્વાળામુખી છે. પણ ૨૦૧૮થી સક્રિય છે, એટલે બરફ પીગળી રહ્યો છે. આમ તો ૧૯૯૦ પછી એ લાંબો સમય શાંત રહ્યો જ નથી.

ધરતી પર અસંખ્ય જ્વાળામુખી છે, પણ એમાંથી સક્રિય રહેતા હોય એવાની સંખ્યા બે-પાંચ કરતા વધતી હોતી નથી. અત્યારે ડઝનેક નાના-મોટા જ્વાળામુખી સક્રિય છે. એ ધરતીના વાતાવરણમાં છેલ્લા વર્ષોમાં આવેલો અસાધારણ બદલાવ દર્શાવે છે. જે લોકો જ્વાળામુખી પાસે રહેતા ન હોય એમને પણ તેની પરોક્ષ અસર થાય છે. જેમ કે જ્વાળામુખીની રાખ ઊંચે હવામાં જાય અને પછી ફેલાતી ફેલાતી દુનિયાના ઘણા ભાગો સુધી પહોંચે તો ત્યાં વાતાવરણ ડહોળાય છે. જ્વાળામુખીની સક્રિયતા વધે તેની સીધી અસર શિયાળા પર થાય છે. કેમ કે જ્વાળામુખીથી હવામા રાખનું પ્રમાણ વધે, તેના કારણે સુર્યના કિરણો અવરોધાય અને પૃથ્વી પરનું તાપમાન ઘટે છે. છેલ્લા ઘણા વર્ષોથી જ્વાળામુખી વધારે સક્રિય થયા છે અને તેની અસર વાતાવરણ પણ જોવા મળી જ રહી છે.



એકપણ જ્વાળામુખી ફાટે તો મોટો વિનાશ નોતરી શકે છે, જ્વાળામુખીની અસર વાતાવરણને થતી હોય છે. કારણ કે તેની રાખ ઊંચે હવામાં ફેલાયા પછી સુર્યના કિરણો અવરોધાય અને પૃથ્વી પરનું તાપમાન ઘટે છે



## ૧૨ વરસ પછી ઉર્મિલાનું બોલીવૂડમાં કમબેક

મુંબઇ: રંગીલા ફેમ એક્ટ્રેસ ઉર્મિલા માંતોડકર ૧૨ વરસ પછી બોલીવૂડમાં કમબેક કરવાની છે. આ વાતની પુષ્ટિ અભિનેત્રીએ સ્વયં એક ઇન્ટરવ્યૂમાં કરી હતી. ઉર્મિલાએ જણાવ્યું હતુ કે, તે જલદી જ એક વેબ શોમાં પણ જોવા મળવાની છે. ગયા વરસે એપ્રિલમાં કોરોના મહામારીના કારણે અટકેલી વેબ સિરિઝ પર ફરી કામ શરૂ થયું છે. ઉર્મિલા છેલ્લે ૨૦૧૮માં રિલીઝ થયેલી ઇરફાન ખાન સ્ટારર ફિલ્મ બ્લેકફિલ્મમાં જોવા મળી હતી.

સ્વદેશ



## આમિર ખાને સોશિયલ મીડિયાને કહ્યું, અલવિદા

મુંબઇ: આમિર ખાને રવિવારે પોતાનો પદ્દમો જન્મદિવસ ઊજવ્યો હતો. તેના બીજા દિવસે એટલે કે સોમવારે તેણે સોશિયલ મીડિયાને અલવિદા કહી દીધું છે. તેણે પોતાના પ્રશંસકોને જન્મદિવસની શુભેચ્છા માટે આભાર દર્શાવાની સાથે સોશિયલ મીડિયાને અલવિદા કહીને અન્ય એક માધ્યમ દ્વારા જોડાવાની ખાતરી આપી છે. આમિરે પોતાની પોસ્ટમા લખ્યું છે કે, મિત્રો મારા, જન્મદિવસની શુભેચ્છા આપી તમે મને તમારો આભારી બનાવ્યો છે. મારું દિલ ભરાઇ આવ્યું છે. મારે અન્ય એક વાત કહેવી છે કે, સોશિયલ મીડિયા પર મારી આ આખરી પોસ્ટ હશેય આમ પણ વધુ એકટિવ તો છું નહીં. મેં આ દેખાડો બંધ કરવાનો નિર્ણય લીધો છે. આપણે પહેલાની જેમ જ મારા પ્રોડક્શનની સત્તાવાર ચેનલ એકેપી દ્વારા જોડાયેલા રહેશું. ત્યાંથી જ તમને મારી આવનારી ફિલ્મના અપડેટ મળશે. આમિર હાલ પોતાની આવનારી ફિલ્મ લાલસિંહ ચઢ્ઢાને પુરી કરવા માટે કમર કસી રહ્યો છે. આ ફિલ્મને આ વરસની નાતાલના રિલીઝ કરવાની યોજના છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમિર ખાને સોશિયલ માડિયા છોડ્યા બાદ અભિનેતા સુશાંતસિંહે પણ સોશિયલ મીડિયા છોડી દીધું હતું.

# જેમ રાજનીતિમાં ભ્રષ્ટાચાર છે, એવી જ રીતે બોલિવૂડમાં ભત્રીજાવાદ છે



પ્રાચી લાંબા સમય પછી ફરીથી અભિનય કરતી જોવા મળશે. તે સાથે જલ્દીથી પોતાની વેબ સિરીઝમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. ફિલ્મમાં તે એક પોલીસ અધિકારીની ભૂમિકા નિભાવી રહી છે. ત્યારે હવે અભિનેત્રી પ્રાચી દેસાઈની પ્રતિક્રિયા સામે આવી છે. તેણે કહ્યું કે જેમ રાજકારણમાં ભ્રષ્ટાચાર થાય છે, તેવી જ રીતે બોલિવૂડમાં ભત્રીજાવાદ પણ છે. પ્રાચી લાંબા સમય પછી ફરીથી અભિનય કરતી જોવા મળશે. તે સાથે જલ્દીથી પોતાની વેબ સિરીઝમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. ફિલ્મમાં તે એક પોલીસ અધિકારીની ભૂમિકા નિભાવી રહી છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં પ્રાચી દેસાઇએ ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ વાત કરી છે. બોલિવૂડમાં ભત્રીજાવાદના મુદ્દે તેમણે કહ્યું કે, હું કહીશ કે રાજકારણમાં ભ્રષ્ટાચાર થાય છે, તે જ રીતે બોલીવુડમાં ભત્રીજાવાદ છે.

આ વસ્તુને નકારી શકાય નહીં. મને આનંદ છે કે ઓટીટી પ્લેટફોર્મ ઉભરી આવ્યું છે. હવે ઘણા બધા વિકલ્પો છે, જુદા જુદા કન્ટેન્ટ જોવા મળશે. તેની કારકિર્દી અંગે તેણે કહ્યું કે, મેં ખૂબ જ વહેલી એક્ટિંગ શરૂ કરી હતી. આ પછી મને થોડો વિરામ લેવાની જરૂરિયાત અનુભવાઈ. મેં ઘણી વસ્તુઓ કરી અને હવે હું કંઈક નવું કરવા માંગુ છું. મેં ઘણી ફિલ્મોનો ઇનકાર કર્યો. કેટલાક પર કામ થઈ શક્યું ન હતું અને કેટલાક બનાવવામાં આવી ન હતી. હા મારી કારકિર્દીમાં અંતર છે પણ હું કંઈક નવું કરવા માંગુ છું. આ ફિલ્મમાં મારે એક પોલીસ ઇન્સ્પેક્ટરની ભૂમિકા મળી, જે હું કરવા માંગતી હતી.



## હું નસીબદાર છું કે મને તક મળી: ફાતિમા સના શેખ

અભિનેત્રી ફાતિમા સના શેખને ચાહકો દંગલ ફિલ્મની બબીતા ફોગટના તેના રોલને કારણે વધુ ઓળખે છે. જો કે સનાએ ૧૯૯૭થી બાળ કલાકાર તરીકે અભિનય શરૂ કરી દીધો હતો.

ઇશ્ક, ચાચી ૪૨૦, બડે દિલવાલા, વન ટુ કા ફોરમાં તે બાળ કલાકાર હતી. તેણે તેલુગુ ફિલ્મ પણ કરી છે. દંગલ ફિલ્મના પાત્રએ તેને રાતોરાત સ્ટારડમ અપાવ્યું હતું. એ પછી તે ઠગ્સ ઓફ હિન્દોસ્તાનમાં જોવા મળી હતી. કેટલાક મ્યુઝિક આલ્બમ પણ તે કરી ચુકી છે.

છેલ્લે તે ઓટીટી પ્લેટફોર્મ પર હિટ નિવડેલી લુડો ફિલ્મમાં પિન્કીના રોલમાં દખાઇ હતી. આ ઉપરાં સૂરજ પે મંગલ ભારીમાં પણ ખાસ ભુમિકા હતી. હવે તેશ્હર્જ઼; તમિલ ભાષાની સુપરહિટ ફિલ્મ અરૂવીની હિન્દી રિમેકમાં કામ કરી રહી છે. ઇ નિવાસ નિર્દેશીત આ ફિલ્મની કહાની માત્ર હીરોની નથી.

ફાતિમાનો પણ ખુબ મહત્વનો રોલ છે. તે કહે છે હું નસિબદાર છું કે મને આવી ફિલ્મ કરવાની તક મળી. ઇ નિવાસ અગાઉ શૂલ, દમ, લવ કે લિયે કુછ ભી કરેગા જેવી ફિલ્મો આપી ચુકયા છે.



# પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ઓસ્કરના નોમિનેશન્સ જાહેર કર્યા

**પત્રકારે સવાલ ઉઠાવતા દેશી ગર્લે પુરાવા મોકલીને વિદેશી પત્રકારને જવાબ આપ્યો, ફેન્સ સપોર્ટમાં આવ્યા, ભૂલ થયાનું સમજાતા પત્રકારે માફી પણ માંગી લીધી**

પ્રિયંકા ચોપરા જોનસ ઇન્ટરનેશનલ સ્ટાર છે. હાલમાં જ પ્રિયંકા અને તેના અમેરિકન સિંગર પતિ નિક જોનસને ઓસ્કર ૨૦૨૧ના નોમિનીઝની જાહેરાત કરી હતી. પરંતુ પીટર ફોર્ડ નામના વ્યક્તિએ ટ્વિટર પર પ્રિયંકા પર સવાલ ઉઠાવ્યો હતો કે ફિલ્મોમાં તેનો શું ફાળો છે કે તેને ઓસ્કર ૨૦૨૧ના નોમિનેશન્સ જાહેર કરવા દેવાયા? તેણે ટ્વિટ કરતાં લખ્યું, આ બંનેનું અપમાન નથી કરવા માગતો પરંતુ ફિલ્મોમાં તેમણે આપેલું યોગદાન તેમને ઓસ્કરના નોમિનીઝ જાહેર કરવા યોગ્ય બનાવે છે કે કેમ તે અંગે ચોક્કસ નથી. પ્રિયંકાએ પોતાની ફિલ્મોનું લાંબુ લિસ્ટ પીટર ફોર્ડને મોકલી આપ્યું હતું. બીજા ટ્વિટમાં પત્રકારે સ્વીકાર્યું કે તેને પ્રિયંકાએ આપેલા યોગદાન વિશે જાણ નહોતી પરંતુ તેણે બાદમાં નિક જોનસ પર સવાલ ઉઠાવ્યો હતો. પ્રિયંકાના ફેન્સે પીટરના આ સવાલ પર નારાજગી પણ વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ચોપરાની હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ ધ વ્હાઇટ ટાઇગરને બાફ્ટા અને ઓસ્કર અવોર્ડ્સમાં નોમિનેશન્સ મળ્યા છે. પ્રિયંકાએ ફિલ્મમાં એક્ટિંગ કરવાની સાથે તેને પ્રોડ્યુસ પણ કરી છે. પ્રિયંકા પાસે હાલ હોલિવુડની બે મોટી ફિલ્મો છે. ટેક્સ્ટ ફોર યુમાં પ્રિયંકા ચોપરા સેમ હ્યુએન અને સેલિન ડાયોન સાથે જોવા મળશે. જ્યારે કીયાનૂ રિવ્સ, નીલ પેટ્રિક હેરિસ અને કેરિ-એન મોસ સાથે મેટ્રિક્સ ૪માં પણ પ્રિયંકા ચોપરા જોવા મળશે.

## હોલિવુડની ફિલ્મ અવતારે દુનિયાભરમાં સૌથી વધારે કમાણી કરી



હોલિવુડ હોય કે પછી બોલીવુડ ફિલ્મી દુનિયામાં કમાણી પરથી ફિલ્મોનું મુલ્યાંકન થાય છે. કેટલીક ફિલ્મો એવી છે જેણે દુનિયાભરમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે અને રેકોર્ડબ્રેક કમાણી કરી છે. ઇતિહાસ રચ્યો છે. આવુ જ કંઇ જોવા મળ્યુ હોલિવુડની ફિલ્મ અવતારમાં જે ફિલ્મે તમામ રેકોર્ડ તોડી નાંખ્યા. આ ફિલ્મ દર્શકોને એટલી પસંદ આવી રહી છે કે ચીનમાં આ ફિલ્મને ફરીથી રીલિઝ કરવામાં આવી. 'અવતાર' ફિલ્મે અત્યાર સુધીમાં દુનિયા ભરમાં ૨૦ હજાર ૩૬૮ કરોડની કમાણી કરી લીધી છે. આ ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઇ છે. આ ફિલ્મે અવેન્જર્સ એન્ડગેમને પાછળ રાખી દીધી છે. આ સિવાય એવી કેટલીક ફિલ્મો છે જેણે છપ્પર ફાટ કમાણી કરી છે.

## અભિનેત્રી તરીકે વધુ સ્વતંત્ર બનવા ઇચ્છુ છું : જહાન્વી



બોની કપૂર અને શ્રીદેવીની દિકરી જહાન્વી કપૂરે બોલીવૂડમાં ધડક ફિલ્મથી અભિનય કારકિર્દી શરૂ કર્યા પછી તે સતત નવા અને મોટા પ્રોજેક્ટ હસ્તગત કરી રહી છે. તેની અભિનય ક્ષમતા પણ સતત ખીલી રહી છે. તાજેતરમાં તેની ફિલ્મ રૂહી સિનેમાઘરોમાં રિલીઝ થઇ છે. આ ફિલ્મનો તેનો અભિનય બધાએ વખાણ્યો છે. જહાન્વીએ કહ્યું હતું કે આ ફિલ્મમાં કામ કરવાનો અનુભવ શાનદાર રહ્યો છે. મને ખરેખર એવું લાગે છે કે અભિનયની બાબતમાં આ ફિલ્મને કારણે હું વધુ નીખરી ચુકી છું. એક્ટર તરીકે હું વધુ સ્વતંત્ર બની છું. મને લાગે છે કે આ અનુભવથી હું વધુ વિકસીત બનીશ. રૂહી ફિલ્મના અફ્ઝા નામના પાત્ર માટે જહાન્વીએ તેની મમ્મી શ્રીદેવીની ચાલબાઝ ફિલ્મમાંથી પ્રેરણા લીધી હોવાની વાતને નકારી કાઢતા જહાન્વીએ કહ્યું હતું કે એ તદ્દન ખોટી વાત છે. હું કોઇનું અનુકરણ ન કરું તેનું ખાસ ધ્યાન રાખુ છું.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
SHARP
INTERNATIONAL
IMMIGRATION SERVICES
iccrc crcic
CANADA
IMMIGRATION
Specialized in :
Entrepreneur/Investor Business/
Self Employed/Farm Owner
• LMIA/WORK PERMIT
• EXPRESS ENTRY
• CANADIAN EXPERIENCE CLASS
• FEDERAL SKILLED WORKER/SKILLED TRADE
• SUPER VISA & VISITOR VISA
• STUDY & WORK PERMIT
• Work / Study /Visitor Permit Extension
• PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
• REFUGEES/APPEALS
• DETENTION REVIEWS
• CRIMINAL PARDONS
• POST GRADUATION WORK PERMIT
• CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS
AMI MEHTA
IMMIGRATION PRACTIONER
BUSINESS IMMIGRATION
TO CANADA REQUIRES
3 CR NET WORTH/
1.5 CR INVESTMENT/
BUSINESS OWNERSHIP/
MANAGEMENT EXP
REJECTED
CASES WELCOME
ONLINE IELTS
SPOKEN ENGLISH
CLASSES ON ZOOM
SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE
/ PR 90 DAYS INSURANCE
94- 499 MAIN STREET SOUTH, SHOPPERS
WORLD MALL, BRAMPTON, ONT
416-745-2466
905-230-7855
2/A WAGHESHWARI SOC,
VADODARA GUJARAT INDIA
91-9428973911
91-9512157817
Email.: info@siis.ca
Website.: www.siis.ca

# અમિત ચાવડાના બાપદાદા વિશે નીતિન પટેલના નિવેદન બાદ ભડકો, ગૃહ મોકૂફ

ગાંધીનગર : નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગુરુવારે વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ વખતે આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી દવાખાના-હોસ્પિટલોમાં ડોક્ટરોની ઘટ અંગેના એક પ્રશ્નની ચર્ચા દરમિયાન પિત્તો ગુમાવી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા તરફ 'ગપ્પા મારીને તમે અને તમારા બાપદાદાઓએ' જેવો ઉલ્લેખ કરતાં ગૃહમાં ઘમસાણ મચી ગયું હતું. કોંગ્રેસના સભ્યોએ તથા ગેલેરીમાં બેઠેલાં કોંગ્રેસના સભ્યોએ સાગમટે ગૃહના મધ્યભાગ 'વેલ'ના કિનારા સુધી આવી ભારે આક્રમકતાથી નીતિનભાઈ વિરૂદ્ધ નારાબાજી કરીને 'નીતિનભાઈ માફી માગે' એવું દબાણ ઊભું કર્યુ હતું. અતિશય ધાંધલ-ધમાલને પગલે સ્પીકરને ગૃહ લગભગ ૨૦ મિનિટ માટે યાને બપોરે એક વાગ્યા સુધી મુલતવી રાખવાની ફરજ પડી હતી. જોકે બાદમાં આ મુદ્દો ઠરી ગયો હતો. એ પછી અમિત ચાવડાએ રોષભેર કહ્યું કે, '૨૫ વર્ષથી રાજ્યમાં તમારી ભાજપની સરકાર છે અને ડોક્ટરો મળતાં નથી એવું તમે ૨૫ વર્ષથી કહ્યા કરો છો, જો આણંદ-ખેડા જેવા સમૃદ્ધ જિલ્લાઓમાં ડોક્ટરો ના મળતા હોય તો અંતરિયાળ જિલ્લાઓમાં તો શું સ્થિતિ હોય, ડોક્ટરો નિમણૂક પત્રો પછીયે હાજર ના થતાં હોય તો કડક પગલાં લો ને, આ આક્રમણથી ઉત્તેજિત થયેલા નાયબ મુખ્યમંત્રીએ સામે જવાબ આપતાં આવી ગપ્પાબાજી કરીને તમે અને તમારા બાપદાદાઓ જેવો શબ્દ બોલી પડ્યા હતા જેથી કોંગ્રેસના તમામ સભ્યોએ ઊભા થઈ બોલાયેલા શબ્દો સામે વિરોધ કરવો શરૂ કર્યો હતો. 'નીતિનભાઈ શરમ કરો, શરમ કરો, શબ્દો પાછા ખેંચો'ના કોંગ્રેસના બુલંદ પોકારો સામે ભાજપના બેકબેન્ચર્સ પણ સરકારની મદદે આવી નારાબાજી કરવા લાગ્યા હતા.

# અમદાવાદ જિ. પંચાયતમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રમુખપદે બિનહરીફ થયા

અમદાવાદ : અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભાજપની બહુમતી હોવા છતાંય કોંગ્રેસના પ્રમુખ બિનહરીફ થયા છે. જ્યારે ધોલેરા, દેત્રોજ, ધોળકા અને વિરમગામ તાલુકા પંચાયતોમાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ બિનહરીફ જાહેર થયા છે. અમદાવાદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદ અઢી વર્ષ માટે એસ.ટી. અનામત છે. ૩૪ માંથી ૩૦ બેઠકો ભાજપ જીત ગઈ છે. તેમ છતાંય ભાજપ પાસે એકપણ એસ.ટી.અનામત સીટનો વિજેતા ઉમેદવાર ન હોવાથી જિલ્લા પંચાયતની શાહપુર બેઠક પરથી ચૂંટાઇ આવેલા કોંગ્રેસના એસ.ટી.અનામત બેઠકના ઉમેદવાર પારૂબેન અંબારામભાઈ પઢાર જિલ્લા પંચાયતમાં પ્રમુખપદે બિનહરીફ થયા છે. જ્યારે પ્રમુખપદ માટે ભાજપના રમેશ મકવાણા અને કોંગ્રેસના પ્રભાતસિંહ મકવાણા વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. દસક્રોઈ, બાવળા, ધંધુકા અને માંડલ તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ભાજપ-કોંગ્રેસ બંનેએ તેમના ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે સાણંદ તાલુકા પંચાયતમાં પ્રમુખપદ માટે કોંગ્રેસમાંથી બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ભાજપમાંથી એક ઉમેદવારે ઉમેદવારી કરી હતી ઉપપ્રમુખપ માટે બંને પક્ષમાંથી એક-એક ઉમેદવાર ઉભા રખાયા હતા.

# લગ્નનીના પાડતા પ્રેમીએ છરીના ૩૨ ઘા ઝીંકી તરુણી પતાવી દીધી

જેતલસર: જેતલસર ગામે એક તરફી પ્રેમી આરોપી જયેશ ગિરધરભાઈ સરવૈયા નામના શખ્સે સૃષ્ટિ કિશોરભાઈ રૈયાણી નામની તરુણીને વેતરી નાખી હતી. આજે બપોરે તરુણીના પિતા કિશોરભાઈ રવજી ભાઈ રૈયાણી અને માતા શીતલબેન ગામથી દૂર તળમાં આવેલી વાડીએ મજૂરી કરવા માટે ગયા હતા ત્યારે સૃષ્ટિના ઘરની રેકી કરી ભાઈ બહેન એકલા પડતાં ઘરમાં ઘૂસી જઇ તરુણીને ઘરમાંથી બહાર ઢસડીને કાઢી હતી. પ્રથમ તેને 'તું મારી સાથે લગ્ન કર' તેવી જબરજસ્તી કરી હતી. તરુણીએ વારંવાર ના પાડતા તેને ઢોરમાર માર્યો હતો છતાં આરોપીનું પેટ ના ભરાતા જાહેરમાં છરી કાઢીને તેના શરીરે અસંખ્ય ઘા માર્યા હતા ત્યારે તેનો ભાઈ હર્ષ (ઉ.વ.૧૪) પોતાની બહેનને બચાવવા આડો પડયો હતો. આરોપીએ મોઢું જોયા વગર છરીના પાંચ ઘા તેને પણ ઝીંકી તેની હત્યાનો પણ પ્રયાસ કર્યો હતો.

ઝનૂની બનેલા આરોપીએ આડોશ પાડોશ ના લોકો પર પણ હુમલો કરવાની તૈયારી કરી હતી. ત્યારે લોકોએ સમયસૂચકતા વાપરી હર્ષને પાડોશીના ઘરમાં છુપાવી દીધો હતો. પાડોશના લોકોએ બૂમાબૂમ કરી મૂકતા જયેશ તરુણીને મોતને ઘાટ ઉતારીને ત્યાંથી નાસી છૂટયો હતો.

# અમદાવાદમાં મેટ્રો રેલનું ૬૭ ટકા કામ પુરૂં, ૨૦૨૨ સુધીમાં પ્રોજેક્ટ પુરો થશે

- અમદાવાદ-સુરત શહેરમાં એફએસઆઈ વધારી વધુ માળ બાંધવા માટે બે વર્ષમાં એકપણ દરખાસ્ત ન મળી



અમદાવાદ : અમદાવાદમાં મેટ્રો રેલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેને જોતાં એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં મેટ્રો રેલ શરૂ થશે. જો કે, સરકારે વિધાનસભામાં સ્પષ્ટ કર્યુ છે કે, ૨૦૨૨ પહેલા મેટ્રો રેલ સંપૂર્ણપણે કાર્યરત નહીં થાય. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે વિધાનસભા દરમિયાન મેટ્રો રેલની કામગીરી અંગે સવાલ કર્યો હતો. જેનો લેખિત જવાબ શહેરી વિકાસ વિભાગે આપ્યો હતો. જવાબમાં જણાવાયું કે, 'અમદાવાદમાં ૬.૫ કિલોમીટરની પ્રાયોરિટિ રિચ વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીની પૂર્ણ થતાં મેટ્રો સેવા શરૂ થઈ છે. જ્યારે ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ બાકીના વિસ્તારોમાં ૬૭ ટકા કામ પૂર્ણ થયું છે. પ્રથમ તબક્કાની કામગીરી ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે અને મેટ્રો રેલ સેવા ચાલુ થશે.' બુધવારે વિધાનસભામાં શૈલેષ પરમારે સવાલ કર્યો હતો કે, 'અગાઉના પ્લાન મુજબ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ૨૦૧૮માં પૂરો થવાનો હતો. ત્યારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પ્રોજેક્ટની સ્થિતિ શું છે અને ક્યાં સુધીમાં પૂરો થશે?' ત્યારે રાજ્યના મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રી વિજય રૂપાણી ૬૭ ટકા કામ પૂરું થયું હોવાની અને ૨૦૨૨ સુધીમાં પ્રોજેક્ટ પૂરો થઈ જશે તેવો લેખિત જવાબ આપ્યો હતો.

# ૨૦૦૨ના રમખાણોમાં મોદીને ક્લિનચિટ સામે ૧૩મી એપ્રિલે સુપ્રીમમાં સુનાવણી

- ક્લિનચિટને પડકારનારા ઝાકીયા જાફરીને સુપ્રીમ કોર્ટની ખંડપીઠની ટકોર

અમદાવાદ : ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં થયેલા કોમી રમખાણોમાં તત્કાલિન મુખ્યપ્રધાન અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસ.આઈ.ટી.(સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા અપાયેલી ક્લિનચિનને ગુજરાતના પૂર્વ સાંસદ અહેસાન જાફરીના પત્ની ઝાકીયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. જો કે આ કેસમાં ઝાકીય જાફરી તરફથી વારંવાર મુદતો માગવામાં આવતી હોવાથી સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી ૧૩મી એપ્રિલના રોજ નિયત કરી છે અને ટકોર કરી છે કે હવે આ કેસમાં મુદત આપવામાં નહીં આવે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ એમ.એમ. ખનવિલકરના વડપણ હેઠળની ખંડપીઠ સમક્ષ યોજાયેલી સુનાવણીમાં ઝાકીયા જાફરી તરફથી સીનિયર એડવોકેટ કપિલ સિબ્બલે રજૂઆત કરવામાં આવી હતી કે કેસની સુનાવણી એપ્રિલમાં હાથ ધરાવી જોઈએ, કારણ કે અત્યારે મરાઠા અનામત કેસ સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચ દ્વારા સાંભળવામાં આવી રહ્યો છે. જેથી ઘણાં વકીલો તેની સુનાવણીમાં વ્યસ્ત છે. ગુજરાત સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મુદતની માગણીનો વિરોધ કરતા કહ્યું હતું કે કેસમાં ઘણી મુદતો પડી ચૂકી છે, સુનાવણી આગામી અઠવાડિયામાં જ થવી જોઈએ. એસ.આઈ.ટી. તરફથી સિનિયર એડવોકેટ મુકુલ રોહતગીએ પણ મુદતની માગણીનો વિરોધ કર્યો હતો અને રજૂઆત કરી હતી કે કેસની સુનાવણી હવે નક્કી કરવી જોઈએ.

# ગુજરાત પોલીસ બનશે વધુ સ્માર્ટ, Body Worn Camera ઉપયોગી થશે

અમદાવાદ: ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ અમદાવાદમાં ગુજરાત પોલીસને ૧૦ હજાર "Body Worn Camera" લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે જણાવ્યું હતુ કે,'ભારત (India) માં બોડી વોર્ન કેમેરાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે.' આ પહેલથી રાજ્યનું પોલીસતંત્ર વધુ સ્માર્ટ અને શાર્પ બનશે એટલું જ નહીં ટેકનોલોજી અપગ્રેડેશનની મદદથી પોલીસ ગંભીર ગુનાઓની તપાસ વધુ અસરકારક રીતે કરી શકશે. ગુજરાતની શાંતિ અને સલામતીમાં આ કેમેરા અસરકારક હથિયાર પુરવાર થશે. 'બોડી વોર્ન કેમેરા'ની ઉપયોગિતા વર્ણવતા મંત્રીએ કહ્યું કે, ટ્રાફિક નિયમન, કાયદો અને વ્યવસ્થા, ફર્ઝ સુરક્ષા જેવી વિવિધ પોલીસ કામગીરીમાં પોલીસ યુનિફોર્મ, હેલમેટ કે અન્ય પહેરવેશ પર આ 'બોડી વોર્ન કેમેરા'નો ઉપયોગ કરી શકશે. પોલીસતંત્રમાં ટેકનોલોજીના ઉપયોગ અંગેની ભૂમિકા સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે બદલાતા સમયમાં પોલીસતંત્રમાં માત્ર માનવબળની વૃદ્ધિથી કામ નહીં ચાલે, સાથોસાથ ટેકનોલોજીનો પણ સુપેરે ઉપયોગ કરવો પડશે. પોલીસસેવાના વિસ્તરણ અને આધુનિકીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે.

# બેચરાજીમાં નર્મદા કેનાલના પાણીમાં માસુમ બાળકી સાથે પિતાએ ઝંપલાવ્યું

મહેસાણા : બેચરાજી તાલુકાના કાલરી ગામમાં રહેતા વિમલસિંહ જસવંતસિંહ સોલંકી (ઉ.વ. ૩૦) છેલ્લા ત્રણેક વર્ષથી માનસિક બીમારીથી પીડાઈ રહ્યા હતા. તેઓની પાટણના ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. દરમિયાન સોમવારે સાંજે અગમ્ય કારણોસર મનોમન નક્કી કરીને વિમલસિંહ પોતાની દોઢ વર્ષની દીકરી ધ્યાનવીને સાથે લઈને ઘરે કોઈને કહ્યા વગર નીકળ્યા હતા. ગાડીમાં બેસીને તેઓ આસજોલ ગામના બસ સ્ટેન્ડ ઉપર ઉતર્યા હતા. ત્યાંથી પગપાળા સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના પુલ ઉપર પહોંચ્યા હતા અને અહીં પોતાની માસુમ દીકરી સાથે નર્મદા કેનાલમાં પાણીમાં પડતું મુક્યું હતું. આ ઘટના જોનાર ખેડૂત દશરથજી ઠાકોરે સહેજે રાહ જોયા વિના તેઓને બચાવવા કેનાલમાં કૂદી પડયા હતા.

# ઓડા પાસેથી ૧,૯૦૦ કરોડની લોનની માંગણી, DPRને પ્રારંભિક તબક્કે મંજૂરી

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને ઔડાના અધ્યક્ષ મુકેશકુમારની અધ્યક્ષતામાં મળેલી ઔડાની કારોબારી બેઠકમાં વર્ષ-૨૦૨૧-૨૨ માટે ઓડા હસ્તકના વિસ્તારોના વિકાસકામો માટે કુલ મળીને રૂપિયા ૧૦૭૦ કરોડના આયોજનનલઈ રજુ કરવામાં આવેલા બજેટને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે.

નોંધપાત્ર બાબત એ છે કે,ઔડા હસ્તકના વિસ્તારોમાં વિકાસકામો માટે એશિયન ડેવલપમેન્ટ બેંક પાસેથી રૂપિયા ૧૯૦૦ કરોડની લોનની માંગણી કરવામાં આવી છે.જેના ડીપીઆરને પ્રારંભિક તબક્કામાં મંજૂરી આપવામાં આવી છે.લોન મંજૂર થયા બાદ પ્રોજેક્ટ હેઠળ કામગીરી કરવા રૂપિયા ૧૦૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંગળવારે મળેલી ઔડાની બોર્ડ મિટિંગમાં મુવ કરવામાં આવેલા વર્ષ-૨૦૨૧-૨૨ માટેના બજેટમાં જળ જીવન મિશન અંતર્ગત સરદાર પટેલ રીંગરોડથી ત્રણ કી.મી. ત્રિજયામાં આવતા ૪૫ જેટલા ગામોમાં પીવાના પાણીના પ્રોજેક્ટ માટેની કામગીરીને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ૪૫ ગામોમાં પીવાના પાણી માટે રૂપિયા ૨૬૭ કરોડના ડીપીઆરને મંજૂરી આપવામાં આવી છે.આ કામગીરી માટે રૂપિયા સો કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# કોરોનાના કારણે જૈન તીર્થ પાલિતાણા ખાતે યોજાતી છ'ગાઉની યાત્રા મોકુફ

અમદાવાદ : પાલિતાણા ખાતે દર વર્ષે આયોજીત થતી છ'ગાઉની યાત્રા મોકુફ રાખવામાં આવી છે. છ'ગાઉની યાત્રા મોકુફ રહી હોય તેવું પહેલીવાર બન્યુ છે. આગામી ફાગણ સુદ ૧૩ને શુક્રવાર તા. ૨૬-૦૩-૨૦૨૧ના દિવસે યોજાનારી છ'ગાઉની યાત્રા કોરોનાના વધાતા સંક્રમણ અને સરકારની સુચનાઓને ધ્યાનમાં રાખીને છ'ગાઉની યાત્રા મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાલિતાણાના સ્થાનિક લોકોમાં ઢેબરા તેરસ તરીકે ઓળખાતી છ'ગાઉની યાત્રા ગત વર્ષે ૦૭ માર્ચના રોજ યોજાઈ હતી અને તે બાદથી સમગ્ર દેશમાં ૨૨ માર્ચથી જનતા કરફ્યૂ અને લોકડાઉનની જાહેરાત થઈ હતી ત્યારે છ'ગાઉની યાત્રા મોકુફ રહી હોય તેવું પહેલીવાર બન્યું છે. સામાન્ય રીતે આ છ'ગાઉની યાત્રામાં દેશભરમાંથી દર વર્ષે સરેરાશ ૫૦ થી ૭૦ હજાર લોકો આવતા હોય છે.

# લિપસ્ટિકની પસંદગી યોગ્ય શેડ જોઈને જ કરવી જોઈએ



ક્યારેય તમે વિચાર્યું છે કે કોસ્મેટિક્સમાં સૌથી વધારે વેચાણ કયા મેકઅપ પ્રોડક્ટનું થાય છે....? હા.... તમે બરાબર વિચારી રહ્યા છો. લિપસ્ટિક! તે મેટ ફિનિશિંગ હોય, ગ્લોસ હોય કે પછી મોઈશ્ચરાઈઝર રિચ હોય, લિપસ્ટિક યુવતીઓ માટે હમેશાંથી જ સદાબહાર અને મનપસંદ કોસ્મેટિક રહી છે જે ક્યારેય આઉટ ઓફ ટ્રેન્ડ નથી થતી. લિપસ્ટિક પર થયેલા સંશોધન પ્રમાણે આઈ મેકઅપ પ્રોડક્ટની તુલનામાં લિપસ્ટિકનું વેંચાણ સૌથી વધારે થાય છે. કાજલ અથવા કલરફૂલ આઈ-પેન્સિલ ૨-૩ પ્રકારની વપરાય છે. પરંતુ લિપ કલર અને લિપ પેન્સિલ અનેક રંગ અને જુદા ટેક્સચરની હોવાથી યુવતીઓના કોસ્મેટિક પર્સમાં પોતાની જગ્યા અકબંધ રાખી શકી છે.

જો ન્યૂડ શેડને પણ યોગ્ય રીતે લગાડાય તો હોઠની સુંદરતાને ચાર ચાંદ લાગી જાય છે. આવી લિપસ્ટિકને બીજી લિપસ્ટિક સાથે મિક્સ કરીને પણ નવો શેડ તૈયાર કરી શકાય છે. આ નવા શેડને યુવતીઓ ઓફિસ અથવા રાતની પાર્ટીમાં લગાડી શકે છે. પરંતુ જો આ રંગનો ખોટો શેડ લગાડાય તો હોઠોની શોભા બગડી ચહેરો થાકેલો અને ઉદાસ દેખાય છે.

## પ્યોર શેડ

- લાલ, મરૂન, ગુલાબી, જાંબુડી એવા શેડ છે. જેને તમે આપસમાં મિક્સ કરીને પણ હોઠો પર લગાડી શકો છો. જો કે પ્યાર રેડ અતિશય બોલ્ડ રંગ છે. તને લગાડવા હિંમત નહીં પણ સમજદારીની જરૂર છે. પોતાની ત્વચાના રંગને ધ્યાનમાં રાખી યોગ્ય શેડની પસંદગી કરવી.
- ઘઉંવર્ણી અને ગોરા રંગની મહિલાઓએ પ્યાર શેડ લગાડવા. ગોરા વર્ણની મહિલાઓએ ગુલાબી મિક્સ હોય તેવો લાલ લગાડવો. જ્યારે સાવલી મહિલાઓએ લિપ કલર લગાડયા બાદ સ્મજ બ્રશથી કલરને સ્પજ કરવો જેનાથી કલર દબાશે અને ત્વચાના રંગ પર નિખરશે.
- જાંબુડી, પિંક અને ફ્યુશિયા એવા રંગ છે જે મેટ અને શિમર બંને પ્રકારે આકર્ષક દેખાય છે. ગરમી અને વરસાદમાં મેટ ફિનીશીંગ વાળા લિપ કલર લગાડવા, જ્યારે શિયાળામાં આ રંગની શિમરવાળી લિપસ્ટિક હોઠોને નિખારશે.
- બ્રાઉન રંગ ખૂબ જ પ્રોફેશનલ લૂક આપે છે. ઓફિસોમાં આવા શેડ ખૂબ જ વપરાતા હોય છે જેમાં ઘણી જાતના શેડ્સ છે જેને ત્વચાના વર્ણ અનુસાર પસંદ કરવો. ગોરી યુવતીઓ ડાર્ક બ્રાઉન શેડ લગાડી શકે. ઘઉંવર્ણી મહિલાઓ રેડ મિક્સ બ્રાઉન અને સાવલી યુવતીઓ ન્યૂડ કલર સાથે મિક્સ કરી બ્રાઉન શેડ લગાડે તો કુદરતી ઓપ મળશે.
- પિંક લિપસ્ટિકના સૌથી વધારે શેડ છે. જો હોઠ ગુલાબી છે તો બહુ જ લાઈટ રંગની લિપસ્ટિક લગાડો. હોઠ ગુલાબી ન હોય તો મેટ ફિનિશિંગના થોડા ડાર્ક પિંક રંગ લગાડો. જે હોઠોની કાળાશ છુપાવી દે છે.

## લાંબો સમય ટકે તેવી લિપસ્ટિક

- લાંબા સમય સુધી લિપસ્ટિક ટકી રહે તે માટે હોઠ પર સૌપ્રથમ ફાઉન્ડેશનનું પાતળું લેયર કરો. ત્યારબાદ થોડો પાવડર લગાડો. લિપ પેન્સિલથી આઉટલાઈન કરી લિપકલર લગાડો, લિપ કલર લગાડવા બ્રશ વાપરો. ત્યારબાદ હોઠની વચ્ચે લિપ ગ્લોસ લગાડો.
- ન્યૂડ અને રોઝપિંક આ બે એવા રંગ છે જે એ લિપ પેન્સિલમાં સૌથી વધારે વપરાય છે. આ બંને રંગ દરેક પ્રકારની ત્વચા માટે યોગ્ય છે. જો કે વધારે પડતી મહિલાઓને જાણ નથી હોતી કે લિપ પેન્સિલ માત્ર આઉટલાઈન માટે હોય છે જેને દેખાડવાની જરૂર હોતી નથી.
- લિપ ગ્લોસ હોઠોની બહાર ન ફેલાય તે માટે ન્યૂડ રંગની લિપ પેન્સિલથી હોઠોની આઉટલાઈન બનાવો. ત્યારબાદ તમારું મનપસંદ લિપ ગ્લોસ લગાડો.

## વધારાની માવજત

- તમારા ડ્રેસના રંગ અને પ્રસંગને ધ્યાનમાં રાખી ન્યૂડ લિપ કલરને પિંક અથવા રેડ કલર સાથે મિક્સ કરી હોઠો પર લગાડો. ઉપરથી શિમર ગ્લોસ લગાડો.
- મોઢા પર લિપ કલર હાઈલાઈટ કરવો હોય તો આઈ મેકઅપનો ઓછો વપરાશ કરવો અને જો આઈમેકઅપ હાઈલાઈટ કરવો હોય તો લિપ મેકઅપ હળવો કરવો. સ્મોકી આય– મેકઅપમાં ન્યડ લિપ કલર આકર્ષક દેખાય છે. પ્રોફેશનલ યુવતીઓ બ્રાઉન અને ન્યૂડ રંગની લિપ પેન્સિલ લગાડી શકે છે.
- કોલેજની યુવતીઓ ન્યૂડ રંગની પેન્સિલ સાથે જુદા રંગબેરંગી લિપગ્લોસ લગાડી શકે છે. ઓરેન્જ લિપ કલર સાથે ન્યૂડ રંગની પેન્સિલ વાપરવી, જ્યારે ગુલાબી, ફ્યુશિયા અને જાંબુડી રંગ સાથે પિંક લિપ કલર વાપરવો.



# Bloatware

જ્યારે તમે કોઈ સ્માર્ટ ડીવાઈસ લેવાનું વિચારતા હોવ ત્યારે તમે મોટેભાગે કેમેરા તથા સ્ટોરેજ વિશે જ સરખામણી કરતા હોવ છો. પરંતુ જ્યારે એન્ડ્રોઈડ મોબાઈલની વાત આવે ત્યારે સૌ પ્રથમ મોબાઈલ પ્રોસેસર, રેમ, સ્ટોરેજ, યુઝર ઈન્ટરફેસ અને બેટરીની ક્ષમતા બીજા મોબાઈલ સાથે સરખામણી કરવી ખુબ જરૂરી છે.

બ્લોટવેર એટલે કે કોઈપણ સ્માર્ટ ડીવાઈસમાં પ્રી-ઈન્સ્ટોલ એપ્લિકેશન એટલે કે પહેલાંથી જ એપ્લિકેશન ઈન્સ્ટોલ હોય છે. બ્લોટવેર એક સોફ્ટવેર જ હોય છે જે એન્ડ્રોઈડ મોબાઈલમાં યુઝર ઈન્ટરફેસ સાથે જ ઈન્સ્ટોલ કરવામાં આવે છે. (Unwanted software included on new computer or mobile devices by the manufacturer) જેમ કે મ્યુઝિક પ્લેયર જેવી એપ્લિકેશન. ઘણી વાર મોબાઈલમાં બિનજરૂરી એપ્લિકેશન ઈન્સ્ટોલ હોય છે જેને આપણે અન-ઈન્સ્ટોલ કરી શકતા નથી. જે બિનજરૂરી મોબાઈલમાં જગ્યા રોકે છે. જેના કારણે મોબાઈલની સ્પીડ સ્લો થાય છે.

બ્લોટવેરમાં ઘણી બિનજરૂરી એપ્લિકેશન હોય છે જેમકે વેબ બ્રાઉઝર, વેબકિટ, વૉલેટ, હેલ્થ ની એપ્લિકેશન, એનાલિટિક્સ, ક્લીનર, સેમસંગ બીક્સબી, ગેલેક્સી વોચ, સેમસંગ શોપ, સેમસંગ ક્લાઉડ વગેરે. આવી ઘણી એપ્લિકેશન પ્રી-ઈન્સ્ટોલ હોય છે. અને આવી એપ્લિકેશની રેગ્યુલર અપડેટ પણ આવે છે જેથી ડેટાનો પણ બિનજરૂરી વપરાશ થાય છે.

બ્લોટવેરના કારણે જે પ્રી-ઈન્સ્ટોલ એપ્લિકેશન હોય છે તે સ્પાયવેર તરીકે કામ કરે છે. એટલે કે જે પ્રી-ઈન્સ્ટોલ એપ્લિકેશન હોય છે તે યુઝર્સની માહિતી અને ડેટાનો વપરાશ સંબધિત માહિતી જે તે મોબાઈલ કંપની સુધી પહોંચાડે છે. જેથી ડેટા-બ્રીચ થવાની શક્યતા વધે છે.

બ્લોટવેરથી બચવા માટે મોબાઈલ લેતાં પહેલાં મોબાઈલમાં કયું યુઝર ઈન્ટરફેસ છે તે જાણી લેવું ખૂબ જ જરૂરી છે. iPhone અને Google બેઝ એન્ડ્રોઈડ મોબઈલમાં બ્લોટવેર નહિવત હોય છે. એટલે બ્લોટવેરથી બચવા માટે આવા ડીવાઈસનો ઉપયોગ કરવો હિતાવહ છે.

@beinghumanmj

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# વડતાલ મંદિરની ચૂંટણીમાં દેવપક્ષને સ્પષ્ટ બહુમતી

- ગૃહસ્થ વિભાગની ચાર બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી
- કુલ ૩૮૦૦૦ હજાર મતમાંથી દેવપક્ષને ૩૨૫૦૦ મત મળ્યા, બોર્ડ મિટિંગમાં દેવપ્રકાશજી ફરી ચેરમેન પદે વરાયા

નડિયાદ : ૧૬મી માર્ચે મોડી સાંજે વડતાલ મંદિરના મેનેજિંગ બોર્ડની ચૂંટણનાં પરિણામો જાહેર થયાં હતા. બોર્ડના ગૃહસ્થ વિભાગની ચાર બેઠકો પર દેવપક્ષના ઉમેદવારોનો સ્પષ્ટ બહુમતીથી વિજય થયો છે. કુલ પડેલા ૩૮૦૦૦ જેટલા મતોમાંથી દેવપક્ષને ૩૨,૫૦૦ મતો જેટલી જંગી બહુમતી મળી છે.

૧૪મી માર્ચે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના કુલ ૯૪ જેટલાં મતદાન મથકો પર યોજાયેલી ચૂંટણીનું ૧૬મી માર્ચે મોડી રાતે પરિણામ આવ્યું હતું. ૧૬મી માર્ચે મોડી રાત સુધી મતગણતરી ચાલી હતી. ૭ રાઉન્ડના અંતે દેવપક્ષોના ચારેય ઉમેદવારની પેનલ ભારે બહુમતીથી વિજયી જાહેર થઈ હતી. વડતાલ મેનેજિંગ બોર્ડની ગૃહસ્થ વિભાગની ચાર બેઠકો પર દેવપક્ષના પ્રદીપભાઈ બારોટ, શંભુભાઈ કાછડીયા, સંજયભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ સ્પષ્ટ બહુમતીથી જીતી ગયા હતા. આ ઉપરાંત ત્યાગી વિભાગની ત્રણ બેઠકો પર દેવપ્રકાશદાસજી સ્વામી, ઘનશ્યામ ભગત અને પ્રભુતાનંદજી બિનહરીફ ચૂંટાઈ ચૂક્યા છે. આ ચૂંટણીમાં પડેલા કુલ ૩૮,૦૦૦ જેટલા મતોમાંથી ૩૨,૫૦૦ જેટલા મતો દેવપક્ષના ઉમેદવારોને મળ્યા હતા. પરિણામો પછીની સવારે નવા ચૂંટાયેલા સભ્યોને આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. બોર્ડ મીટિંગમાં સર્વાનુમતે દેવપ્રકાશદાસજીને ફરી ચેરમેનપદે અને સંજયભાઈ પટેલને સેક્રેટરીપદે નિયુક્ત કરવામાં આવ્યા છે.



**કોને કેટલા મત મળ્યા**

| વિજેતા ઉમેદવાર | મળેલા મત | વિભાગ |
|---|---|---|
| પ્રદીપભાઈ નટવરલાલ બારોટ(મુંબઈ) | ૩૨૮૦૮ | ગૃહસ્થ |
| શંભુભાઈ બાલચંદભાઈ કાછડીયા(સુરત) | ૩૨૭૬૯ | ગૃહસ્થ |
| સંજયભાઈ શાંતિલાલ પટેલ(ભરૂચ) | ૩૨૮૪૦ | ગૃહસ્થ |
| મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ(વડતાલ) | ૩૨૫૮૩ | ગૃહસ્થ |
| દેવપ્રકાશદાસજી સ્વામી | બિનહરીફ | ત્યાગી |
| ઘનશ્યામ ભગત | બિનહરીફ | ત્યાગી |
| પ્રભુતાનંદજી | બિનહરીફ | ત્યાગી |

# જૂનાગઢના ઐતિહાસિક મકબરાઓ ફરી ધારણ કરશે પ્રાચીન ભવ્યતા

- ૧૦૦ વર્ષ કરતા વધુ જૂના મકબરાઓ કલા અને કોતરકામની દ્રષ્ટિએ છે જૂનાગઢના આભૂષણ સમાન

જૂનાગઢ : જૂનાગઢમાં ૧૦૦ વર્ષ કરતા વધુ જૂના મકબરાઓના જીર્ણોધ્ધારનું કામ ચાલી રહ્યું છે. તે પૂર્ણ થયા બાદ આ બંને મકબરા પોતાની પ્રાચીન ભવ્યતા ફરી ધારણ કરશે. અને જૂનાગઢના પ્રવાસન સ્થળોમાં ઉમેરાશે. આ બંને મકબરાઓ કલા અને કોતરકામની દ્રષ્ટિએ જૂનાગઢના આભુષણ સમાન છે. શહેરના કોર્ટ રોડ પર આવેલા મહોબત મકબરો વિક્રમ સંવત ૧૮૮૨ થી ૯૨ દરમ્યાન ૩,૯૭,૬૪૭નો ૧૧ આનાના ખર્ચે તૈયાર થયો હતો. આ મકબરાને ૧૯૬ વર્ષ થયા છે. આ મકબરાનું બાંધકામ ઈન્ડો ઈસ્લામીક સૈલીમાં થયેલું છે. મહાબતખાન બીજાના સમય દરમ્યાન આ મકબરાનું બાંધકામ શરૂ થયું હતું. પરંતુ તે દરમ્યાન મહાબતખાનનું નિધન થતા બહાદુરખાન ત્રીજાએ આ કામ પૂર્ણ કરાવ્યું હતું. જયારે બાજુમાં આવેલો મકબરો વજીરપદે રહેલા બહાઉદીન ભાઈએ બંધાવેલો છે. વિક્રમ સંવત ૧૯૪૭થી ૧૯૫૨ માં બનેલા આ મકબરાનો ખર્ચ ૮૪૫૫૯ અને સાત આના થયો હતો.

# રાજ્યમાં બે વર્ષમાં ૧૫૭ કસ્ટોડિયલ ડેથ, છતાં એક PI સહિત ૭ કર્મચારી જ સસ્પેન્ડ

ગાંધીનગર : નેશનલ હ્યુમન રાઈટ કમિશનની અસંખ્ય નોટીસો છતાંયે દેશમાં સૌથી વધુ પ્રમાણમાં ગુજરાતમાં કસ્ટોડિટલ ડેથ થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં ૭૦ અને ૨૦૨૦માં ૮૭ એમ બે વર્ષમાં ૧૫૭ આરોપીઓના કસ્ટોડિયલ ડેથ થયા છે. જેમાંથી એકલા અમદાવાદ અને કચ્છમાં જ ૪૮ કસ્ટોડિયલ ડેથ હોવાનું વિધાનસભામાં જાહેર થયુ છે. અસંખ્ય ઘટનાઓ છતાંયે માત્ર એક ઈન્સ્પેક્ટર, ૨ સબ ઈન્સ્પેક્ટર સહિત કુલ ૭ પોલીસ કર્મચારી, અધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે ૨૦ જેટલા પોલીસ કર્મીઓ સામે અન્ય પ્રકારની કાર્યવાહી ચાલી રહી છે.

પેટાલાદના ધારાસભ્ય નિરંજન પટેલે પુછેલા સવાલના જવાબમાં ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ માહિતી જાહેર કરી હતી. વર્ષ ૨૦૨૦માં તો લોકડાઉન અને મહામારીને કારણે ગંભીર પ્રકારના ગુના ઘટયા હતા. છતાંયે કસ્ટોડિયલ ડેથનું પ્રમાણ વધ્યુ છે. બે વર્ષમાં કસ્ટોડિયલ ડેથના કિસ્સામાં જવાબદાર ૧ ઈન્સ્પેક્ટર સહિત ૭ને સસ્પેન્ડ કરવા ઉપરાંત ૧ ઈન્સ્પેક્ટર, ૧ સબ ઈન્સ્પેક્ટર અને ૩ કોન્સ્ટેબલ સામે ખાતાકિય તપાસ ચાલુ છે. ખાનપૂર ઝોલન ઓબ્ઝર્વેશન હોમના ૪ કર્મચારી સહિત પાંચની સામે ગુન્હો નોંધ્યો છે. મહેસાણામાં ઓબ્ઝર્વેશન હોમમાં ૩ કર્મચારી ઉફરાંત ૧ ઈન્સ્પેક્ટર, ૧ સબ ઈસ્પેક્ટર અને ૭ કોન્સ્ટેબલ સામે આઈપીસીની કલમ ૩૨૦ હેઠળ ગુનો દાખલ કરીને ચાર્જસીટ દાખલ કરી છે. આ સિવાય પણ ૭ પોલીસ કર્મીઓ સામે રોકડ દંડ, ઈજાફા અટકાવવા જેવા પગલા લેવાયા છે. ગટરમાં મૃત્યુ પામેલા સફાઈ કર્મચારીઓને વળતર મુદ્દે વર્ષ ૨૦૦૩ના સુપ્રિમના ચૂકાદાનો ગુજરાતમાં અમલ થયો નથી.અમદાવાદમાં ૨૩ અને સુરતમાં ૧૧ એમ ૩૪ કર્મીઓના વારસદારોને રૂ.૧૦ લાખનું વળતર મળ્યુ નથી.

# હાલોલમાં આઠ માસના પુત્રને ગળું દબાવી મારી નાંખ્યા બાદ પરિણીતાની આત્મહત્યા

- પતિ, સાસરિયાના ત્રાસથી કંટાળીને યુવાન પરિણીતાનું અંતિમ પગલું, ગુનો દાખલ

હાલોલ : વાંકડિયા ગામની રેશમા છત્રસિંહ રાઠવાના ત્રણ વર્ષ પહેલા હાલોલ તાલુકાના મોટી ઉભરવણ ગામે રહેતા કમલેશ મહેશભાઈ રાઠવા સાથે લગ્ન થયા હતા. શરૂઆતમાં રેશમા તેમજ કમલેશનો સંસાર સારો ચાલતો હતો. પરંતુ પુત્ર વિહાનના જન્મ બાદ રેશમાનો પતિ કમલેશ, સસરા મહેશભાઈ તથા સાસુ સુગરીબેને રેશ્માને ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. તું



કામ બરાબર કરતી નથી, જમવાનું સારું બનાવતી નથી, ખેતરમાં કામ કરતી નથી. તું અમને માથે પડી છે, તું મરી જા, અમારે તને રાખવી નથી તેમ જણાવી માનસિક ત્રાસ આપતા હતા. પતિ અને સાસરિયાના ત્રાસથી કંટાળી રેશ્માએ તેના ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે તું મને ઘરે લઈ જા જેથી રેશ્માને તેનો ભાઈ વાંકડીઆ ખાતે ઘરે લઈ આવ્યો હતો. ત્યારબાદ થોડા દિવસ પછી કમલેશ સાસરીમાં આવી પરિવારજનો સાથે સમાધાનની વાતો કરી ભવિષ્યમાં આવું નહીં થાય તેમજ મારા માતા-પિતા પણ તેને કશું કહે નહિ તેમ કહી રેશ્માને સાસરીમાં મોટી ઉભરવણ ગામે લઈ આવ્યો હતો. રેશ્માને લાગ્યું કે હવે જીવન જીવવું નથી તેવું નક્કી કરી પ્રથમ આઠ માસના પુત્ર વિહાનનું ગળુ દબાવી મોત નિપજાવ્યું હતું અને બાદમાં પોતે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

# ખેડૂત ખાતેદાર હવે ઓનલાઈન જ વારસાઈની નોંધ દાખલ કરી શકશે

અમદાવાદ : ગુજરાત સરકારે આઈ-ઓરા પ્લેટફોર્મ પર ગુજરાતના ખેડૂતને ઓનલાઈન વારસાઈની નોંધ દાખલ કરવાની સુવિધા પૂરી પાડવાની જાહેરાત કરી છે. મહેસૂલ મંત્રી કૌશિક પટેલે ગૃ હમાં બોલતા જણાવ્યુંહતું કે ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગે નક્કર કદમ ઊઠાવ્યા છે. આઈ-ઓરા નામના સરકારી પ્લેટફોર્મ પર જઈને મહેસૂલ વિભાગની ઘણી બધી સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વારસાઈના અનુસંધાને પેઢીનામું બનાવવાની જોગવાઈઓનો ખ્યાલ આપતા તેમણે જણાવ્યું હતું કે હક્કપત્રકે ખાતેદારની વારસાઈના કિસ્સામાં, સીધી લીટીના વારસોની હયાતીના હક્ક દાખળના કિસ્સામાં તથા કૌટુંબિક વહેંચણીના કિસ્સામાં પેઢીનામાની જરૂર પડે છે. ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિભાગ હેઠલના તલાટી કમ મંત્રી તેમજ શહેરી વિસ્તારમાં સિટી -કસ્બા તલાટી દ્વારા પેઢીનામું બનાવી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. અરજદાર દ્વારા પ્રતિષ્ઠિત વ્યક્તિઓની રૂબરૂમાં લખ્યાવ્યા અનુસરાર પેઢીનામું તૈયાર કરવાનું હોય છે. તેમ જ સમાવવા પાત્ર નામો પૈકી કાયદેસરના વારસદારનું નામ રહી ન જાય તે ધ્યાનમાં રાખીને અરજદાર દ્વારા નિયત મનુનામાં સક્ષમ અધિકારી સમક્ષ સોગંદ નામું રજૂ કરવાનું રહેશે.

# કેનેડાના વિઝા અપાવવાના બહાને અનેક લોકોના ૧.૬૦ લાખ લઈ ભેજાબાજ ફરાર

વડોદરાઃ ફતેગંજ વિસ્તારમાં રિઅલ એસ્ટેટ અને વિઝાની ઓફિસ ચલાવતા એક ભેજાબાજે કેનેડાના વિઝાના નામે લોકો સાથે છેતરપિંડી કરી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. સલાટવાડમાં રહેતા દિપસિંહ દોડિયાએ નવેમ્બર-૨૦૧૯માં આકાશ હરબિન્દરસિંગ ઢીલ્લોન (રહે.ગુરૂ હરબ નિવાસ, ફતેગંજ) નો કેનેડાના વિઝા માટે સંપર્ક કર્યો હતો. આકાશે તેને તાત્કાલિક વિઝા અપાવવાના નામે ઓનલાઈન પેમેન્ટ મેળવી કુલ રૂા.૧.૬૦ લાખ પડાવી લીધા હતા.પરંતુ ત્યારબાદ તપાસ કરતાં આકાશે વિઝા માટે કોઈ પ્રોસેસ કરી જ નહીં હોવાની વિગતો બહાર આવી હતી. સયાજીગંજના પીએસઆઇ કેવી ડાંગરે કહ્યું હતું કે,આકાશ લોકડાઉનથી ફરાર થઇ ગયો છે.તેણે અમદાવાદ અને અન્ય શહેરના યુવકો સાથે વિઝાના નામે ફી લીધી હોવાની

# ઔદ્યોગિક એકમમાં ૨૧૮ કામદારનાં અકસ્માતે મોત, ૯૫ ઘટના ભરૂચની

અમદાવાદ : ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં બેદરકારી કે અકસ્માતના કારણે ૨૭૭ કામદારોનાં મોત થયાં છે. સૌથી વધુ મોત ભરૂચ જિલ્લામાં ૯૫, એ પછી અમદાવાદ જિલ્લામાં ૬૧ અને વલસાડ જિલ્લામાં ૩૮ મોતની ઘટનાઓ નોંધાઈ છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં મંગળવારે રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીએ કોંગ્રેસના ધારાસભ્યોના સવાલના જવાબમાં આ માહિતી પૂરી પાડી છે. શ્રમજીવીઓના મોતની ઘટના બાદ તેમના વારસોને વળતર અંગે સરકારે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા કોઈ વળતર ચુકવાતું નથી પરંતુ અકસ્માત મોતના કિસ્સામાં મૃત્યુ પામારના કામદારના વારસોને ઈએસઆઈ એક્ટ હેઠળ વળતર અપાય છે, એકમો સામે ફોજદારી કેસો કરવામાં આવે છે. એકલા ભરૂચ જિલ્લામાં જ ૩૮ એકમો સામે ૪૦ ફોજદારી કેસો દાખલ કરાયા છે. ઉદ્યોગ એકમોમાં આગની ઘટનાઓ પણ વધી છે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આગની ૨૬ ઘટનામાં ૧૫ કામદારોના મોત અને ૧૨ કામદારો ઘાયલ થયા હતા. અમદાવાદ જિલ્લામાં આગની કુલ ૨૦ અને ગાંધીનગર જિલ્લામાં છ ઘટનાઓ બની હતી.

# રાજ્યમાં દહેજનું દૂષણ : ૩ વર્ષમાં ૯૦ મહિલાઓએ ત્રાસી જઈ જીવન ટૂંકાવ્યું

અમદાવાદ : ગુજરાતમાં છેલ્લા ૩ વર્ષમાં ૯૦ મહિલાઓએ દહેજના દૂષણથી પરેશાન થઈને જીવન ટૂંકાવ્યું છે. ગુજરાતની ગણના દેશના વિકસિત રાજ્યમાં થાય છે. પરંતુ સ્ત્રીને દહેજના દૂષણ સામે રક્ષણ આપવામાં હજુ પણ ઘણું પાછળ છે. છેલ્લા ૩ વર્ષમાં દહેજને કારણે સુરતમાંથી સૌથી વધુ ૫૩ મહિલાઓએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. સુરતમાં દહેજને મામલે ૩ વર્ષમાં ૧૫૨ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવેલી છે. રાજ્યમાંથી અન્યત્ર છેલ્લા ૩ વર્ષમાં દહેજને કારણે બનાસકાંઠામાં ૧૧, મોરબીમાં ૮, વડોદરામાં ૬, પાટણમાં ૪ જ્યારે કચ્છ-રાજકોટ-પોરબંદર-છોટા-ઉદેપુર-વલસાડમાં ૧- સ્ત્રીએ દહેજને કારણે પોતાનું જીવન ટૂંકાવ્યું છે. છેલ્લા ૩ વર્ષમાં દહેજ માગવા બદલ કચ્છ-પાટણમાંથી ૩૨, મોરબીમાંથી ૨૫, વડોદરામાંથી ૧૯ની ધરપકડ કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રની નગરપાલિકાની સત્તા હવે નવા સુકાનીના હાથમાં

અમરેલીઃ અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી જેને લઈને જિલ્લાની ૫ નગરપાલિકાના પ્રમુખો અને ઉપ પ્રમુખોની વરણી કરવામાં આવી હતી. અમરેલી નગરપાલિકાના પ્રમુખ પદે મનીષાબેન રામાણીની વરણી થઈ છે તો ઉપપ્રમુખ પદે રમાબેન મહેતાની વરણી થઈ છે.



સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ પદે તૃપ્તિબેન દોશીઅને ઉપ પ્રમુખ પદે જયસુખ નાકરાણીની વરણી થઈ છે. બાબરામા પ્રમુખ પદે રેખાબેન આંબલિયા અને ઉપ પ્રમુખ પદે આશાબેન તેરૈયાની વરણી થઈ છે. બગસરામાં પ્રમુખ પદે પરેશ ખીમસૂરિયાની વરણી થઈ છે તો ઉપ પ્રમુખ પદે રાજુ ગિડાની વરણી થઈ છે. દામનગરની વાત કરીએ તો પ્રમુખ પદે ચાંદનીબેન નારોલાની વરણી થઈ છે તો ઉપ પ્રમુખ પદે ગોબરભાઈ નારોલાની વરણી થઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નગરપાલિકાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. અમરેલી જિલ્લાની પાંચ નગરપાલિકાઓમાં ભાજપને બહુમતી મળી છે જેને લઈને અમરેલી ભાજપના પ્રમુખ જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં પાલીકાના કામો દ્વારા વિકાસ કરવામાં આવશે અને જે સમસ્યા લોકોને સતાવતી રહી છે તે દૂર કરવાનો પ્રયત્ન કરશો.

## રાવલ પાલિકામાં VVPએ ભાજપને આપ્યો આંચકો

દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આવેલી રાવલ નગરપાલિકાનું સુકાન વ્યવસ્થા પરિવર્તન પાર્ટીએ સાંભળ્યું હતુ. સામાન્ય સભામાં રાવલ પાલિકાના પ્રમુખપદે વ્યવસ્થા પરિવર્તન પાર્ટીના મનોજ જાદવ અને ઉપપ્રમુખ પદે લીલુ સોલંકી ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં ભાજપના પ્રમુખ પદના દાવેદાર જશાઇ જમોદને ૮ મત મળ્યા હતા અને ઉપપ્રમુખ પદના દાવેદાર લીલુ ગામીને ૮ મત મળ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસના ચાર સભ્યોએ પણ વ્યવસ્થા પરિવર્તન પાર્ટીના ઉમેદવારને મત આપતા ભાજપની દરખાસ્ત પરાસ્ત થઈ હતી.

## વાંકાનેર નગરપાલિકામાં ભાજપમાં બળવો : અસંતૂષ્ટ સભ્યોનું શાસન

વાંકાનેર નગરપાલિકામાં સભ્યોએ પ્રમુખ તરીકે જયશ્રીબેન સેજપાલ અને ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રસિંહ જાડેજાનું નામ મવડી મંડળ અને જિલ્લા ભાજપ સમક્ષ સૂચવ્યું હતું, પરંતુ આંતરિક ખેંચતાણમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દ્વારા બહુમતી સભ્યોની માંગણીથી વિપરીત પ્રમુખ તરીકે રીટાબા ગજેન્દ્રસિંહ રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે જયશ્રીબેન ભરતભાઈ સુરેલાનો મેન્ડેડ આપતા ૧૬ સભ્યોએ બગાવત કરી અપક્ષને સત્તા આપી હતી. ભાજપના આદેશ મુજબ પ્રમુખ તરીકે રીટાબા રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે જયશ્રીબેન સુરેલાને મત આપવાનો હતો. પરંતુ ભાજપના અન્ય ૧૫ સભ્યોએ પાર્ટી આદેશનો અનાદર કર્યો હતો. સામાપક્ષે અપક્ષ ચોકો રચનાર ભાજપના જ ૧૫ અસંતૂષ્ટ સભ્યોએ બહુમતી સાથે જયશ્રીબેન સેજપાલને પ્રમુખ તરીકે અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને ઉપપ્રમુખ તરીકે વિજેતા બનાવતા ભાજપમાં સોંપો પડી ગયો છે.

## જામનગરમાં વકીલ જોશીની હત્યામાં ભૂમાફિયા જયેશના ૩ સાગરિત ઝબ્બે

જામનગરઃ જામનગરના ચકચારી વકીલ કિરીટ જોશીના હત્યા કેસ મામલે પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ભૂમાફિયા જયેશ પટેલનાં ૩ સાગરિત દિલીપ ઠક્કર, હાર્દિક ઠક્કર અને જયંત ગઢવીની કોલકાતાથી ધરપકડ કરી લીધી છે. ૨૯ એપ્રિલ ૨૦૧૮માં કિરીટ જોશીની હત્યા કરી દેવામાં આવી હતી. બાઈક લઈને આવેલા બે શખ્સોમાંથી એક શખ્સ છરી લઈને રસ્તાની વચ્ચે જ કિરીટ જોશી પર તૂટી પડ્યો હતો. આ સમયે અનેક લોકો અહીં હાજર હતા પરંતુ કોઈ પણ તેમના બચાવમાં આવ્યા ન હતા. હત્યા પહેલા રૂ.૧૦૦ કરોડના જમીનનો વિવાદ ચાલતો હતો. જામનગરના ચકચારી ૧૦૦ કરોડના ઈવા પાર્ક જમીન કૌભાંડનો કેસ ફરિયાદી પક્ષે કિરીટ જોશી લડી રહ્યા હતા. આ કેસમાં ૫ જેટલા ગુનાઓમાં જયેશ પટેલને જામનગરની સેશન્સ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં આગોતરા અને નિયમિત જામીન મળવામાં સતત નિષ્ફળતા મળતી હતી.

## કચ્છના ઈતિહાસમાં સૌપ્રથમવાર ભુજમાં પિતા બાદ પુત્ર નગરપતિ

ભુજ : ભુજમાં ભાજપે કોંગ્રેસના સુપડા સાફ કરતો વિજય મેળવ્યા બાદ નગરપતિ તરીકે જૂના જનસંઘી અને જિલ્લા ભાજપનાં મીડિયા કન્વીનર ઘનશ્યામ આર. ઠક્કરને તક આપી છે. તેમના પિતા સ્વ.રસિકભાઈ ઠક્કર પણ ચાર ટર્મ નગરસેવક બન્યા હતા અને આ દરમિયાનમાં તેઓએ નગરપતિ અને કારોબારી ચેરમેનનો હોદો પણ સંભાળ્યો હતો. તેમની માતા સ્વ.હસ્તાબેન ઠક્કર પણ નગરસેવક રહી ચૂક્યા છે. તે જોતાં પિતા બાદ પુત્ર નગરપતિ તરીકે આરૂઢ થયા હોવાની કચ્છની નગરપાલિકાઓનાં ઈતિહાસમાં પ્રથમ ઘટના છે. ભુજપાલિકામાં મંગળવારે સામાન્ય સભા મદદનીશ કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં નગરપતિ તરીકે ઘનશ્યાભાઈ ઠક્કર અને ઉપપ્રમુખ તરીકે રેશ્માબેન ઝવેરી બિનહરીફ વિજેતા બન્યા છે.

## કચ્છમાં શંકાશીલ પતિએ તેની પત્નીને છરી મારીને માથું ચૂલામાં નાખી દીધું

ભૂજઃ ભચાઉ તાલુકાના ભરૂડિયા ગામે આવેલ રવેચીનગરમાં રહેતા ૪૫ વર્ષીય ગજરાબા હેતુભા સોઢાની રહેણાક મકાનમાંથી લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં ભચાઉ પીઆઈ એસ. એન. કરંગિયા સહિતનો કાફલાએ ભરૂડિયા ધસી જઈ લાશનો કબજો મેળવી પીએમની કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂડિયામાં મહિલાની લાશ મળી આવ્યાના બનાવમાં તેણીને તેના પતિ હેતુભા જુજારસંગ સોઢા, રહે. રવેચીનગર, ભરૂડિયા સાથે શંકાશીલ સ્વભાવનો હોઈ અવાર નવાર ગૃહકંકાસ થતો હતો, જેમાં ગત મંગળવારના સાંજના અરસામાં આરોપી હેતુભા ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલાને છરીના ઉપરા છાપરી ઘા માર્યા બાદ ચૂલામાં માથું ધકેલી દીધું હોવાનો સ્ફોટક ખુલાસો થયો હતો.પીઆઈ એસ. એન. કરંગિયાએ જણાવ્યું હતું કે, ભરૂડિયા ગામે ગજરાબા સોઢાને તેના પતિએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી નાખ્યા હતા.

## રાજકોટમાં પ્રેમીએ લગ્નની ના પાડતાં 3 પુત્રીની માતાએ ઝેરી દવા પીધી

રાજકોટ શહેરના એરપોર્ટ રોડ પર અમરજીત નગરમાં રહેતાં આરતીબહેન વિનોદભાઈ રાઠોડ (ઉં-૨૫) નામની પરિણીતાએ પાડોશમાં રહેતાં હિરેન રાઠોડના ઘરે ઝેરી દવા પી જતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરતીને સંતાનમાં ત્રણ પુત્રી હોવાનું અને પતિ સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. છેલ્લા એક વર્ષથી પાડોશી હિરેન રાઠોડ સાથે પ્રેમ સંબંધ હોય પરંતુ હિરેનના લગ્ન એક માસ અગાઉ અન્ય યુવતી સાથે થઈ જતાં બંને વચ્ચે બબાલ ચાલતી હતી.

## કચ્છમાં બહેનના મૃતદેહ પાસે ઉભા રહીને ભાઈ બોલ્યો-'પ્રેમસંબંધ હતો એટલે મેં તેને પતાવી દીધી'

ભુજ : કચ્છના બારોઈના મારુતિનગર વિસ્તારમાં એક યુવકે જાહેરમાં તેની મોટી બહેન પર છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી. હત્યાને અંજામ આપ્યા બાદ યુવક છરી લઈને મૃતદેહની આસપાસ જ ફરતો રહ્યો હતો. બહેનના પ્રેમસંબંધની આશંકાએ હત્યાસૂત્રો પાસેથી મળતી પ્રાથમિક માહિતી મુજબ આરોપી પ્રેમસંગ નારૂભા રાઠોડને પોતાની મોટી બહેન રીનાબા નારૂભા રાઠોડને કોઈ અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા ગઈ હતી. તે વાતનો વહેમ રાખી બારોઈનના મારુતિ નગર જેવા પોશ એરિયાના જાહેર મેદાનમાં છરીના ઉપરાઉપરી અનેક ઘા મારીને કરપીણ હત્યા નિપજાવી દીધી હતી. હત્યા કર્યા બાદ મૃતદેહ પાસે આરોપી છરી સાથે ઉભો હોય તેવો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં આરોપી કહી રહ્યો છે કે, પ્રેમ સંબંધ હતો એટલે પતાવી દીધી.






# પાંચ ચૂંટણીવાળા રાજ્યોમાંથી ૩૩૧ કરોડ રોકડ જપ્ત, તમિલનાડુમાંથી સૌથી વધુ મળી

- **આસામમાં પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારો પૈકી ૧૬ ટકા સામે ક્રિમિનલ કેસો ચાલી રહ્યાં છે**

નવી દિલ્હી : ટૂંક સમયમાં તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, આસામ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે ત્યારે આ રાજ્યોમાંથી અત્યાર સુધીમા ૩૩૧ કરોડ રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા છે. હજુ તો ચૂંટણી શરૂ પણ નથી થઇ ત્યારે આ રકમ ૨૦૧૬માં આ રાજ્યોમાં જેટલી રકમ પકડાઇ છે તેનાથી વધી ગઇ છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે હજુ તો ચૂંટણી શરૂ થઇ નથી અને આટલી મોટી રકમ પકડાવી એ એક ચિંતાજનક બાબત છે. અત્યાર સુધી સૌથી વધુ ૧૨૭.૬૪ કરોડ રૂપિયા તમિલનાડુમાંથી જ્યારે ૧૧૨.૫૯ કરોડ રૂપિયા પશ્ચિમ બંગાળમાંથી જપ્ત કરવામાં આવ્યા છે. પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી અગાઉ કાળા નાણાં પર અંકુશ મેળવવા માટે ચૂંટણી પંચે ૨૯૫ ખર્ચ સમીક્ષકોની નિમણૂક કરી છે. ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ખર્ચ સમીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવી છે. આ દરમિયાન આજે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ(એડીઆર) દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ આસામ વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો પૈકી ૧૬ ટકા ઉમેદવારો વિરુદ્ધ ક્રિમિનલ કેસો નોંધાયેલા છે. આસામ ઈલેક્શન વોચ અને એડીઆરએ પ્રથમ તબક્કામાં ઉભેલા ૨૬૪ ઉમેદવારો પૈકી ૨૫૯ ઉમેદવારોએ ચૂંટણી પંચને રજૂ કરેલા એફિડેવિટનો અભ્યાસ કરી આ અહેવાલ તૈયાર કર્યો હતો. ૨૫૯ પૈકી ૪૧(૧૬ ટકા) ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ ચાલી રહ્યાં છે. તે પૈકી૩૪ એટલે કે ૧૩ ટકા ઉમેદવારો સામે ગંભીર પ્રકારના ક્રિમિનલ કેસો ચાલી રહ્યાં છે.

# બંગાળમાં ટિકિટ મુદ્દે ભાજપમાં ડખો, ટોચના નેતાઓ ઉપર હુમલા, ઘેરાવો

કોલકાતા : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મંગળવારે કહ્યું કે, કેન્દ્ર સરકાર નક્કી કરશે કે કોની ધરપકડ કરવી છે અને કોની નહીં. શું ભાજપ મારી હત્યાનું કાવતરું કરી રહ્યો છે? હું કોઈનાથી ડરવાની નથી. બીજી તરફ બંગાળ ભાજપમાં ટિકિટ વહેંચણી મુદ્દે ઉગ્ર અસંતોષ ફાટી નિકળ્યો હતો. કોલકાતા અને અન્ય શહેરોમાં ભાજપના નેતાઓ પર હુમલા અને ઘેરાવની ઘટનાઓ બની હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભાજપના ટોચના નેતાઓને તાત્કાલિક દિલ્હી તેડાવ્યાં હતા. મમતાએ વધુમાં જણાવ્યું કે, ડોક્ટર્સે મને આરામ કરવાનું કહ્યું હતું પણ મેં તેમની વાત માની નથી. જો હું ઉંઘી જતી અને આરામ કરતી તો ભાજપ લોકોને દર્દ આપતો હોત. આ પીડા અસહનીય હોત. ભાજપને ખબર છે કે, મમતાને રોકી શકાય તેમ નથી. ભાજપ લોકોને પૈસા આપીને નેતાઓની રેલીઓમાં બોલાવે છે. લોકોએ પૈસા લઈને વોટ ટીએમસીને આપી દેવો જોઈએ. ભાજપના નેતા રાજનાથ સિંહે પ્રચાર દરમિયાન જણાવ્યું કે, અહીંયા કટકીબાજોની સરકાર છે. આગામી ચૂંટણીમાં ભાજપ હવે બહુમતી સાથેની સરકાર બનાવશે. સૌરવ ગાંગુલી જેમ બંગાળમાં સિક્સર ફટકારતા હતા તેવી જ રીતે ભાજપ હવે ચૂંટણીમાં વિજયની સિક્સ મારશે.

# શેરબજારમાં કડાકો : પાંચ દિવસમાં રોકાણકારોના ૮ લાખ કરોડ ધોવાયા

મુંબઈ : કોરોનાના કહેર અને વૈશ્વિક બજારો તેમજ યુએસ બોન્ડની ઉપજમાં વધારાને કારણે દેશનાં શેરબજારોમાં સતત પાંચમા દિવસે મંદી છવાયેલી રહી હતી. છેલ્લા પાંચ દિવસમાં સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટ કરતા વધુનો ઘટાડો થયો હતો. જેને પરિણામે રોકાણકારોની સંપત્તિમાં પાંચ દિવસમાં રૂ. ૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું. છેલ્લા પાંચ દિવસમાં સેન્સેક્સમાં ૨૦૬૩ પોઈન્ટનું અને નિફ્ટીમાં ૬૧૭ પોઈન્ટનું ગાબડું પડયું હતું. અમેરિકાના બોન્ડની ઉપજ ૧.૫૪ ટકાથી વધીને ૧.૭૪ ટકા થતા માર્કેટ પર તેની અસર જોવા મળી હતી અને વિદેશી રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. બીએસઈમાં લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ ૧૦ માર્ચે રૂ. ૨૦૯.૨૬ લાખ કરોડ હતું જે ગુરુવારે ઘટીને રૂ. ૨૦૧.૨૨ લાખ કરોડ થયું હતું. યુએસ ફેડ રિઝર્વ દ્વારા વ્યાજનાં દર યથાવત જાળવી રાખવાની જાહેરાતને કારણે માર્કેટનું સેન્ટિમેન્ટ ખરડાયું હતું. બેન્કિંગ, આઈટી, ફાર્મા અને ટેકનોલોજી શેરોમાં ચારે તરફ વેચવાલીનો માહોલ છવાયો હતો માર્કેટમાં ગુરુવારે છેલ્લા કલાકોમાં પ્રોફિટ બુકિંગને કારણે વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ ૫૮૫.૧૦ પોઈન્ટ કે ૧.૧૭ ટકા ઘટીને ૪૯,૨૧૬,૫૨ પોઈન્ટ બંધ આવ્યો હતો.

# દિલ્હી, કેરળ, કર્ણાટકમાં એનઆઈએનું સર્ચ ઓપેરશન, આઈએસના ૩ આતંકી પકડાયા

- **નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૧૧ સ્થળોએ દરોડાં પાડયાં**




નવી દિલ્હી : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના અધિકારીઓએ દિલ્હી, કેરળ, કર્ણાટકમાં ૧૧ સ્થળોએ દરોડા પાડયા હતા. આતંકવાદી મોડયૂલનો પર્દાફાશ થયો હતો અને ત્રણ આતંકવાદીઓની ધરપકડ થઈ હતી. આ આતંકવાદી મોડયૂલમાં સંડોવાયેલા વધુ ૭ની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના પ્રવક્તાએ કહ્યું હતું કે એજન્સીના અધિકારીઓએ દિલ્હી, કેરળ, કર્ણાટકના કુલ ૧૧ સ્થળોએ દરોડાં પાડીને આઈએસના આતંકી મોડયૂલનો પર્દાફાશ કર્યો હતો. એ દરમિયાન ત્રણ આતંકવાદીઓની ધરપકડ થઈ હતી. આ આતંકવાદી ગ્રુપ કેરળનો લીડર મોહમ્મદ આમીન નામના આતંકવાદી હતો. તે ઉપરાંત તેના બે સાગરિતો - મુશાબ અનવર અને રઈશ રસીદની ધરપકડ કરીને એનઆઈએ દ્વારા આકરી પૂછપરછ કરવામાં આવી હતી. એ દરમિયાન આખા મોડયૂલનો પર્દાફાશ થયો હતો. આ આતંકવાદી પ્રવૃત્તિમાં વધુ સાત સંડોવાયા હોવાની જાણકારી પણ એજન્સીએ આપી હતી. આ સાતેય સામે ગુનો દાખલ કરીને અધિકારીઓએ આ આતંકીઓને પકડી પાડવાની કવાયત હાથ ધરી છે. આ આતંકવાદીઓ આઈએસ માટે આતંકવાદીઓની ભરતી કરતા હતા.

# ટીઆરપી કૌભાંડ : ઈડીએ ત્રણ ચેનલોની રૂપિયા ૩૨ કરોડની પ્રોપર્ટી જપ્ત કરી દીધી




મુંબઈ : બહુચર્ચિત ટીઆરપી કૌભાંડમાં ઈડી દ્વારા ત્રણ ચેનલોની રૂ. ૩૨ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી છે. આ ચેનલોનાં માલિકો અને સંચાલકો સહિત કેટલાક લોકો સામે મની લોન્ડરિંગનો કેસ કરવામાં આવ્યો છે. જે ચેનલોની સંપત્તિ જપ્ત કરાઇ છે તેમાં ફક્ત મરાઠી, બોક્સ સિનેમા અને મહા મૂવીનો સમાવેશ થાય છે. આ ચેનલો અને તેના સંચાલકોની મુંબઈ, ઈન્દોર, દિલ્હી, ગુરુગ્રામમાં આવેલી જમીન અને કોમર્શિયલ તેમજ રેસિડેન્શિયલ પ્રોપર્ટી જપ્ત કરાયા છે અને બેન્ક ખાતાઓ સીલ કરાયા છે. ઈડી દ્વારા આ કૌભાંડમાં ત્રણેય ચેનલો સામે આવતા અઠવાડિયે ચાર્જશીટ ફાઈલ કરશે. ઈડીએ આક્ષેપો કર્યા હતા કે આ ચેનલો દ્વારા ખોટી રીતે ટીઆરપી ઊભી કરીને છેલ્લા કેટલાક વર્ષમાં જાહેરાતો દ્વારા રૂ. ૪૬ કરોડની કમાણી કરાઇ હતી. બે ચેનલો બોક્સ સિનેમા તેમજ મહા મૂવી દ્વારા તેની કુલ ટીઆરપીમાંથી ૨૫ ટકા પાંચ મકાનોમાંથી ઊભી કરાઇ હતી આ મકાનોમાં ટીઆરપી માટેનાં બેરોમીટર લગાવવામાં આવ્યા હતા. ફક્ત મરાઠી ચેનલે કુલ ટીઆરપીમાંથી ૧૨ ટકા આવી બોગસ રીતે ઊભી કરી હતી.

# મોટા પ્રોજેક્ટો માટે ૨૦,૦૦૦ કરોડના ફંડ સાથે નેશનલ બેંકની રચના થશે

- **તમામ સરકારી બેંકોનું ખાનગીકરણ નહીં થાય : નાણામંત્રી નિર્મલા સીતારમન**

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલ કેન્દ્રીય કેબિનેટ ડેવલોપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યુશનની રચના કરવાના બિલને મંજૂરી આપી દીધી છે. નાણા પ્રધાન નિર્મલા સિતારમને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કરતી વખતે ડીએફઆઈની રચના કરવાની જાહેરાત કરી હતી. શરૂઆતમાં આ માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની મૂડી ઠાલવવામાં આવશે. દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રોકાણ કરવા માટે ડીએફઆઈ ફંડ ઉભુ કરશે. કેબિનેટ બેઠક પછી પત્રકારો સાથેની વાતચીતમાં સિતારમને જણાવ્યું હતું કે કેબિનેટની મંજૂરી મળી ગયા પછી હવે આ બિલને સંસદમાં રજૂ કરવામાં આવશે. સરકારને આશા છે કે આગામી કેટલાક વર્ષોમાં ડીએફઆઈ ૩ લાખ કરોડ રૂપિયા એકત્ર કરશે. સિતારમને વધુમાં જણાવ્યું હતું કે તમામ સરકારી બેંકોનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને જે બેંકોનું ખાનગીકરણ કરવામાં આવશે તે બેંકના કર્મચારીઓના હિતોનું રક્ષણ કરવામાં આવશે.

# હિમાચલના ભાજપ સાંસદ રામસ્વરૂપનું શંકાસ્પદ મોત, લટકતી લાશ મળી આવી

શિમલા : હિમાચલ પ્રદેશમાં મંડીના ભાજપ સાંસદનું શંકાસ્પદ સ્થિતિમાં મોત થયું છે. બુધવારે સવારે નવી દિલ્હી સ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી તેમનો મૃતદેહ છત સાથે લટકતો મળી આવ્યો હતો. દિલ્હી પોલીસના પીઆરઓ ચિન્મોય બિસ્વાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમનો મૃતદેહ પંખા સાથે લટકતો મળી આવ્યો હતો. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. હોસ્પિટલના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતાં. ૬૨ વર્ષીય શર્મા અનેક બિમારીઓથી પીડાતા હતાં. પોલીસના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં આત્મહત્યા કરી હોવાનું લાગે છે. જો કે તેમના ઘરમાંથી કોઇ સ્યુસાઇડ નોટ મળી આવી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આ કેસની તપાસ ચાલી રહી છે અને મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ પછી જ જાણવા મળશે.

# એન્ટિલિયા કેસ : સ્કોર્પિયોની નંબર પ્લેટ, પાંચ લાખ રોકડા મળી આવ્યા

- **સચિન વાઝે આ મર્સિડીઝ કાર ચલાવતો હતો તે કોની છે તેની તપાસ શરૂ કરવામાં આવી**

મુંબઈ : મુકેશ અંબાણીના ઘર એન્ટિલિયા નજીક વિસ્ફોટકોથી ભરેલી સ્કોર્પિયો કારના કેસમાં દરરોજ નવા સમાચાર બહાર આવી રહ્યા છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી એ મંગળવારે મર્સિડીઝ બેન્ઝ કાર જપ્ત કરી છે. એનઆઈએનું કહેવું છે કે સચિન વાજે આ કાર ચલાવતો હતો. વાહનમાંથી ઘણી મહત્વની વસ્તુઓ પણ મળી આવી છે. તપાસ એજન્સીએ મર્સિડીઝ કારને મુંબઈ ક્રાઈમ બ્રાંચની ઓફિસ નજીકના પાર્કિંગમાંથી હસ્તગત કરી છે. બ્લેક મર્સિડીઝ કારની શોધખોળ કર્યા પછી એનઆઈએનાં આઈજી અનિલ શુક્લાએ કહ્યું કે, એનઆઈએએ કાળી મર્સિડીઝ બેન્ઝ કબજે કરી છે. તેમાંથી સ્કોર્પિયો કારની નંબર પ્લેટ, રૂ .૫ લાખથી વધુની રોકડ, એક નોટ કાઉન્ટિંગ મશીન અને કેટલાક કપડાં મળી આવ્યા છે. સચિન વાઝે આ કાર ચલાવતો હતો પરંતુ આ કોની છે તેની તપાસ કરવામાં આવી રહી છે.''એવું કહેવામાં આવી રહ્યું છે કે આ કારનો ઉપયોગ મનસુખ હિરેનએ ૧૭ ફેબ્રુઆરીએ કર્યો હતો. એનઆઈએએ અગાઉ ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટ (સીઆઈયુ) ઓફિસમાં તપાસ કરી હતી.

# આગ્રામાં બાળક શૌચાલયના ખાડામાં પડ્યું, બચાવવા માટે ગયેલા ૪ સહિત પાંચના મોત

નવી દિલ્હી : આગ્રાના ફતેહાબાદ વિસ્તારના પ્રતાપપુરા ગામની અંદર આજે એક મોટી દુર્ઘટના થઈ છે. આજે બપોરે એક ૧૦ વર્ષનું બાળક રમતુ હતુ ત્યારે અચાનક તે શૌચાલયના ખાડામાં પડી ગયું. ત્યારબાદ તેને બચાવવા માટે ગયેલા ચાર લોકો સહિત કુલ પાંચ લોકોના મોત થયા છે. શઔચાલયના આ સેપ્ટિક ટેન્કમાંથી ઝેરી ગેસ હતો, જેના કારણે આ તમામ લોકોના મોત થયા છે. આ ઘટના બાદ આખા ગામની અંદર ખળભળાટ મચ્યો છે. બચાવકાર્ય માટે આગ્રાથી ટીમો પહોંચી હતી. મળતી માહિતિ પ્રમાણે પ્રતાપપુરા ગામના સુરેન્દ્રએ પોતાના ઘરની બહાર શૌચાલય માટે ૧૫ ફૂટનો ખાડો ખોધ્યો હતો. ત્યારે આજે તેનો અનુરાગ નામનો ૧૦ વર્ષનો દિકરો જ્યારે બહાર રમતો હતો ત્યારે અચાનક તે ખાડાની માટી ધસી અને તે ખાડામાં પડી ગયો.

# કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલની લંડનથી ધરપકડ

જામનગર : કુખ્યાત ભૂમાફિયા જયેશ પટેલની આખરે ધરપકડ કરી લેવામાં આવી છે. લંડન ખાતેથી જયેશ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જયેશ પટેલની ધરપકડ કરવા માટે અમદાવાદથી ખાસ પોલીસ અધિકારી દીપેન ભદ્રેનને જામનગર મોકલવામાં આવ્યા હતા. વિદેશમાં ધરપકડ કરવામાં આવી હોવાથી હવે જયેશ પટેલના ભારત લાવવા માટે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જયેશ પટેલ વિરુદ્ધ જામનગરમાં ૪૦થી વધારે ગુના નોંધાયેલા છે. જયેશ પટેલ લોકોને ધાક-ધમકી આપીને જમીન પડાવી લેતો હતો. આ ઉપરાંત લૂંટ, હત્યા, હત્યાના પ્રયાસ



અને ગુજસીટોક હેઠળ પણ જયેશ સામે ગુનો નોંધાયેલો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ભારત પોલીસ અને લંડન પોલીસે સંયુક્ત રીતે આ ઑપરેશન પાર પાડ્યું છે, જોકે જયેશની ધરપકડ અંગે ગુજરાત પોલીસ તરફથી કોઈ અધિકારિક જાણકારી આપવામાં આવી નથી.


કલાસીફાઈડ / Classified

MOTEL MANAGER REQUIRED

કિંગ્સ્ટન (ઓન્ટેરિયો)માં આવેલી મોટેલ માટે મેનેજર જોઈએ છે.ઈંગ્લિશ અને કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે. રહેવાની સગવડ આપીશું.

Email Resume :- rpatel0630@gmail.com

Contact : 647-525-6763


## સોમનાથ મંદિરના ઇતિહાસ વિશે ટિપ્પણી કરનારની ધરપકડ

વેરાવળ : જગવિખ્યાત સોમનાથ મંદિરના ઈતિહાસ વિશે અપમાનજનક અને મંદિર પર મહંમદ ગઝનવીએ કરેલી લૂંટના પરાક્રમને વખાણતાં ઉચ્ચારણો કરનારા વિધર્મી યુવકનો વાઈરલ વીડિયો મામલે ગીર-સોમનાથ પોલીસની સ્પેશિયલ ટીમે આજે વહેલી સવારે હરિયાણાના પાણીપતથી ઈર્શાદ રસીદ નામના યુવકને ઝડપી લઈ પરત આવવા રવાના થઈ છે. સોમનાથ મંદિરના ઈતિહાસ વિશે ભડકાઉ ઉચ્ચારણવાળો એક વીડિયો વાઈરલ થયો હતો. સોમનાથ મંદિરની પાછળના ભાગે દરિયાકિનારા પર એક વિધર્મી યુવકે પોતાના મોબાઈલમાં સેલ્ફી મોડમાં આ વીડિયો રેકોર્ડ કર્યો હતો. વાઈરલ વીડિયોમાં તે બોલી રહ્યો છે કે સોમનાથ મંદિરને મહંમદ ગઝનવીએ લૂંટયું હતું, જે શબ્દ બોલી ગઝનવીનાં વખાણ કરી રહ્યો છે. આ વીડિયો વાઈરલ થતાં હિન્દુ સમાજમાં વિધર્મી યુવક સામે રોષ ભભૂકયો ઊઠયો છે.

## પ્રેમપ્રકરણનો કરુણ અંજામ: બોટાદના પ્રેમીપંખીડાએ સજોડે વિષપાન કર્યું

બોટાદ: બોટાદ શહેરના સવારના વિસ્તાર ગણાતા ખોડીયાર નગર ખાતે રહેતા જયદીપભાઈ ચંદુભાઈ સાકરીયા તેમજ રક્ષાબેન હિતેશભાઈ મેસરીયા દ્વારા ઘણા સમય પહેલા બંને મૈત્રી કરાર રિલેશનશિપમાં જોડાયા હતા જ્યારે આ બાબત તેમના પરિવારજનોને ન ગમતા અને ઘણા સમયથી. અલગ રહેતા હોય જ્યારે પરિવારજનોએ અપનાવવાની ના પાડતા બંને પ્રેમી પંખીડા ઓ દ્વારા મૈત્રી કરાર રદ કરેલ હતો અને તારીખ ૧૫.૩.૨૧ ના રોજથી ઘરેથી નીકળી ગયેલ હોય અને આજરોજ આજ રોજ વહેલી સવારના રોજ માંધાતા સોસાયટીની દીવાલ પાસે બંનેના શબ્દ ઝેરી પદાર્થ દ્રવ્ય પીધેલી મૃ ત હાલતમાં મળી આવતા વિસ્તારમાં હડકંપ મચી ગઈ હતી અને તાત્કાલિક બોટાદ પોલીસનો સંપર્ક સાધતા પોલીસ ઘટનાસ્થળે આવી વધુ તપાસ દરમિયાન પંચનામું કર્યા બાદ ડેડબોડીને બોટાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં બન્ને પ્રેમી-પંખીડા રક્ષાબેન મેસરીયા તેમજ જયદીપભાઈ સાકરિયાની પીએમ અર્થે ખસેડવામાં આવેલ હતી.

## મધ્યપ્રદેશના દંપતીને ભુજમાં રૂપિયા ૧૨ લાખની બનાવટી નોટો સાથે ઝડપી પડાયું

ભુજ : ભારતીય બનાવટની નોટો સાથે પોલીસે દંપતીની ધરપકડ કરી છે. પુછપરછ દરમ્યાન ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. જાણવા મળતી વિગતો મુજબ ભુજ શહેરના વાણીયાવાડ અને તળાવશેરીમાં એક દંપતી વેપારીઓને બે હજારની નકલી નોટ આપીને છેતરપીંડી કરી ગયેલ છે. તેવી અરજી અપાઈ હતી જેના આધારે પોલીસે મધ્યપ્રદેશના પાર્સિંગવાળી કાર નંબર એમ.પી. ૪૩ સી ૯૫૨૨ ને શહેરના રેલ્વે સ્ટેશન પાસેથી પકડી પાડયા હતા. આ દંપતીને ભુજ એ ડીવીઝન લઈ અવાયા હતા. મધ્યપ્રદેશના રતલામના રાહુલ કૃષ્ણ ગોપાલ કેસરા અને મેઘા કસેરાની ચેકીંગ દરમ્યાન તેની પાસેથી ૧૨,૧૦,૫૦૦ની બનાવટી નોટો કબ્જે કરાઈ છે. ઘટનામાં જુદી-જુદી કલમો તળે ગુનો દાખલ કરાયો છે. તપાસનીશ નાયબ પોલીસ અધિક્ષક જે.એન.પંચાલ જણાવ્યું હતું કે બન્ને દંપતીએ બનાવટી નોટો ક્યાંથી લાવ્યા હતા તેમજ અત્યાર સુધી કોને-કોને નોટ પાધરાવી છે. તે સહિતની વિગતો મેળવાઈ રહી છે. આવતીકાલે કોર્ટમાં રજુ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવશે. આટલી મોટી રકમ આવી ક્યાંથી તે એક સવાલ ઉભો થવા પામ્યો છે. તપાસનો દોર મધ્યપ્રદેશ લંબાય તેવી શક્યતા જોવા મળે છે.

## મોરબી જિલ્લામાં પોલીસે કોંગ્રેસનાં સભ્યનું અપહરણ કર્યાના આરોપથી ચકચાર

મોરબી : હાલમાં વિપક્ષ દ્વારા તડજોડનું રાજકારણ કરવામાં આવી રહયું હોવાનો આક્ષેપ વાંકાનેરના ધારાસભ્ય પીરજાદા અને વાંકાનેર તાલુકા કોંગ્રેસના આગેવાનો દ્વારા કરવામાં આવેલ છે. કેમ કે, વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા અને પાંચદ્વારકા બેઠક પરથી કોંગ્રેસના સિમ્બોલ સાથે ચૂંટાયેલા સુરેશભાઈ અલખાજીભાઈ બલેવીયને પોલીસને નિવેદન લખાવવા માટે બોલાવ્યા હતા. ત્યાંથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. પી. જાડેજા દ્વારા કોંગ્રેસના આગેવાનોને અન્ય રૂમમાં બેસાડીને પાછળથી કોંગ્રેસના સિમ્બોલ સાથે ચૂંટાયેલા સુરેશભાઈને વાંકાનેર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અજયસિંહ ઝાલાની સાથે ગાડીમાં બેસાડીને બહાર લઈ જવામાં આવ્યા હતા. જેથી કરીને પોલીસે કોંગ્રેસનાં સભ્યનું અપહરણ કરેલ છે તેવો આક્ષેપ કરીને ધારાસભ્યના નિવાસ સ્થાનેથી સિટી પોલીસ સ્ટેશન સુધી રેલી યોજવામાં આવી હતી. ત્યાં ડીવાયએસપીને લેખિતમાં ફરિયાદ આપવામાં આવી છે.

બીજી બાજુ સુરેશભાઈએ નિવેદનમાં લખાવ્યું હતું કે, તે પોતાની મરજીથી જ કોંગ્રેસનાં સભ્ય સાથે ગયા હતા. જો કે તેમ છતાં પોલીસ હજી ફરિયાદ અંગે તપાસ કરી રહી છે.

# ઈસ્લામ ધર્મ અનુસાર રાત્રિ અને દિનનો મહિમા

તે ઉપરાંત બીજા અને ત્રીજા બોધવચનમાં એ હકીકતનો ઉલ્લેખ છે કે પાલનહાર અલ્લાહે સર્જન કરેલા આકાશો, ધરતી, સુર્ય, ચંદ્ર, રાત્રિ, દિન વગેરેમાં પાલનહાર અલ્લાહે મનુષ્યો માટે ઘણી નિશાનીઓ રાખેલ છે કે મનુષ્યો આ સર્જનો વિષે ચિંતન મનન કરે કે પાલનહાર અલ્લાહે આ સર્વે વસ્તુઓનું સર્જન નિરર્થક અને હેતુવિહીન નથી કર્યુ, પરંતુ આ સર્વે સર્જનો નો એક ચોકકસ હેતુ છે અને માનવજીવનના અનુભવ અનુસાર પાલનહાર અલ્લાહે સર્જન કરેલ દરેક વસ્તુ થકી મનુષ્ય કંઈ ને કંઈ ફાયદો ઉપાડી રહયો છે.

તે ઉપરાંત ઉપરનું ચૌથુ બોધવચન એક પ્રાર્થના (દુઆ) સ્વરૂપે છે કે મનુષ્ય પાલનહાર અલ્લાહની ખુબીઓ અને તેની સર્જન શકિતોનું વર્ણન કરે છે કે પાલનહાર અલ્લાહ જ રાત્રિ અને દિનને એકબીજામાં પરોવીને એટલે કે એકબીજાની આગળ પાછળ લઈ આવે છે તથા નિર્જીવ અને સજીવને એક બીજા માંથી નીકાળે છે, જેનું ઉદાહરણ ઈંડા(નિર્જીવ) માંથી પક્ષીનું બચ્ચું(સજીવ)નીકળે છે અને પક્ષી(સજીવ) માંથી ઈંડુ (નિર્જીવ) નીકળે છે.

આ રીતે પાલનહાર અલ્લાહે નકકી કરેલ રાત્રિ અને દિનની કામગીરી વિષે એક બહુજ અગત્યની વાત ધ્યાનમાં રાખવી બહુજ જરૂરી છે. આ અગત્યની વાત એ છે કે ઘણી જગ્યાઓએ અને ખાસ કરીને એશીયાના દેશોમાં અને તેમાં પણ પાકિસ્તાનમાં આજકાલ લગ્ન પ્રસંગોના જમણવારના સમારંભોમાં જે કંઈ થઈ રહયું છે, તે પાલનહાર અલ્લાહના આદેશોની ખુલ્લમખુલ્લા અવગણના અને ઉલંઘન છે. તેના ઉદાહરણ રૂપે આ હકીકત લક્ષમાં લેવી જોઈએ કે પાકિસ્તાનમાં લગ્ન પ્રસંગોના



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

જમણવાર સમારંભો રાત્રિમાંજ રાખવામાં આવે છે અને આમંત્રણ પત્રિકામાં જમણનો સમય રાતના દસ કે સાડા દસ વાગ્યાનો લખવામાં આવે છે, પરંતુ હકીકતમાં જવલ્લેજ, બહુજ જવલ્લેજ આ લખેલા સમયનું પાલન કરવામાં આવે છે. લગભગ બધાજ બનાવોમાં જમણ મોડી રાતના બાર વગ્યા પછી એટલે કે તારીખ બદલી ગયા પછી રાતના સાડાબાર અને કયારેક તો મોડી રાતના એક અથવા દોઢ વાગ્યા પછી પીરસવામાં આવે છે.

લગ્ન પ્રસંગોના મોડી રાત્રિના જમણવાર સમારંભોમાં એટલે કે “નવા જમાનાના નવા નાટક”માં અડધી રાત્રિ વીતી ગયા પછી જમણ પીરસવાનું કાર્ય એક રીતે જોઈએ તો તે પાલનહાર અલ્લાહના આદેશોનું ખુલ્લમખુલ્લા ઉલંઘન છે, કારણકે પાલનહાર અલ્લાહના આદેશો અનુસાર તેણે રાત્રિનું સર્જન મનુષ્યોના માટે શાંતિ અને આરામ માટે કરેલ છે. મોડી રાત્રિના એટલે કે અડધી રાત્રિ વીતી ગયા પછી, તારીખ બદલી ગયા પછી એટલે કે બીજા દિવસની વહેલી

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

સવારમાં પરોઢિયાના પહેલા પીરસવામાં આવતા આવા જમણોમાં રાત્રિ ને દિન બનાવી દેવામાં આવે છે અને આમંત્રિતો જયારે ઘેર પહોંચે છે, ત્યારે લગભગ પરોઢિયું થઈ જાય છે.

તેવીજ રીતે બીજા અનેક પ્રકારના સમારંભોમાં, અહિં આપણા દેશ કેનેડામાં કે ભારત અને પાકિસ્તાનમાં, એવીજ પરિસ્થિતિ હોય છે કે સમારંભો નો આરંભ પહેલાથી નકકી કરેલા ચોકકસ સમયે કવચિત જ થાય છે અને સાંજના આરંભ થનાર સમારંભનો આરંભ રાત્રિમાં અથવા તો મોડી રાત્રિમાં થાય છે. અને આ રીતે પણ રાત્રિને દિન બનાવી દેવામાં આવે છે, જે ઉચિત નથી.

રાત્રિને આ રીતે દિન બનાવીને જે કાર્ય દિનમાં એટલે કે રાત્રિ પહેલા આટોપવાનું હોય, તેને અડધી રાત્રિ વીતી ગયા પછી આટોપવામાં આવે તે કયાંનું ડહાપણ છે ? માટે મનુષ્યને એ વાત યાદ રાખવી જોઈએ કે તેણે રાત્રિનો રાત્રિ તરીકેજ ઉપયોગ કરવો જોઈએ અને દિનનો ઉપયોગ દિન તરીકેજ કરવો જોઈએ જે વિષે પાલનહાર અલ્લાહે પોતાના આદેશોમાં કહેલ છે. સમયની જાળવણી થકીજ આ રીતે રાત્રિને દિન બનાવતા રોકી શકાય છે.

ઉપસંહાર એ કે પાલનહાર અલ્લાહે રાત્રિનું સર્જન મનુષ્યની શાંતિ અને તેના આરામ માટે કરેલ છે અને દિનનું સર્જન મનુષ્ય દિનમાં આજીવિકા(રોઝી) પ્રાપ્ત કરે તે માટે કરેલ છે. અત્યારના પ્રગતિશિલ સમયમાં એ જોવા મળે છે કે ઘણા વ્યવસાયોમાં મનુષ્યને રાત્રિમાં પણ ફરજ બજાવવી પડે છે. જેવી રીતે ચોવીસ કલાક ચાલતા કારખાનાઓ અને મીલોમાં, હવાઈ મથકો પર, રેલ્વે અને રેલ્વે સ્ટેશનો પર તથા વર્તમાનપત્રોના કાર્યાલયોમાં કર્મચારીઓને રાત્રિમાં પણ ફરજ બજાવવી પડે છે.પણ એકંદરે જોતા સમસ્ત જગતમાં મનુષ્યોની બહુમતિ દિનમાં કામ કરે છે અને રાત્રિમાં આરામ કરે છે.

હકીકત એ છે કે જગતમાં સાંસ્કૃતિક ઉદય, સામાજીક વિકાસ તથા ઉધોગીકરણ પછીજ રાત્રિના સમયે ફરજ બજવણીનું અમલીકરણ થયેલ છે, કારણકે પુરાતન યુગોમાં આવું કશું ન હતું.

પૃથ્વી ગોળ હોવાનાં કારણે એ નિયમ છે કે જયાં એક જગ્યાએ એક સમયે રાત્રિ હોય તો પૃથ્વીના ગોળાની બીજી બાજુ તે સમયે દિન હોય છે. આ રીતે કયારે પણ પુરી પૃથ્વી પર એકજ સમયે રાત્રિ અથવા એકજ સમયે દિન ન હોય શકે. આ કાર્ય પ્રકૃતિ(કુદરત)નો નિયમ છે, અને આ નિયમ પાછળ પણ એક ચોકકસ હેતુ હોય શકે કે સર્જનહારે સર્જેલ આ જગતમાં કોઈ ન કોઈ સમયે કોઈ ન કોઈ જગ્યાએ મનુષ્યો પોતાના સર્જનહારની ઉપાસના(બંદગી) જાગતી અવસ્થામાં એટલે કે દિનમાં કરતાજ હોય છે. અને આ રીતે પાલનહાર અલ્લાહના રાત્રિ અને દિનના સર્જનનો હેતુ પણ સિધ્ધ થઈ જાય છે. સમાપ્ત.

# ભારતમાં કોરોનાના ૩૫,૮૭૧ કેસ, ૧૭૨નાં મોત

નવી દિલ્હી : ભારતમાં કોરોના મહામારીનો સેકન્ડ વેવ પુરજોશમાં આગળ વધી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ગુરુવાર સવારના ૮ કલાક સુધીના આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૩૫,૮૭૧ કેસ નોંધાયા હતા. ડિસેમ્બર ૨૦૨૦ પછી એક દિવસમાં નોંધાયેલા કોરોના કેસનો આ સૌથી ઊંચો આંકડો છે. ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ભારતમાં કોરોનાના ૩૬ હજાર કેસ નોંધાયા હતા.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૨ દર્દીએ કોરોના સંક્રમણના કારણે જીવ ગુમાવ્યા હતા. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૭૪૧ દર્દી રિકવર થયા હતા. આમ એક જ દિવસમાં એક્ટિવ કેસમાં ૧૮,૧૩૦ કેસનો તોતિંગ ઉછાળો નોંધાયો હતો. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા અઢી લાખને પાર કરી ૨,૫૨,૩૬૪ ઉપર પહોંચી ગઈ હતી.

બીજીતરફ ભારતમાં વિવિધ કોરોના વેરિઅન્ટના કેસોમાં પણ ઉછાળો જોવા મળ્યો છે. દેશમાં બ્રિટન, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલ કોરોના વેરિઅન્ટના કેસમાં છેલ્લા બે સપ્તાહમાં મોટો વધારો થયો છે. ૪ માર્ચના રોજ આ વેરિઅન્ટના કુલ કેસ ૨૪૨ હતા જે વધીને ૪૦૦ પર પહોંચી ગયા છે. છેલ્લા ૧૫ દિવસમાં કોરોના વેરિઅન્ટના કેસમાં ૧૫૮ કેસનો વધારો થયો છે. કોરોનાના આ વેરિઅન્ટ ઘણા ચેપી મનાય છે. દેશમાં સૌથી ચિંતાજનક સ્થિતિ મહારાષ્ટ્રની છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૨૫,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા પાંચ સપ્તાહમાં રાજ્યમાં કોરોના સંક્રમણમાં ૭ ગણો વધારો થયો છે. દેશમાં હાલ નોંધાતા દરેક પાંચ કેસમાંથી એક કેસ મહારાષ્ટ્રનો છે. પંજાબની સ્થિતિ પણ દિવસે દિવસે વણસી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૦૦૦ કરતાં વધુ નવા કેસ સામે આવતાં રાજ્યના ૯ જિલ્લામાં નાઈટ કરફ્યૂની અવધિ વધારી દેવામાં આવી છે. ગુરુવારથી લુધિયાણા, જલંધર, પતિયાલા, મોહાલી, અમૃતસર, ગુરદાસપુર, હોશિયારપુર, કપૂરથલા અને રોપર જિલ્લાોમાં નાઈટ કરફ્યૂ રાતના ૯થી સવારના પાંચ કલાક સુધી અમલમાં રહેશે.

## કોરોનાને હાલ ન અટકાવ્યો તો આખા દેશમાં ફેલાશે : મોદી

મોટા ભાગના રાજ્યોમાં હાલ કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્ય પ્રધાનોની સાથે બેઠક યોજી હતી. મોદીએ કેસો વધતા ચિંતા વ્યક્ત કરી હતી. અને સાથે લોકોને અપીલ કરી હતી કે કોરોનાની બીજી લહેરને અટકાવવા માટે દરેકે વધુ સતર્ક રહેવાની જરુર છે. આ સલાહ મોદીએ રાજ્યોના મુખ્ય પ્રધાનોને પણ આપી હતી. મોદીએ રાજ્યોના મુખ્ય પ્રધાનોની સાથે ઓનલાઇન બેઠક યોજી દેશમા ંહાલમાં કોરોનાની જે સ્થિતિ છે તેની ચર્ચા કરી હતી. જે દરમિયાન મોદીએ કહ્યું હતું કે પંજાબ અને મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં ફરી મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે.

બીજી તરફ મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પોઝિટિવિટી રેટ પણ ઉછળ્યો છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં ૭૦ જિલ્લામાં કોરોનાના કેસોનો પોઝિટિવ રેટ ૧૫૦ ટકાથી પણ વધુ રહ્યો છે. જો આપણે અહીં ન અટક્યા તો પછી કોરોના દેશ વ્યાપી ફેલાઇ શકે છે.

મોદીએ મુખ્ય પ્રધાનોને સલાહ આપી હતી કે ફરી કોરોનાના ટેસ્ટમાં ઝડપથી વધારો કરવાની જરુર છે. જેટલા ઝડપથી ટેસ્ટ કરાશે તેટલા ઝડપથી કેસો સામે આવશે અને આમ કરવાથી કોરોનાને ફરી ફેલાતો અટકાવી શકાશે.

## ઉત્તર પ્રદેશમાં રેલવે સ્ટેશન, એરપોર્ટ પર મુસાફરોનો ટેસ્ટ કરવામાં આવશે

ઉત્તર પ્રદેશમાં નવી ગાઇડલાઇન જાહેર કરી છે. રાજ્યના મુખ્ય સચિવે પણ તમામ જિલ્લાધિકારીઓ, મુખ્ય ચિકિત્સા અધિકારીઓને પત્ર લખીને નિર્દેશ આપ્યા છે. કોરોનાથી વધારે પ્રભાવિત રાજ્યોથી હવાઇ માર્ગ અને રેલવે દ્વારા ઉત્તર પ્રદેશ આવતા મુસાફરોનો કોરોના ટેસ્ટ કરવામાં આવે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ગાઇડલાઇન પ્રમાણે મુસાફરોનો એરપોર્ટ અને રેલવે સ્ટેશન પર જ ઑંટીજન ટેસ્ટ કરવામાં આવશે. આ સિવાય જો લક્ષણો દેખાશે તો તેમનો આરટીપીસીઆર ટેસ્ટ પણ કરાશે.

## વધતા જતા કેસો વચ્ચે ભારત ત્રીજી વેક્સીનને બહુ જલ્દી આપશે મંજૂરી

ભારતમાં ફરી એક વખત કોરોનાના કેસ ઝડપભેર વધી રહ્યા છે ત્યારે દેશમાં કોરોનાની ત્રીજી વેક્સીનને પણ ઈમરજન્સી ઉપયોગ માટે તાત્કાલિક મંજૂરી આપવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ભારતમાં બે વેક્સીનને મંજૂરી અપાઈ છે અને તે લોકોને મુકવામાં આવી રહી છે ત્યારે રશિયાની સ્પૂતનિક વી વેક્સીનના ઉપયોગ માટે તાજેતરમાં જ સરકારની મંજૂરી માંગવામાં આવી હતી. જોકે અત્યાર સુધી ભારતના ડ્રગ કંટ્રોલર દ્વારા આ વેક્સીનને મંજૂરી આપવામાં આવી નથી.

## મહારાષ્ટ્રમાં રેકોર્ડ ૨૫,૮૩૩ કેસ નોંધાયા

મહારાષ્ટ્રમાં ગુરુવારે કોરોના સંક્રમણના ૨૫,૮૩૩ નવા ઓલ ટાઇમ હાઇ કેસ નોંધાયા હતા. બુધવારે મહારાષ્ટ્રમાં ૨૩,૦૦૦ કેસ નોંધાયા હતા. રાજ્યના પૂણે શહેરમાં દેશના સૌથી વધુ ૩૨,૦૦૦થી વધુ એક્ટિવ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૧૨,૭૬૪ દર્દી રિકવર થયાં હતાં જ્યારે ૫૮ દર્દીનાં મોત થયાં હતાં.

## કોરોના કન્ટ્રીવાઇડ

– ઉત્તરપ્રદેશમાં બહારથી આવતા તમામ લોકોના આરટી–પીસીઆર ટેસ્ટ ફરજિયાત – યુપીના ગૌતમ બુદ્ધનગરમાં ૩૦ એપ્રિલ સુધી ધારા ૧૪૪ લાગુ કરાઈ – મુંબઇમાં જાણીતી રેસ્ટોરન્ટ નિયમોના ઉલ્લંઘન માટે સીલ કરાઈ, એફઆઇઆર દાખલ – મહારાષ્ટ્રના પાલઘરમાં અનિશ્ચિત મુદત માટે તમામ શાળા–કોલેજ બંધ કરાઈ – કર્ણાટકમાં મનીપાલ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયું રાજસ્થાનમાં ધોરણ પાંચ સુધીના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો નિર્ણય

## અમે તમામ પુખ્તોને રસી આપી દઈશું : કેજરીવાલ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે કેન્દ્ર સરકારને કોરોના રસીકરણના નિયમો હળવા બનાવી ૧૮ વર્ષથી વધુ વયના તમામ લોકોને કોરોનાની રસી આપવાની મંજૂરી માગી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો સરકાર મંજૂરી આપે તો અમે ૩ મહિનામાં દિલ્હીના દરેક પુખ્ત વ્યક્તિને કોરોનાની રસી આપી દઇશું.

## પીએમના સલાહકાર સિંહાનું રાજીનામું, રાજ્યપાલ બની શકે છે

નવી દિલ્હી : વડા પ્રધાનના પ્રિન્સિપલ એડવાઈઝર પી.કે.સિંહાએ આજે રાજીનામું આપ્યું હતું. રાજીનામુ અંગત કારણોસર આપ્યાનું તેમણે જણાવ્યુ હતુ. અલબત્ત, તેમને પોંડિચેરી કે પછી દિલ્હીના લેફટનન્ટ ગવર્નર બનાવાય અથવા કોઈ બંધારણીય પદ પર ગોઠવવામાં આવે તેવી પુરી શક્યતા છે. પી.કે. સિંહા એકમાત્ર એવા આઈએએસ અધિકારી છે, જેમને કેબિનેટ સેક્રેટરી તરીકે ૩ વખત એક્સ્ટેન્શન મળ્યું હોય. ૧૯૭૭ની ઉત્તર પ્રદેશ બેચના અધિકારી સિંહા માટે ખાસ પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસમાં પ્રિન્સિપલ સેક્રેટરી માટે ખાસ પોસ્ટ ઉભી કરવામાં આવી હતી.

## દેશની સૌથી પ્રદુષિત રાજધાનીઓમાં દિલ્હી મોખરે, ૩૦ પ્રદુષિત શહેરોમાં ૨૨ ભારતનાં

નવી દિલ્હી : કોરોના કાળમાં લોકડાઉન લગાવવાનાં કારણે દિલ્હીનાં પ્રદુષણમાં થોડો ઘટાડો જરૂર આવ્યો છે, પરંતુ તેમ છતાં દિલ્હી દુનિયાની સૌથી પ્રદુષિત રાજધાની છે,

દિલ્હીની હવાની ગુણવત્તા ૨૦૧૯થી ૨૦૨૦ ની તુલનામાં ૧૫ ટકા સારી થઈ છે, તેમ છતાં દિલ્હી દુનિયાનાં સૌથી પ્રદુષિત શહેરોમાં ૧૦માં સ્થાને છે, વર્ષ ૨૦૨૦માં ભારતીય શહેરોની વાયુ ગુણવત્તામાં ૬૩ ટકાનો સુધારો નોંધાયો છે. સૌથી વધુ ત્રણ પ્રદુષિત દેશોમાં બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ભારત છે, જ્યારે સૌથી વધુ પ્રદુષિત રાજધાનીઓમાં



દિલ્હી, ઢાંકા અને ઉલાનબટોર છે, દિલ્હીમાં પીએમ ૨.૫ની વાર્ષિક સરેરાસ ૮૪.૧ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર જણાયું છે.માનવ આરોગ્યમાં હાનિકારક આ વાયુ પ્રદુષણને વધારનારા સ્ત્રોતમાં વાહનો, રસોઈ માટે બાયોગેસનો ઉપયોગ, વિજ ઉત્પાદન, ઉદ્યોગ નિર્માણ, કચરો અને પરાલી સળગાવવી મહત્વનાં છે. વિશ્વનાં ૩૦ સૌથી પ્રદુષિત શહેરોની યાદીમાં ભારતનાં ૨૨ શહેરોનો સમાવેશ થાય છે, તેમાં ગાઝીયાબાદ, બુલંદશહેર, બિસરખ, ભિવાડી, નોઈડા, ગ્રેટર નોઈડા, કાનપુર, લખનઉ, દિલ્હી, ફરીદાબાદ, મેરઠ, જિંદ, હિસાર, આગ્રા બહાવલપુર, મુઝફ્ફરનગર, ફતેહાબાદ, બંધવાડી,ગુરૂગ્રામ, યમુનાનગર રોહતક, મુઝફ્ફરપુરનો સમાવેશ થાય છે.

## ૧૪ વિધાનસભા બેઠકો માટે ૧૭ એપ્રિલે પેટાચુંટણી યોજાશે

નવી દિલ્હી : ચુંટણી પંચે મંગળવારે ઘોષણા કરી, પંચે કહ્યું કે આંધ્ર પ્રદેશ અને કર્ણાટકની બે સંસદિય ચુંટણી ક્ષેત્રો અને રાજ્યોની ૧૪ વિધાન સભાની પેટા ચુંટણી માટે ૧૭ એપ્રિલે મતદાન અને ૨ મેએ મતગરી થશે. વિધાન સભા બેઠકો માટેની પેટાચુંટણીમાં ગુજરાતની મોરવા હડફ, ઝારખંડની મધુપુર, કર્ણાટકની બસાવાકલ્યાણ અને મસકી, મધ્યપ્રદેશની દામોહ, મહારાષ્ટ્રની પંઢરપુર, મિઝોરમની સેરછિપ, નાગાલેન્ડની નોકસેન, ઓડિસાની પિપીલી, રાજસ્થાનની સહારા, સુઝાનગઢ અને રાજસમંદ, તેલંગાણાની નાગાર્જુન સાગર, અને ઉત્તરાખંડની સાલ્ત બેઠક પર મતદાન થશે.

## રાજસ્થાનમાં કોટામાં ૨૦ લોકોએ ૯ દિવસ સુધી ૧૫ વર્ષીય સગીરા પર રેપ કર્યો

જયપુર : રાજસ્થાનમાં કોટા જિલ્લામાં થયેલા એક ગેંગરેપ બાદ સમગ્ર રાજ્ય હચમચી ઉઠ્યુ છે. કોટા જિલ્લામાં ૧૫ વર્ષની સગીરા પર દોઢ ડઝનથી વધારે લોકોએ સતત નવ દિવસ સુધી ગેંગરેપ થયા બાદ રાજ્ય સરકાર સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મામલામાં પોલીસે ૨૦ લોકોની ધરપકડ કરી છે અને તેમાં ચાર સગીર અને એક મહિલાનો પણ સમાવેશ થાય છે. સગીરા સાથે દુષ્કર્મ કરનારાઓ તેને સતત ડ્રગ્સ આપીન તેની સાથે મારપીટ પણ કરતા હતા. પોલીસના કહેવા પ્રમાણે ૨૫ ફેબ્રુઆરીએ આ ઘટના બની હતી.જેમાં એક મહિલા અને બે બીજા આરોપીઓ સગીરાને મોટરસાયકલ પર બેગ અપાવવાના નામે બેસાડીને લઈ ગયા હતા અને ઝાલાવાડ વિસ્તારના એક મકાનમાં તેના પર રેપ કરવામાં આવ્યો હતો.

## વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦% રિન્યુએબલ એનર્જી પર ચાલતું રેલવે નેટવર્ક બનશે

- વર્ષ ૨૦૨૩ સુધી સમગ્ર દેશનાં રેલવે નેટવર્કનું ઈલેક્ટ્રિફિકેશન થઈ જશે

નવી દિલ્હી : રેલવે પ્રધાન પીયુષ ગોયલે આજે લોક સભામાં મોટી ઘોષણા કરી છે, તેમણે કહ્યું ભારતીય રેલવે ૨૦૩૦ સુધી દુનિયાની પહેલી એવી અને એટલી મોટી રેલવે તંત્ર બની જશે જે સો ટકા રિન્યયએબલ એનર્જી પર ચાલશે. તેમણે સંસદમાં જણાવ્યું કે રેલવે ઈલેક્ટ્રિફિકેશન પર કામ ચાલી રહ્યું છે, પહેલા વર્ષે લગભગ ૬૫૦ કિમી રેલવે લાઇનનું ઈલેક્ટ્રિફિકેશનનું કામ થતું હતું, આ વર્ષે સરકાર લગભગ ૫,૫૦૦ થી ૬,૦૦૦ કિમી રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન કરવા જઈ રહી છે, ગયા વર્ષે કોરોનાનાં કારણે ૪,૦૦૦ કિમી રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશનનું કામ થયું. અને વર્ષ ૨૦૨૩ સુધી સમગ્ર દેશનાં રેલવે નેટવર્કનું ઈલેક્ટ્રિફિકેશન થઈ જશે.

રેલવે પ્રધાને જણાવ્યું કે સરકારે ૧૦૦૦ રેલવે સ્ટેશનો અને રેલવેની ૪૦૦ ઈમારતો પર સોલાર પેનલ લગાવી છે, હાલ રેલવે પાસે જમીન છે, જો કે તેની સાચવવી પણ મુશ્કેલ કામ છે, તેના પર અતિક્રમણ થઈ રહ્યું છે, તેથી સરકારે આ યોજના બનાવી છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતીય રેલવે નેટવર્ક સો ટકા રિન્યુએબલ એનર્જી એટલે કે શુન્ય કાર્બન ઉત્સર્જક રેલવે નેટવર્ક બની જશે.

## સૈન્યમાં ભરતી કૌભાંડ, સાત અધિકારી સહિત ૨૩ સામે એફઆઈઆર દાખલ

નવી દિલ્હી : ઘણા સમય બાદ સૈન્યમાં અધિકારીઓની ભરતીમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જેને પગલે સીબીઆઈએ ૭ ઓફિસર સામે ભ્રષ્ટાચારનો કેસ દાખલ કર્યો છે. આ અધિકારીઓ સહિત હાલ કુલ ૨૩ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સર્વિસ સિલેક્શન બોર્ડ સેન્ટર્સ દ્વારા આર્મી ઓફિસર્સ માટે ભરતી યોજાઇ હતી, જેમાં કથીત ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. એજન્સીએ આ કેસ સંલગ્ન ૧૩ શહેરોના ૩૦ જેટલા સ્થળોએ તપાસ અભિયાન ચલાવ્યું હતું. જે બાદ આ સમગ્ર મામલે કેસ દાખલ કરાયો હતો. એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સમગ્ર ભ્રષ્ટાચારના કેસમાં આર્મી એર ડિફેન્સ કોર્પ્સ.ના એમસીએસએનએ ભગવાન માસ્ટરમાઈન્ડ હોવાનું સામે આવ્યું છે.

## દેશ-વિદેશનું જાણવા જેવું

### રોબોટ આઈ દાનું પેન્ટિંગ પ્રદર્શન યોજાશે



સુંદર દેખાતી આ મહિલા હકીકતે એક રોબોટ છે અને તેનુંનામ આઈ-દા છે. તે એક સારી પેન્ટર છે આઈ-દાનું એક પેન્ટિંગ પ્રદર્શન લંડનના ડિઝાઈન મ્યુઝિયમમાં મે અથવા જૂનમાં યોજાવાનું છે. તેને બનાવનાર લોકોએ તેનું નામ ૧૯મી સદીના ગણિતજ્ઞ અદા લવલેસ ઉપરથી રાખ્યું છે. આઈ-દા વિશ્વની પહેલી અલ્ટ્રા રિયલિસ્ટીક રોબોટ છે, જે પોતાની આંખો અને હાથના ઉપયોગથી પેન્ટિંગ બનાવી શકે છે. હાલમાં જ આઈ દાએ પોતની તસવીર બનાવવા કેટલોક સમય પોતાને અરસીમાં જોઈ હતી. બધા કોર્ડીનેટ્સ રેકોર્ડ કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી એનાલીસીસ કરી પોતાની જ તસવીર કેનવાસ ઉપર ઉતારી હતી. એન્જિનિયર્સના જણાવ્યા મુજબ આ રોબોટ બનાવવાનો વિચાર ઓક્સફોર્ડ આર્ટ ગેલેરીના માલિક એઈદાન મેલર અને ક્યુરેટર લુસી સીલને આવેલો. લુસીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમય અને ભવિષ્યમાં લોકો ટેકનોલોજી આધારિત પેન્ટિંગ ઉપર જશે. જેની શરૂઆત રોબોટથી થાય તેથી વધું શું હોય?

### આ છે ગુજરાતની સૌ પ્રથમ ટ્રાન્સવુમન ડોક્ટર



જન્મથી પુરુષ એવા ડો. જેસનુર દયારાએ લિંગ પરિવર્તનની સર્જરી કરાવતાં પહેલા તેમના સીમેનની ચાર વાયલ્સ થીજાવીને સંગ્રહિત કરવા માટે ક્રાયોપ્રિઝર્વ કરાવ્યું હતું. સેક્સ ચેન્જની સર્જરી કરાવીને તેઓ તેમના જ સીમેન થકી જન્મેલા સંતાનનો માતા બનીને ઉછેર કરશે. તેમનું સીમેન આણંદના એક ફર્ટિલિટી સેન્ટર ખાતે પ્રિઝર્વ કરવામાં આવ્યું છે. ૨૫ વર્ષના દયારા ગુજરાતના પ્રથમ ટ્રાન્સવુમન ડોક્ટર બનશે. મહિલાની માફક સાડી પહેરવી, લિપસ્ટિક લગાવવી તેમને ગમતી પણ પરિવારની બીકે તેઓ તેમની ઈચ્છા દબાવી રાખતાં પરંતુ એમબીબીએસના અભ્યાસ માટે રશિયા ગયા ત્યારે તેમનામાં મહિલાની માફક જીવવાની હિંમત આવી. ધીમે ધીમે તેમને પરિવાર અને સમાજનો સહયોગ પણ સાંપડ્યો. હાલમાં મેડિકલ પ્રેક્ટિસ શરૂ કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા દયારા પરીક્ષા પૂર્ણ થયા બાદ વર્ષના અંતે સેક્સ ચેન્જ કરાવશે. માતા બનવા માટે તેઓ સેરોગસીનો વિકલ્પ અપનાવશે. દયારાના સીમેન સેમ્પલ જ્યાં પ્રિઝર્વ કરવામાં આવ્યા છે એ ક્લિનિકના ડોક્ટરે જણાવ્યું કે, માતૃત્વની ભાવિ યોજના માટે સીમેન સેમ્પલ પ્રિઝર્વ કરવા માટે કોઈ ટ્રાન્સવુમને અમારો સંપર્ક કર્યો હોવાનો આ પ્રથમ બનાવ છે.

### ભૂલકાઓને ભણાવવાનું અદભુત અભિયાન



કોરોના મહામારી બાદ ઓનલાઈન શિક્ષણનું ચલણ વધ્યું છે. જોકે, શિક્ષણની સરળતા થતા કેટલાક પડકાર પણ સામે આવ્યા છે. ખાસ કરીને જરૂરિયાતમંદ બાળકો મોબાઈલ અને ઈન્ટરનેટના અભાવના કરણે અભ્યાસ કરી શકતા નથી. આવી જ સ્થિતિ તેલંગાણાના હનમકોંડા વિસ્તારમાં ઉભી થઈ હતી જ્યાં કેટલાક બાળકોનો અભ્યાસ થંભી ગયો હતો. જોકે, ૨૪ વર્ષીય એસ વણજા આવા ભુલાકાઓના વહારે આવ્યા હતા. એક અહેવાલથી જાણવા મળ્યું હતું કે, આ યુવા મહિલાએ ૨૦ જેટલા બાળકોને શિક્ષણ આપવાનો સેવા યજ્ઞ શરૂ કર્યો હતો. આ મહિલા ખુલ્લા નાળા પાસે બાળકોને શિક્ષણ આપતી હતી. આ બાળકો લોઅર કેજીથી લઈ ધોરણ ત્રણ સુધીનાં હતા. જેમની પાસે સ્માર્ટફોન ન હોવાથી તેમને ઓનલાઈન ક્લાસીસ પોસાય તેમ ન હતા. આવી સ્થિતિમાં યુવા મહિલા કાર્યકરે આવા ભૂલકાઓને શિક્ષણ અપવાનું શરૂ કર્યું. આ વિસ્તારમાં મોટા ભાગના પરિવારો મહારાષ્ટ્ર અથવા તો છત્તીસગઢથી આવીને વસવાટ કરી રહ્યા છે. પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ છે, જેથી તેઓ બાળકોને ઓનલાઈન ક્લાસીસ માટે સાધન સામગ્રી પૂરી પાડી શકે તેમ નથી. પોતાની આપવીતી વર્ણવતા એસ વણજાએ જણાવ્યું હતું કે, ‘‘જ્યારે હું નાની હતી ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું, અને મારા માતા એકમાત્ર કમાનાર હતા. મારે તેમને દુકાન ચલાવવામાં મદદ કરવી પડી. તેથી હું મારું ભણતર ચાલુ રાખી શકી નહીં’’ એકંદરે મહિલા કાર્યકરએ પોતે નાનપણમાં આર્થિક ખેંચના કારણે ભણી શક્યા ન હોવાનો વસવસો વ્યક્ત કર્યો હતો. જોકે અન્ય ભૂલકાઓને આવી મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે તેમને શિક્ષણ આપવાનું શરૂ કર્યુ છે.

## મેથીવાળા પાણીના સેવનના ફાયદા

મેથી સ્વાસ્થય માટે ગુણકારી છે, તે સહુ જાણે છે. તેનું પાણી પણ વિવિધ તકલીફોમાં લાભકારી પૂરવાર થયું છે. બ્લડ સુગર કન્ટ્રોલ કરવાની હોય, કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઓછું કરવાનું હોય, વજન ઘટાડવાનું હોય કે પાચનક્રિયાની તકલીફ હોય તો મેથી દાણાના સેવનથી રાહત મળે છે. તેની ચા બનાવીને, તેના દાણા ખાઈને પછી કે તેનો પાવડર કરીને સેવન કરવામાં આવે છે. પરંતુ મેથીનું પાણી પણ લાભકારી સાબિત થયું છે.

### બનાવવાની રીત

એક મોટા બાઉલમાં પાણી લઈ તેમાં બે ચમચા મેથીના દાણા નાખી રાતના ભીંજવવા. સવારે આ પાણીને ગાળી લઈને નયણા કોઠે સેવન કરવું. એક ચમચો મેથીના દાણાને તેલ વગર હળવા શેકવા અને પછી તેને દળીને પાવડક કરવો.એક ગ્લાસ ગરમ પાણીમાં એક ચમચો મેથી પાવડર ભેળવી પીવું.

### ડાયાબિટિસ ઇલાજ

ડાયાબિટિસના દરદીઓ માટે મેથી રામબાણ ઈલાજ છે. તેમાં ફાઈબરની માત્રા અધિક પ્રમાણમાં હોય છે. ટાઈપ



વન અને ટાઈપ ટુ બન્ને ડાયાબિટિસના દરદીઓ માટે મેથી ગુણકારી છે. મેથી રક્તમાંના સુગરના પ્રમાણને ઓછું કરવામાં મદદ કરે છે. તેમાં એમીનો એસિડ હોવાથી તેને એન્ટીડાયાબીટિક પ્રોપર્ટી માનવામાં આવે છે, રક્તમાંની સુગરને તોડવામાં મદ મળે છે.

### કોલેસ્ટ્રોલ કંટ્રોલ કરે છે

શરીરમાં રહેલા બેડ કોલેસ્ટ્રોલના પ્રમાણને ઓછા કરી ગુડ કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. તેમજ તે ટ્રાઈગ્લિસરાઈડના લેવલને પણ ઓછું કરે છે અને શરીરમાં ચરબીના થર થવા દેતી નથી. જો બે-ત્રણ મહિના સુધી નિયમિત રીતે મેથીના પાણીનું સેવન કરવામાં આવે તો ચોક્કસ શરીમાંના એચડીએલ એટલે કે ગુડ કોલેસ્ટ્રોલનુ પ્રમાણ વધે છે.

### તાવ-ગળાને ફાયદો

લીંબુ અને મધ સાથે મેથીનું સેવન કરવામાં આવે તો આરામ થાય છે. મેથીમાં મ્યુસિલેજ નામનું એક તત્વ છે જેનાથી શરદી, ઊધરસ અને ગળામાં ખરાબીમાં રાહત થાય છે. મેથીનાપાણીનું સેવન આ તકલીફમાં રાહત આપે છે.

### વજન ઘટાડે છે

મેથીમાં ભરપુર પ્રમાણમાં ફાઈબર સમાયેલું છે. તેથી સવારે નયણા કોઠે મેથીનું પાણી પીવાછી લાંબા સમય સુધી પેટ ભરેલું હોવાની અનુભૂતિ થતી હોય છે.તેથી ભૂખ જલદી લાગતી નથી. ઓછું ખાવાથી ઓછી કેલરીનું સેવન થતું હોવાથી વજન કન્ટ્રોલમાં રહે છે. તેમજ પેટ ફુલવાની તકલીફ થતી નથી. પાણી સાથે દિવસમાં બે ત્રણ વખત કાચી મેથી ચાવવાથી પણ વજન ઘટાડે છે. ફાઈબર અને એન્ટિઓક્સિડન્ટ ભરપુર માત્રામાં હોવાથી શરીરમાં ટોક્સિન્સને બહાર કાઢીને પાચનતંત્ર સુધારે છે.

## સાબુદાણાના પરાઠા

સામગ્રી : ૧ કપ – સાબુદાણા, ૨ કપ – બાફેલા બટાકા, ૧/૨ – જીરા પાઉડર, ૩ ચમચી – સીંગદાણા, ૧/૪ ચમચી – કોથમીર, ૧ ચમચી – બુરુખાંડ, ૨ ચમચી – લીંબુનો રસ, સિંધા લૂણ, તેલ

બનાવવાની રીત : સૌ પ્રથમ સાબુદાણાના પરાઠા બનાવવા માટે સાબુદાણાને બરાબર ધોઇને ૨–૩ કલાક પલાળીને રાખો. તે બાદ બાફેલા બટેટાને મશળી લો. હવે બટેટા અને સાબુદાણાને યોગ્ય રીતે મિક્સ કરી લો. હવે તેમા જીરા પ ાઉડર, સીંગદાણા, કોથમીર, લીંબુનો રસ, બુરુ ખાંડ અને મીઠું મિક્સ કરી લો. આ મિશ્રણનો લૂઆ બનાવીને તેને હાથમાં લો. હવે હથેળીની મદદથી રોટલી જેવો આકાર આપો. ધ્યાન રહે કે આ કરતા સમયે હથેળી પર થોડૂક તેલ લગાવી લો. હવે ધીમી આંચ પર એક તવી ગરમ કરો. તવી ગરમ થતા તેની પર સાબુદાણાના પરાઠાને તેલ



લગાવીને શેકી લો. બન્ને બાજુથી આછા બ્રાઉન રંગના થાય એટલે તેને પ્લેટમાં લઇ લો. તૈયાર છે સાબુદાણાના પરાઠા. તેને દહી સાથે સર્વ કરો.

## ક્રોસવર્ડ



આડી ચાવી :

(૧)નોકરીમાંથી રુખસદ મળવી તે (૫)

(૫) સરસાઈ, સ્પર્ધા (૪)

(૯) ડાંસ, મચ્છર (૪)

(૧૦) ઉત્કટ ઈચ્છા, તલપ (૩)

(૧૧) અંજામ, પરિણામ (૩)

(૧૪) કોઠારી, નેસ્તી, ભંડારી (૨)

(૧૫) વ્યાધ, શિકારી (૩)

(૧૭) ટાણું, તક (૪)

(૧૯) ખબર, સંભાળ (૨)

(૨૦) ખુશી, હરખ (૨)

(૨૨) મહિનો (૨)

(૨૩) તોલ, ભાર, માન (૩)

(૨૪) અપ્રીતિ, અભાવ (૩)

(૨૬) કમાણી, નફો (૪)

(૨૯) હંમેશાં (૨)

(૩૧) ચરણ, પગ (૨)

(૩૨) પંજાબની એક નદી (૨)

(૩૩) દાયણ, સુયાણી (૨)

(૩૪) સુતારનું એક ઓજાર (૪)

(૩૫) કસબ, સોના રૂપાનો તાર (૪)

ઊભી ચાવી :

(૧) છીંકણી, તમાકુ (૩)

(૨) અજ્ઞાન, અંધારું (૩)

(૩) નસ, બનૂસ (૨)

(૪) ગૂંથેલી કોર (૨)

(૬) તરેફ, ધારો, રૂઢિ (૨)

(૭) અતિશયતા, પાક (૨)

(૮) હબક, ડર (૩)

(૧૨) કીચડ (૩)

(૧૩) ભાલ, લલાટ (૩)

(૧૪) દાણાદાર, ખાંડ (૩)

(૧૬) ધૈર્ય, હિંમત (૩)

(૧૭) યુદ્ધ, લશ્કર (૩)

(૧૮) સરખું (૩)

(૧૯) ગામનું પાદર, બજાર (૩)

(૨૧) ગરક, તલ્લીન (૨)

(૨૩) વરદાન દેનાર (૩)

(૨૫) પિયર (૪)

(૨૭) ચિત્ર, છબી (૪)

(૨૮) અનિલ, પવન (૩)

(૩૦) ઊંડો ખાડો, ખાણ (૨)

(૩૧) નીપજ, પવિત્ર (૨)

(૩૨) રાજા, રાજ્ય (૨)

(૩૩) સેવક (૨)

**ક્રોસવર્ડનો ઉકેલ** આડી ચાવી : (૧) બરતરફી (૫) હરીફાઈ (૯) મગતરું (૧૦) તલબ (૧૧) રકાસ (૧૪) મોદી (૧૫) પારધી (૧૭) અવસર (૧૯) ભાળ (૨૦) રલી (૨૨) માસ (૨૩) વજન (૨૪) કમન (૨૬) મળતર (૨૯) સદા (૩૧) પાય (૩૨) રાવી (૩૩) દાઈ (૩૪) કરવત (૩૫) જરકસ ઊભી ચાવી :(૧)બજર (૨) તમસ (૩) રગ (૪) ફીત (૬) રીત (૭) ફાલ (૮) ઈબક (૧૨) કાદવ (૧૩) કપાળ (૧૪) મોરસ (૧૬) ધીરજ (૧૭) અનીક (૧૮) સમાન (૧૯) ભાગોળ (૨૧) લીન (૨૩) વરદા (૨૫) મહિયર (૨૭) તસવીર (૨૮) મરુત (૩૦) ખાઈ (૩૧) પાક (૩૨) રાજ (૩૩) દાસ

# તમારા ભાઈએ મારાથી જુદારું લઈ લીધું છે

શિયાળાની લપઝપ સાંજ રોજની જેમ આજેય ઝટઝટ ઢળી રહી. હું સુંદરના ઘેર પહોંચ્યો ત્યાં સુધીમાં ડૂબતા સૂરજનાં રતુંબડાં કિરણોમાં લાલચટક ભાસતું એનાં ઘરનું અનુપમ સૌંદર્ય હજુ ઉપલબ્ધ હતું, ઘર પછવાડે આવેલા કૂવા પરનાં ઓઈલ એન્જિનની ટોપલીનો 'ટુક ટુક ટુક' અવાજ હવે વધુ સ્પષ્ટ બન્યો હતો. ચારે બાજુ કપાસનાં લીલાંછમ ખેતરોની વચ્ચે ઊભેલાં આ ઘરનાં આંગણામાં ખાટલો ઢાળીને સંધ્યાટાણે ઘડી-બે-ઘડી પસાર કરવી એ મારો વર્ષોનો રવૈયો રહ્યો છે.

પણ આંગણામાં ઊભા ઊભા મેં ચારેકોર નજર કરી તો સામે દેખાતી ઘઉંની ક્યારીઓ ભીની હોવા છતાં એના ફણગા ફિક્કા લાગ્યા. પપૈયાં પહેલાંની જેમ ભરાવદાર નહોતાં. ચારેકોર ઊભી કરેલી માંડવી પર શાકભાજીના વેલા લચી પડ્યા હતા પણ એની સારસંભાળ લેનાર કોઈ જ નહોતું.

નિરાંતે બેસતાં મેં સુંદર સામે જોયું તો એનો ચહેરો વિક્ષુબ્ધ હતો.

સુંદર મારો વર્ષોનો દોસ્ત છે અને જ્યારે જ્યારે થોડી રજાઓ ગાળવા હું ગામડે જાઉં છું ત્યારે આ સાંજ એની સાથે જ ગાળતો આવ્યો છું.

મેં ઘરમાં નજર નાખી.

ઓસરીની પડખે શાકભાજીના લીલાછમ વેલાઓથી ઢંકાયેલા એક માળા નીચે જુદો ખાટલો પાથરેલો હતો. બાજુના ટેબલ પર થોડાં પુસ્તકો પડ્યાં હતાં, વચ્ચે ટ્રાન્ઝિસ્ટર હતો.

મેં સુંદર સામે જોયું.

એ મારું કુતૂહલ પામી જતાં બોલ્યો : 'એ મારો રીડિંગરૂમ છે.'

પણ એની વાત હું સમજું ના સમજું એ પહેલાં એક પરિચિત અવાજ આવ્યો, 'આવો ભાઈ... બહુ દિવસે આવ્યા !'

'હા, કેમ છો ભાભી ?' કહેતતાં મેં ચલાવ્યું : 'આ અખબારની નોકરી જ એવી છે. રવિવારે આખી દુનિયા રજા પાડે પણ અખબાર વિના ના ચાલે.

પત્રકારોને પરણેલાં બધાં જ બૈરાં પસ્તાય છે આજે તો...'

'કેમ ?'

'રોજ રાત્રે બાર વાગે ઘેર પહોંચીએ... એવામાં કોઈ નેતા મોડી રાતે રાજીનામું આપે કે ક્યાંક પથ્થરમારો થાય એટલે અમે રાતના બે વાગે ઘેર પહોંચીએ ત્યારે પત્નીએ પણ રાજીનામું આપી દીધું હોય એવું લાગે.' કહેતાં હું હસ્યો.

'મોડું થાય એટલે ચિંતા તો થાય ને !'

'શું ધૂળ ચિંતા થાય ?' મેં કહ્યું, 'હા એમને ચિંતા એક વાતની ખરી કે, રાત્રે મોડા આવે છે એટલે કાંઈક બીજું કારણ તો નહીં હોય ને ! તમે લોકો બહુ વહેમીલા... ભાભી.'

સુંદર પણ હસ્યો.

પણ ભાભી વધુ ગંભીર હતાં.

પાણીનો ગ્લાસ ભરી લાવતાં એમણે કહ્યું, 'લ્યો, આ પાણી.'

પાણી પીને ગ્લાસ પાછો આપતાં મેં કહ્યું, 'ભાભી, તમે ખુશ નથી, કાંઈ કારણ છે ?'

'ના, કારણ કશું જ નથી. તમારા ભાઈએ મારાથી જુદારું જ લીધું.'

બોલતાં એ અંદર ચાલ્યાં ગયાં.

હું ચોંકી ગયો.

અલબત્ત, સુંદરે ઓસરીની પડખે માળા તળે ઢાળેલા અલગ ખાટલાવાળો રીડિંગરૂમ હવે મને સમજાયો. એ જોતાં મને વહેમ તતો પડ્યો જ હતો, કારણ કે

ખુલ્લાં ખેતરો વચ્ચેનું મકાન અને ત્રણ બાજુએ ખાલી વેલાઓથી ઢંકાયેલા એ ખૂણામાં શિયાળાની રાત કેમ કઢાય ? આ એક જાતની સજા હતી પોતાની જાત પર અને એ દ્વારા પત્નીનાં હૈયા પર આકરા ઘા હતા.

મેં સુંદર સામે જોયું.

એ મારા તરફ જોઈ રહ્યો. એનો ચહેરો પહેલાંની જેમ જ ગૂઢ હતો. બોલે જ ઓછું. પૂછો તો જ વાત કરે, પણ માણસ નિખાલસ.

મેં પૂછ્યું, 'સુંદર ! આ શું માંડ્યું છે ?'

'કાંઈ જ નહીં.'

'કાંઈ નહીં એટલે શું ? ઝઘડો શું છે ?'

'છોડને વાત.'

એટલામાં ચા આવી અને ચા આપી પરત જતાં જતાં ભાભી




**પતિ-પત્ની વચ્ચે જબરદસ્ત અંતર પડી ગયું છે અને એનો સહુથી કરુણતમ ભાગ એ છે કે પોતાની અકળામણ ઉલેચવા આ સ્ત્રી પાસે એને શાતા આપી શકે એવું પાત્ર અહીં વગડે કોઈ નથી. નહીંતર આમ બાર મહિને એકાદ-બે વાર માંડ આવતા પતિના મિત્ર સમક્ષ એના બંધ એકાએક તૂટી ન જ જાય.**

રડી પડ્યાં.

ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. એ ઝડપથી ઘરમાં ચાલ્યાં ગયાં.

મને લાગ્યું કે વાત ગંભીર છે.

પતિ-પત્ની વચ્ચે જબરદસ્ત અંતર પડી ગયું છે અને એનો સહુથી કરુણતમ ભાગ એ છે કે પોતાની અકળામણ ઉલેચવા આ સ્ત્રી પાસે એને શાતા આપી શકે એવું પાત્ર અહીં વગડે કોઈ નથી. નહીંતર આમ બાર મહિને એકાદ-બે વાર માંડ આવતા પતિના મિત્ર સમક્ષ એના બંધ એકાએક તૂટી ન જ જાય.

મેં કહ્યું, 'સુંદર, ભાભી સાથે આવું કરે છે ?'

'એમ ના કરું તો બીજું શું કરું ? એને ફટકારું ?'

'ગાંડા માણસ... મારવું તો સારું પણ તું જે સજા કરે છે તે ખરેખર આકરી છે. સ્ત્રીને ઢોલિયા પર તરછોડવી અને જાતે એકલા ટાઢે મરવું એ તો દયાહીનતાની પરાકાષ્ઠા આવી ગઈ.'

'અરે... તું જાણતો નથી યાર... એને મારા કરતાં વિરોધીઓ પર વધુ ભરોસો છે.'

'જો સુંદર !' મેં કહ્યું, 'તમારી વચ્ચે શું કારણ છે એમાં મને રસ નથી પણ આવો અમાનવીય થઈશ નહીં.'

પછી તો એ કાંઈ બોલ્યો નહીં.

અમે બંને ચા પી રહ્યા.

પણ વાતનો તંતુ મેં મનમાં જ પકડવા કોશિશ કરી. મને એકાએક યાદ આવ્યું. થોડા સમય પહેલાં સુંદર વિશે એક અફવા પ્રસરી હતી. એ વાત મારા કાને પણ આવી હતી. કોઈ કહેતું, 'સુંદર અને સૂરજ વચ્ચે લફરું છે.'

'સૂરજ કોણ ?'

'અરે પેલી સૂરજ... ના ઓળખી ? બંને એક જ સ્કૂલમાં નોકરી કરે છે.'

'હા, તે શું થયું તેનું ?'

'બેઉ ભાગી ગયાં.'

'ક્યાં ?'

'એ તો અમદાવાદ જઈને પરણી ગયાં.'

'હા... જુઓને કેટલાયે દિવસથી બેઉ ગામમાં નથી.'

આવું આવું તો ખૂબ ચાલેલું, પછી તો સુંદર માટે શોધાશોધ ચાલી. બીજી તરફ સૂરજ માટે પણ ખોજ ચાલી, વાતની મજા તો ત્યાં છે કે, સુંદર માટે શોધ કરનારા સુંદરનાં ઘરવાળાં નહોતાં અને સૂરજ માટે શોધ કરનારાં એનાં ઘરવાળાં નહોતાં, કારણ કે સુંદર મુંબઈ ગયો હતો ને સૂરજ કોઈ ગામડે ગઈ હતી પણ લોકો માનવા તૈયાર નહોતાં.

એક વાર મને સૂરજ એકલી મળી ગયેલી.

મેં પૂછી જ નાખેલું, 'સૂરજ, શું વાત છે ?'

સૂરજ એટલું જ બોલી હતી, 'અવકાશના સૂરજમાં કલંક હશે, પણ હું નિષ્કલંક છું.'

સૂરજની આંખોમાં નીડરતા હતી અને દુઃખ પણ હતું.

ભાભી દુઃખી હતાં એ પણ આ જ કારણે.

આખરે એમના કાને પણ આ વાત આવી જ હશે. એમને કોઈકે કહ્યું હશે કે તમારો ધણી તો કોઈ કુંવારી છોકરીને ઉઠાવીને જતો રહ્યો છે ત્યારે એ બિચારાની શી દશા થઈ હશે ? આખું ગામ એકની એક વાત કર્યા કરે ત્યારે સ્ત્રી કેટલું ખમી શકે ? આ તો સ્ત્રીની એક જન્મજાત નબળાઈ છે. આવી વાત સાંભળ્યા પછી ભાભી કદાચ ભૂખ્યાં રહ્યાં હશે ત્યારે સુંદરને થયું હશે કે, શું મારા પરનો ભરોસો ખતમ થઈ ગયો ? ગામના ચાર ચૌદશિયાઓએ ઉડાડેલી વાત એણે સાચી માની લીધી ? હું શા માટે ખુલાસો કરું ?

એ બેઉ વચ્ચેની ભેદરેખા આજે મોટી થઈ હતી.

મને વિશ્વાસ હતો કે સુંદર ખરેખર 'સુંદર' જ છે. એ જેવો હતો તેવો જ સ્પષ્ટ, સાફ અને નેક છે. સૂરજ પણ પવિત્ર છે, પરંતુ ખટપટોથી ખદબદતા સમાજે ઉછાળેલા કાદવનાં મોજાં આ સારસ-સારસીને આભડી ચૂક્યાં હતાં. દૂર ઊભેલી બિચારી પોયણીશી સૂરજને પણ હચમચાવી ગયાં હતાં.

અફવાઓ શાંત થઈ હતી.

પરંતુ સુંદરના ઘરમાં ઠંડી આગ લાગી ગઈ હતી. એનું ઘર બળતું હતું પણ કોઈને દેખાતું નહોતું.

હું ઊભો થયો.

'આ આગને ઠારવા મારી પાસે કોઈ જ રસ્તો નથી શું ?' એમ વિચારતાં વિચરતાં જામતાં અંધારામાં ઝાંખી પડેલી પગદંડી પર હું ચડી ગયો.

વાટ ગામ તરફ જતી હતી.

જામી રહેલી ઠંડીમાં હું ગામ તરફ નફરતસભર પગલાં માંડી રહ્યો ત્યારે પણ ભાભીના એ શબ્દો મારા કાનમાં ગુંજતા હતા : 'તમારા ભાઈએ મારાથી જુદારું લીધું છે.'

હું નિઃસહાય હતો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ડાયનોસોરના જમાનાની માછલી : સીલાકંથ

પૃથ્વી પર ડાયનોસોર કરોડો વર્ષ પહેલાં હતા અને નાશ પણ પામ્યા. તે જમાનાના ઘણા પ્રાણીઓ પણ નાશ પામ્યા અથવા તો રૂપાંતરિત થઈ નાના પશુ-પક્ષીઓ બની ગયાં પરંતુ હિન્દ મહાસાગરમાં જોવા મળતી સીલાકંથ નામની માછલી ડાયનોસોરના જમાનાથી હજી ય જોવા મળે છે. ૧૯૩૮માં દક્ષિણ આફ્રિકાના કાંઠે પાંચ ફૂટ લાંબી ભૂરા ભિંગડા અને ગોળાકાર આંખોવાળી સીલાકંથ નામની માછલી મળી આવી. અભ્યાસ કરીને વિજ્ઞાાનીઓએ તેને ક્રોસ્પેટેરીજી કાળની હોવાનું જણાવ્યું. આ માછલીને અશ્મી માછલી ઉપનામ પણ આપ્યું કેમકે આજ સુધી માત્ર તેના અશ્મીઓ જ જોવા મળ્યા હતા. સીલાકંથ માછલીમાંથી રૂપાંતર થઈને જમીન પર ચાલતાં ચાર પગવાળા પ્રાણીઓની ઉત્પત્તિ થયાનું વિજ્ઞાાનીઓ માને છે. સીલાકંથ માછલીની કરોડરજ્જુ નરમ હાડકાંની બનેલી હોય છે. તેના માથામાં ખોપરી હોય છે અને તીક્ષ્ણ દાંત હોય છે. તે માંસાહારી હોય છે. તેને ચાર પાંખો હોય છે અને સમુદ્રના તળીયે ચાલવામાં પગની જેમ ઉપયોગ કરે છે. સીલાકંથ સમુદ્રમાં ૨૦૦ મીટરની ઊંડાઇએ જ રહે છે. મોટે ભાગે જ્વાળામુખીના ખડકોવાળા વિસ્તારમાં વધુ હોય



### ૪૦૦ વર્ષથી વરસાદ વિનાનું રણ : એટાકામા

ચી લીમાં એન્ડીસ પર્વત નજીક આવેલું નાનકડું રણ એટાકામા વિશ્વનો સૌથી સૂકો પ્રદેશ છે. જેમાં ૪૦૦ વર્ષથી વરસાદ જ નથી થયો. આ રણપ્રદેશની ધરતી પણ અજાયબ છે. ખાડા ટેકરાવાળી લાલ ધરતી. જાણે મંગળ ઉપર આવ્યા હોય તેવું લાગે. મંગળની ધરતીનું દ્રશ્ય લેવું હોય તો ઘણી ફિલ્મોવાળા અહીં શુટિંગ કરવા આવે છે. મંગળ પર યાન મોકલતાં પહેલાં નાસા પણ અહીં ટેસ્ટ કરવા આવે છે. જાણીને નવાઈ લાગે પણ આવા સુકા અને વનસ્પતિ વિનાના પ્રચંડ તાપ માનવાળા વિસ્તારમાંય થોડા લોકો રહેતાં હતાં. એટાકામાના રણમાં સોડિયમ નાઈટ્રેટ અને તાંબુ પુષ્કળ મળે. અહીં તેની ખાણો હતી. જોકે હવે ખાણો બંધ થઈ ગઈ છે અને ત્યાં રહેનારા લોકો પણ ચાલ્યા ગયા છે. એટકામાના રણમાં છોડી દેવાયેલાં અનેક ભૂતિયા મકાનોના ખંડેર જોવા મળે છે. એટકામાના આકાશમાં કદી વાદળો હોતાં નથી એટલે ખગોળશાસ્ત્રીઓને આકાશદર્શન માટે અનુકુળ સ્થળ છે. યુરોપિયન ઓબ્ઝર્વેટરીએ અહીં ૬૬ રેડિયો ટેલિસ્કોપવાળું







# ઈંગ્લેન્ડને આઠ રનથી હરાવી ભારતે શ્રેણી સરભર કરી

## ભારતે આઠ વિકેટે ૧૮૫ રન કર્યા : ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૭ રન જ બનાવી શકી

અમદાવાદઃ સૂર્યકુમાર યાદવની આક્રમક અડધી સદી બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી ભારતે અહીં રમાયેલી ચોથી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ઈંગ્લેન્ડને આઠ રનથી હરાવીને પાંચ મેચની શ્રેણી ૨-૨થી સરભર કરવા ઉપરાંત શુક્રવારે રમાનારી અંતિમ મેચને નિર્ણાયક બનાવી દીધી હતી. ઈંગ્લેન્ડને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતે આઠ વિકેટે ૧૮૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે૧૭૭ રન બનાવી શકી હતી. રનચેઝ કરનાર ઈંગ્લેન્ડની ટીમ માટે ઓપનર જેસન રોયે ૨૭ બોલમાં ૪૦ તથા બેન સ્ટોક્સે ૨૬ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. સ્ટોક્સ અને બેરિસ્ટોની (૨૫) જોડી તૂટયા બાદ ઈંગ્લેન્ડની પીછેહઠ શરૂ થઈ હતી.

સૂર્યકુમાર યાદવે કોઈ પણ પ્રકારના દબાણમાં આવ્યા વિના પોતાની સાહજિક રમત દાખવીને ૩૧ બોલમાં ૫૭ રન ફટકારી દીધા હતા. ભારતે નવમી ઓવરમાં સુકાની વિરાટ કોહલી (૧) સહિત ટોચની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. સૂર્યકુમારને વિવાદાસ્પદ રીતે




કેચઆઉટ અપાયો હતો. મલાને બાઉન્ડ્રી લાઈનની પાસે કેચ ઝડપ્યો હતો પરંતુ રિપ્લેમાં બોલ જમીનને અડી ગયો તે સ્પષ્ટ દેખાતું હોવા છતાં થર્ડ અમ્પાયરે ફિલ્ડ અમ્પાયરના નિર્ણયને માન્ય રાખીને સૂર્યકુમારને આઉટ આપ્યો હતો.

રોહિત શર્માએ ઈનિંગ્સના પ્રથમ બોલે જ સિક્સર ફટકારીને વિશેષ સિદ્ધિ હાંસલ કરી હતી. તે ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત તરફથી ૫૦ સિક્સર ફટકારનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે. સૂર્યકુમાર યાદવ ડેબ્યૂ ઈનિંગમાં અડધી સદી નોંધાવનાર ભારતનો પાંચમો બેટ્સમેન બની ગયો છે. આ પહેલાં અજિંક્ય રહાણે, ઈશાન કિશન, રોહિત શર્મા અને રોબિન ઉથપ્પા પોતાની ડેબ્યૂ ઈનિંગમાં અડધી સદી ફટકારી ચૂક્યા છે.




બર્મિંગહામ : ભારતના ચાર મેન્સ શટલરે ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત સાઇના નેહવાલને ઇજાના કારણે વિમેન્સ સિંગલ્સના પ્રારંભિક મુકાબલાને અધવચ્ચેથી પડતો મૂકવાની ફરજ પડી હતી. સાઇનાને થાપામાં સ્નાયુ ખેંચાઇ જવાની ઇજા થઇ હતી. ડેનમાર્કની ખેલાડી મિયા બ્લિચફેલ્ટ સામેના પ્રથમ મુકાબલામાં સાઇના ૮-૨૧, ૪-૧૦ના સ્કોરથી પાછળ હતી ત્યારે તેણે મુકાબલો પડતો મૂક્યો હતો. મેન્સ સિંગલ્સમાં વિશ્વના ૧૫મા ક્રમાંકિત બી. સાઇ પ્રણીથે ફ્રાન્સના ટોમા જૂનિયર પોપોવને ૨૧-૧૮, ૨૨-૨૦થી પરાજય આપ્યો હતો. એચએસ પ્રણોયે મલેશિયાના ડેરેન લિયૂને ૨૧-૧૦, ૨૧-૧૦થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. યુવા શટલર લક્ષ્ય સેને થાઇલેન્ડના કાંટાફોન વાંગચારોએનને ૨૧-૧૮, ૨૧-૧૨થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. સમીર વર્માએ બ્રાઝિલના યેગોર કોલ્હોને ૨૧-૧૧, ૨૧-૯થી પરાજય આપ્યો હતો.

### પીવી સિંધૂ જીતી, શ્રીકાંત-કશ્યપ હાર્યા

વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધૂએ મલેશિયાની સોનિયા ચિયાને ૩૮ મિનિટ સુધી રમાયેલી મેચમાં ૨૧-૧૧, ૨૧-૧૭ના સ્કોરથી હરાવી હતી. આ પહેલાં અશ્વિની પોનપ્પા અને એન સિક્કી રેડ્ડીની જોડીએ થાઇલેન્ડની બેનયાપા અને એમસાર્ડની જોડીને ૩૦ મિનિટમાં ૨૧-૧૪, ૨૧-૧૨થી હરાવી હતી. શ્રીકાંતને આયરલેન્ડના એનગુયેન નેહાટે ૧૧-૨૧, ૨૧-૧૫, ૧૨-૨૧થી તથા કશ્યપને કેન્ટો મોમોટાએ ૪૨ મિનિટમાં ૧૩-૨૧, ૨-૨૨ના સ્કોરથી હરાવ્યો હતો.

# બોસફોરસ બોક્સિંગમાં નિખત ઝરીને વર્લ્ડ ચેમ્પિયન એક્ટરિનાને હરાવી અપસેટ સર્જ્યો

નવી દિલ્હીઃ મહિલા બોક્સર નિખત ઝરીને બોસફોરસ બોક્સિંગ ટૂર્નામેન્ટની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ ચેમ્પિયન પાલ્તસેવા એક્ટરિનાને હરાવીને સનસનાટી મચાવી હતી. તુર્કીના ઈસ્તમ્બુલ ખાતે યોજાયેલી ટૂર્નામેન્ટની ૫૧ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં નિખતે રશિયન બોક્સર સામે ૫-૦ના સ્કોરથી વિજય હાંસલ કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમિફાઈનલમાં પ્રવેશ કરવા માટે નિખતે બે વખતની વર્લ્ડ ચેમ્પિયન કઝાકસ્તાનની કિજાયબે નઝીમને હરાવવી પડશે. નિખત



ઉપરાંત ૨૦૧૩ના એશિયન ચેમ્પિયન શિવા થાપા, સોનિયા લાથેર તથા પરવીને પોતપોતાની ઈવેન્ટમાં વિજય હાંસલ કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. થાપાએ ૬૩ કિલોગ્રામ વેઈટ ગ્રૂપમાં કઝાકસ્તાનના સ્માગુલોવ બાઘતિયોવને ૩-૨થી હરાવ્યો હતો. ૫૭ કિલોગ્રામ વજન ગ્રૂપમાં વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલ્વર મેડાલિસ્ટ લાથેરે સુરમેનેલી કુગસેનાઝને એકતરફી બાઉટમાં ૫-૦થી પરાજય આપ્યો હતો. ૬૦ કિલોગ્રામ કેટેગરીમાં પરવીને તુર્કીની અન્ય એક ખેલાડી ઓઝિયોલ એસરાને ૫-૦ના સ્કોરથી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ક્વાર્ટર ફાઈનલમાં છ ભારતીય બોક્સરે પ્રવેશ કર્યો છે.

### પાક. બોર્ડ પર બરાબરનો ભડક્યો શાહિદ આફ્રિદી

પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીએ પાકિસ્તાન સુપર લીગ છ સ્થગિત થવા પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની આલોચના કરી અને કહ્યું કે આના પરથી સાબિત થઈ ગયું કે તેમની પાસે બીજી યોજના તૈયાર નહોતી. આફ્રિદીએ લાહોરમાં એક કાર્યક્રમમાં વાત કરતાં કહ્યું હતું કે પાકિસ્તાન સુપર લીગને સ્થગિત કરવી જોઈતી નહોતી. તેણે કહ્યું કે પીએસએલ પાકિસ્તાન અને પાકિસ્તાની ક્રિકેટ માટે ખૂબ મોટી બ્રાન્ડ છે અને દુર્ભાગ્યપૂર્ણ છે કે પીસીબીની પાસે આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ માટે બીજી યોજના તૈયાર નહોતી.

## એથ્લેટ અનુ રાની પોતાનો જ નેશનલ રેકોર્ડ તોડવા છતાં ઓલિમ્પિકની ટિકિટથી વંચિત

નવી દિલ્હીઃ એશિયન ગેમ્સની મેડલ વિજેતા અને ભારતીય મહિલા ભાલા ફેંક એથ્લેટ અનુ રાનીએ પતિયાલા ખાતે યોજાયેલા ફેડરેશન કપમાં પોતાનો જ નેશનલ રેકોર્ડ તોડી નાખ્યો હતો. જોકે તે ટોક્યો ઓલિમ્પિકના ક્વોલિફિકેશન માટેના ૬૪ મીટરનું અંતર હાંસલ કરી શકી નહોતી. ૨૮ વર્ષીય ઉત્તરપ્રદેશની અનુએ પોતાના પ્રથમ પ્રયાસમાં જ ૬૧.૪૫ મીટરનું અંતર હાંસલ કર્યું હતું. તેણે ત્રીજા પ્રયાસમાં ૬૩.૨૪ મીટરના હાઈએસ્ટ અંતર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો અને ૬૨.૩૪ મીટરના પોતાના જ નેશનલ રેકોર્ડમાં સુધારો કર્યો હતો જે તેણે ૨૦૧૯માં નોંધાવ્યો હતો. રાજસ્થાનની સંજના ચૌધરી ૫૪.૫૫ મીટર સાથે બીજા તથા હરિયાણાની શર્મિલા ૫૦.૭૮ મીટરના અંતર સાથે ત્રીજા ક્રમે રહી હતી.

પોલવોલ્ટ ઈવેન્ટમાં તામિલનાડુની રોઝી પોલરાજ ૩.૯૦ મીટરની ઊંચાઈ સાથે પ્રથમ નંબરે રહી હતી. આ ઈવેન્ટમાં ઓલિમ્પિક ક્વોલિફિકેશન માર્ક ૪.૭૦ મીટરનું છે.

### મેસ્સીના 'ડબલ'થી બાર્સેલોનાએ હુએસ્કાને ૪-૧થી પરાજય આપ્યો

મેડ્રિડ: સ્ટાર ફૂટબોલર લાયોનલ મેસ્સીએ નોંધાવેલા બે ગોલની મદદથી બાર્સેલોનાએ લા લીગા ફૂટબોલ ચેમ્પિયનશિપમાં હુએસ્કાને ૪- ૧થી પરાજય આપ્યો હતો. બાર્સેલોનાએ આ વિજય સાથે તેની અને ટોચના ક્રમે રહેલી એટ્લેટિકો મેડ્રિડ વચ્ચેના પોઇન્ટનું અંતર ઓછું કરી દીધું હતું. બાર્સેલોનાના ૨૭ મેચમાં ૫૯ પોઇન્ટ થયા છે અને એટ્લેટિકો મેડ્રિડના ૨૭ મેચમાં ૬૩ પોઇન્ટ હોવાના કારણે બંને ટીમો વચ્ચેના પોઇન્ટનું અંતર હવે માત્ર ચારનું રહી ગયું છે. બાર્સેલોના માટે મેસ્સીએ ૧૩મી મિનિટે ગોલ કરીને પ્રારંભિક લીડ અપાવી હતી. પ્રથમ હાફ પૂરો થવામાં કેટલીક મિનિટો બાકી હતી ત્યારે ગ્રિઝમેને ૩૫મી મિનિટે ગોલ કરીને સ્કોર ૨-૦નો કર્યો હતો.

## બબીતા ફોગાટની પિતરાઈ બહેન ૧૭ વર્ષીય રિતિકાની આત્મહત્યા

નવી દિલ્હી : રમતજગતને હચમચાવી દે તેવા બનાવમાં દિગ્ગજ મહિલા રેસલર બહેનો ગીતા ફોગાટ તથા બબીતા ફોગાટની પિતરાઈ બહેન રિતિકા ફોગાટે આત્મહત્યા કરી છે. ૧૭ વર્ષીય રિતિકાએ પણ રેસલિંગને કારકિર્દી તરીકે અપનાવી હતી અને માનવામાં આવી રહ્યું છે કે રાજસ્થાનની એક સ્ટેટ ટૂર્નામેન્ટમાં મળેલા પરાજય બાદ તેને માનસિક રીતે એટલો બધો આઘાત લાગ્યો હતો કે તે હારને પચાવી શકી નહોતી અને ૧૭મી માર્ચે રાત્રે દુપટ્ટાથી ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. જોકે પોલીસ આ બનાવની સત્યતાની તપાસ કરી રહી છે. રિતિકા



છેલ્લા પાંચ વર્ષથી પોતાના ફુઆ તથા ગીતા-બબીતા ફોગાટના પિતા દ્રોણાચારી એવોર્ડી મહાબીર ફોગાટ પાસે રેસલિંગની ટ્રેનિંગ લઈ રહી હતી. તેણે ૧૨મીથી ૧૪મી માર્ચ સુધી આયોજિત સ્ટેટ લેવલ સબ જુનિયર ટૂર્નામેન્ટની ૫૩ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં ભાગ લીધો હતો. ૧૪મી માર્ચે ફાઈનલ હતી અને રિતિકા માત્ર એક પોઈન્ટ માટે હારી ગઈ હતી. તે આ પરાજયને પચાવી શકી નહોતી અને જિંદગીનો તેણે અંત આણ્યો હતો. ચરખી દાદરીના ડીએસપી રામસિંહે જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટમાં મળેલા પરાજયના કારણે રિતિકાએ આત્મહત્યા કરી હોઈ શકે છે પરંતુ અમે તપાસ કરી રહ્યા છીએ.

### ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની હેટ્રિક, પેલેના ૭૬૭ ગોલનો રેકોર્ડ તોડ્યો

મિલાન: પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ છેલ્લા કેટલાક સમયથી તેના ફોર્મ અંગે થઇ રહેલી ટીકાઓનો જડબાતોડ જવાબ આપીને ઇટાલિયન ફૂટબોલ લીગ સિરી-એમાં કેગલિઅરી સામે હેટ્રિક નોંધાવતા તેની જુવેન્ટ્સ ક્લબે ૩-૧થી વિજય હાંસલ કર્યો હતો. ૩૬ વર્ષીય રોનાલ્ડોએ ૧૦મી મિનિટે હેડર દ્વારા પોતાનો પ્રથમ ગોલ નોંધાવ્યા બાદ ૨૫મી મિનિટે પેનલ્ટી સ્પોટને ગોલમાં ફેરવી હતી. ત્યારબાદ તેણે ૩૧મી મિનિટે ડાબા પગથી ધમાકેદાર કિક ફટકારીને પોતાની હેટ્રિક પૂરી કરી હતી. આ સાથે રોનાલ્ડોએ બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલેના સર્વાધિક ૭૬૭ ગોલના રેકોર્ડને સત્તાવાર રીતે તોડી નાખ્યો હતો. રોનાલ્ડોના હવે કુલ ૭૭૦ ગોલ થયા છે.

# ફ્રાન્સમાં કોરોનાનું ત્રીજું મોજું, ૩૦ હજાર નવા દર્દી મળ્યા

## વીતેલા ૨૪ કલાકમાં વિશ્વમાં સંક્રમણને કારણે ૯,૭૩૮ લોકોના મૃત્યુ, બ્રાઝિલમાં આરોગ્યમંત્રી બદલાયા

વોશિંગ્ટન : વિશ્વમાં કોરોના વાઈરસ ફરી ફૂંફાડા મારી રહ્યો છે. વીતેલા ૨૪ કલાકમાં વિશ્વમાં સંક્રમણને કારણે ૯,૭૩૮ લોકોના મૃત્યુ નોંધાતા કુલ મૃતકોની સંખ્યા વધીને ૨૬.૭૦ લાખ થઈ છે. તે અરસામાં ૪૬ હજારથી વધુ નવા કેસ સામે આવતાં વિશ્વના ૧૯૨ દેશોમાં સંક્રમણનો ભોગ બની ચૂકેલા કુલ લોકોની સંખ્યા ૧૨ કરોડ ૮ લાખને વટાવી ગઈ છે. અમેરિકામાં કોરોનાનો કહેર અટકવાનું નામ નથી લઈ રહ્યો. અહીં સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૨ કરોડ ૯૫ લાખથી વધી ચૂકી છે તો ૫.૩૬ લાખ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. આ દરમિયાન ફ્રાન્સના વડા પ્રધાન જીન કાસ્ટેક્સે સંસદને જણાવ્યું છે કે ફ્રાન્સમાં કોરોના સંક્રમણના ત્રીજા મોજાનો આરંભ થઈ ચૂક્યો છે. ૨૦ નવેમ્બર પછી સાત દિવસની કોરોના નવા કેસની સરેરાશ સંખ્યા ૨૫,૦૦૦ને



પાર થઈ ચૂકી છે. મંગળવારે ફ્રાન્સમાં નવા ૨૯,૯૭૫ કેસ નોંધાયા હતા. કોરોનાકાળમાં બ્રાઝિલે ચોથીવાર પોતાના આરોગ્યપ્રધાન બદલ્યા છે. બ્રાઝિલમાં અમેરિકા પછીના ક્રમે સૌથી વધુ કેસ નોંધાયા છે. બ૧ કરોડથી વધુ કેસ નોંધાયા હોય તેવા ટોચના ત્રણ દેશોમાં ભારત ત્રીજા સ્થાને છે.

### ઈટાલી-ફ્રાંસ શરૂ કરશે એસ્ટ્રાજેનેકા રસીનો પ્રયોગ, પોલિટિકલ બેન હોવાનું સ્વીકાર્યું

પેરિસ : વિશ્વના દેશો દ્વારા એસ્ટ્રાજેનેકા વેક્સિન પર કામચલાઉ પ્રતિબંધ મુકવામાં આવતા દરેકની ચિંતા વધી ગઈ હતી. પરંતુ ઈટાલી અને ફ્રાંસે હવે આ પ્રતિબંધ હટાવી લેવાનો નિર્ણય લીધો છે અને ટૂંક સમયમાં જ બંને દેશો પોતાના ત્યાં ફરીથી વેક્સિનેશન શરૂ કરાવી દેશે. ઈટાલીના વડાપ્રધાન મારિયો દ્રાઘીએ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોન સાથે આ અંગે ચર્ચા કરી હતી અને એસ્ટ્રાજેનેકાનો ઉપયોગ ફરી શરૂ કરવાની વાત કરી હતી. બંને દેશોના કહેવા પ્રમાણે તેઓ ફક્ત યુરોપિયન મેડિસિન એજન્સીના નિવેદનની રાહ જોઈ રહ્યા હતા જે હજુ સુધી હકારાત્મક જ રહ્યું છે. એસ્ટ્રાજેનેકા પર લગાવવામાં આવેલો પ્રતિબંધ ફક્ત એક રાજકીય નિર્ણય હોવાનો દાવો કરવામાં આવ્યો છે કારણ કે, એસ્ટ્રાજેનેકા વેક્સિન ઓક્સફોર્ડ સાથે મળીને બનાવવામાં આવી છે. આ સંજોગોમાં યુરોપીય દેશોએ બ્રેક્ઝિટના કારણે વેક્સિન પર પ્રતિબંધ મુક્યો હતો જે એક રાજકીય પગલું હતું.

# ભારતીય સંશોધક અને નાસાએ સ્પેસ સ્ટેશનમાં બેક્ટેરિયા શોધ્યા

વોશિંગ્ટન : અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાની સાથે મળીને કામ કરતાં ભારતીય અને નાસાના અમેરિકન વૈજ્ઞાનિકોની એક ટુકડીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનૌ(જીજી )માં ચાર નાનકડા જીવની શોધ કરી છે. આ જીવ અન્ય કોઈ નહીં પરંતુ વિભિન્ન સપાટી પર રહેતાં બેક્ટેરિયા છે, જેના ચાર નવા સ્ટ્રેનની શોધ કરવામાં આવી છે. આ બેક્ટેરિયાના ત્રણ સ્ટ્રેનથી આજસુધી સમગ્ર વિશ્વ અજાણ હતું. પૃથ્વીથી હજારો કિલોમીટર ઉપર આવા આસોલેટેડ સ્થાન પર બેક્ટેરિયાના ચાર નવા સ્ટ્રેન મળી આવવાથી વૈજ્ઞાનિકો પણ હેરાન છે. એક બેક્ટેરિયાની સ્પેસ સ્ટેશનના રિસર્ચ સ્ટેશનની ઓવરહેડ પેનલ પરથી મળી આવ્યો હતો. બીજાની શોધૌજીજી ની સૌથી ઉપરની ઉપસેલી સપાટી, ઓબ્ઝર્વેશન અને વર્ક એરિયામાં કરવામાં આવી હતી. ત્રીજા સ્ટ્રેનની શોધ સ્પેસ સ્ટેશનના જમવાના ટેબલ પરથી કરવામાં આવી હતી. જ્યારે ચોથો સ્ટ્રેન જુના એચઈપીએ એર ફિલ્ટરમાંથી મળ્યો હતો. હવે વૈજ્ઞાનિકો આૃર્યમાં છે કે માટીના આ જીવાણુઓ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા કેવી રીતે? અને કદાચ આવી પણ ગયા તો જીવતા કેવી રીતે રહી શક્યાં? ત્રણ સ્ટ્રેન એક અજ્ઞાત બેક્ટેરિયાની પ્રજાતિથી સંબંધિત છે.

# અમેરિકામાં અલગ-અલગ પાંચ સ્થળોએ ગોળીબાર, કુલ ૧૪ના મોત, ૧ની ધરપકડ

- જ્યોર્જિયાના સ્પામાં ૮નાં મોત : ફોનિક્સનામાં ૧ મહિલા સહિત ચારના મોત, વિસ્કોન્સિનમાં ફૂડ વર્કરે બે સાથીઓની હત્યા કરી




એટલાન્ટા : અમેરિકામાં જ્યોર્જીયા રાજ્યના એટલાન્ટા શહેરની સાથે વિસ્કોન્સિન અને ફોનિક્સમાં બનેલી ગોળીબારની અલગ-અલગ ઘટનાઓમાં કુલ મળીને ૧૪ લોકોના મોત નીપજ્યા હતા. અમેરિકાના જોર્જિયા રાજ્યના એટલાંટા શહેર પાસે ત્રણ મસાજ પાર્લર પર થયેલા ગોળીબારની ઘટનામાં અત્યાર સુધીમાં આઠ લોકો માર્યા ગયા છે. વિસ્કોન્સિનમાં આવેલા મિલ્વાકીના સુપરમાર્કેટમાં વિતરણ સેન્ટરમાં એક કર્મચારીએ તેના બે સાથીઓની ગોળી મારીને હત્યા કરી નાંખી હતી. ફોનિક્સના એક ઘરમાં થયેલા ગોળીબારમાં એક મહિલા અને ત્રણ પુરુષ સહિત ચારના મોત થયા હતા અને ૧૯ વર્ષના યુવકને ગંભીર ઈજા થી હતી. જ્યોજિયામાં પોલીસે ગોળીબાર કરનારા એક શખ્સની ધરપકડ કરી લીધી છે અને ઘટનાની વધુ પૂછપરછ ચાલી રહી છે. આરોપી શખ્સ ૨૧ વર્ષીય યુવક છે. એકવર્થના ગ્રામીણ વિસ્તારમાં મસાજ પાર્લરમાં પાંચ લોકોના મોત થયા હતા.

# નાઈજરમાં માલી સરહદે અજાણ્યા હથિયાર જૂથનો હુમલો, ૫૮ લોકોની નિર્મમ હત્યા

માલી : નાઈજરમાં માલી સરહદને અડીને આવેલા વિસ્તારમાં અજાણ્યા હથિયારધારી જૂથે ક્રૂર હુમલો કરીને ૫૮ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હોવાના અહેવાલો છે. નાઈજર સરકારે પબ્લિક ટેલિવિઝન પર જાહેરાત કરી હતી કે અજાણ્યા હુમલાખોરોએ બાલી સરહદ નજીક બાનિબેંગાઉની વીકલી માર્કેટમાંથી ચીનેડોગર અને ડેરે-ડાયે ગામ તરફ જઈ રહેલા ચાર વાહનોને અટકાવીને તેમાં સવાર લોકોને વીંધી નાખ્યા હતા. જેમાં ૫૮ લોકો માર્યા ગયાં હતાં અને એક વ્યક્તિ ઘવાઈ હતી. હુમલાખોરોએ બે વાહનોને અને અનાજના જથ્થાને સળગાવી દીધા હતા અને બે વાહનો જપ્ત કર્યા હતાં તેમ સરકારે નિવેદનમાં જણાવ્યું હતું. આતંકીઓએ જ્યાં આક્રમણ કર્યુ હતું તે ટિલ્લાબેરી રિજન ત્રણ દેશની સરહદને અડીને આવેલું છે અને ફ્લેશપોઈન્ટ ઝોન જ્યાં નાઈજર, બાર્કિન્સ ફાસો અને



માલીની સરહદો કવર થાય છે. અન્ય એક રહેવાસીએ જણાવ્યું હતું કે જે લોકો માર્યા ગયા હતા તેઓ માલીની સરહદથી કેટલાક કિલોમીટર દૂર આવેલા અગ્રણી માર્કેટ ટાઉન બાનિબેંગાઉમાં ખરીદી કરીને જઈ રહ્યા હતા.

# મ્યાંમારમાં ભેરવાયું ચીન, આગચંપી અને થયું અબજો રૂપિયાનું નુકસાન

યંગુન : મ્યાંમારમાં લશ્કરી શાસકો સામે ભારે વિરોધ પ્રદર્શન અને ઉગ્ર દેખાવો ચાલુ રહ્યા છે. વિશ્વ સ્તરે મ્યાંમારની ક્રૂર સેનાનો બચાવ કરવામાં આવતા દેખાવકારોએ તેમનો રોષ ચીનની ફેક્ટરીઓ પર ઠાલવ્યો છે અને ચીનનાં રોકાણવાળી ૩૨ ફેક્ટરીઓને આગ ચાંપી છે તેમજ લૂંટફાટ ચલાવી છે આને કારણે ચીનને ૨૬૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. ચીનના બે નાગરિકોને ઈજા થઈ છે. તે પછી ચીનને તેના નાગરિકોની સુરક્ષાની ચિંતા થઈ છે.

સંયુક્ત રાષ્ટ્રએ સોમવારે કહ્યું હતું કે, મ્યાંમારમાં ૧ ફેબ્રુઆરીથી લશ્કરી શાસન પછી તેનો વિરોધ કરી રહેલા લોકો પર મ્યાંમારની આર્મીએ ક્રૂરતા અને અત્યાચાર ગુજારતા ૧૩૮ લોકોનાં મોત થયાં છે. જેમાં ૩૮નાં મોત તો રવિવારે જ થયાં છે. યુએનના વડા એન્ટોનિયો ગુટરેસે શાંતિથી દેખાવો કરી રહેલા સામે આર્મી દ્વારા આચરવામાં આવતી હિંસાની ટીકા કરી છે. બીજી તરફ મ્યાંમારમાં લશ્કરી શાસન પછી હિંસા અને દેખાવો ઉગ્ર બનતા ત્યાંના ૩૮૩થી વધુ નાગરિકો બોર્ડર ક્રોસ કરીને મિઝોરમમાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

# બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓનો હિન્દુ ગામ પર હુમલો : ૭૦થી ૮૦ ઘરોમાં તોડફોડ

ઢાકા : બાંગ્લાદેશમાં બુધવારે સવારે સુનામગંજના શલ્લા અપજિલામાં એક હિન્દુ ગામ પર હજારો હેફઝાત એ ઈસ્લામના સમર્થકોએ હુમલો કર્યો હતો. ગામના હિન્દુ પરિવારો જીવ બચાવવા માટે ઘર છોડીને નાસી ગયા હતા. ટોળાએ ઘરો પર રોષ ઠાલવીને આશરે ૭૦-૮૦ ઘર સળગાવી દીધાં હતાં. વાસ્તવમાં ઘટનાક્રમ એવો હતો કે એક હિન્દુ યુવકે ફેસબુક પોસ્ટ લખીને બંગબંધુ શેખ મુજીબૂર રહેમાનની મૂતિનો વિરોધ કરનારા હેફઝાત એ ઈસ્લામના મુફતી મામુલુન હકની ટીકા કરી હતી. પોલીસે મંગળવારે યુવકની ધરપકડ પણ કરી લીધી હતી. બુધવારે સવારે કાશીપુર, નચની, ચાંદીપુર અને અન્ય કેટલાક મુસ્લિમ બહુમત ધરાવતાં ગામના લોકો નોઆ ગામમાં એકત્ર થયા હતાં અને સ્થાનિક હિન્દુઓના ઘર પર હુમલો કર્યો હતો.

# પેસિફિક સમુદ્રમાં લા નીનાની અસર ફેબ્રુઆરી ૭ વર્ષનો સૌથી ઠંડો મહિનો

વોશિંગ્ટન : પાછલો મહિનો પૃથ્વી માટે સાત વર્ષનો સૌથી ઠંડો મહિનો રહ્યો હતો, જે લા નીનાની અસરના કારણે બન્યું હતું. અનિયમિત વેધર પેટર્નના કારણે અસામાન્ય રીતે ભારે પવનો ફૂંકાયા હતા જેણે સમુદ્રને સામાન્ય કરતાં વધારે ઠંડો બનાવ્યો હતો. ફેબ્રુઆરી મહિના દરમિયાન તેને અડીને આવેલા અમેરિકામાં સરેરાશ ટેમ્પરેચર ૩૦.૬ ઈ હતું જે ૨૦મી સદીની સરેરાશથી ૩.૨ ડિગ્રી નીચું હતું. જોકે સમગ્ર શિયાળાની સિઝનની વાત કરીએ તો આ સ્ટોરી અલગ હતી. ઉત્તરીય ગોળાર્ધમાં ડિસેમ્બર ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૧નો સમયગાળો ૧૪૦ વર્ષના સમયગાળા દરમિયાન આઠમા ક્રમનો મંદ શિયાળો હતો. નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન અનુસાર ઉષ્ણકટિબંધીય પેસિફિક સમુદ્રમાં લા નીનાની અસરના કારણે ફેબ્રુઆરી ૨૦૨૧ પૃથ્વી પરનો સાત વર્ષનો સૌથી ઠંડો મહિનો રહ્યો હતો. એજન્સીએ એવો પણ નિર્દેશ કર્યો હતો કે ઉત્તર અમેરિકા, સ્કેન્ડેનવિઆ અને ઉત્તર એશિયામાં વાતાવરણમાં અસાધારણ પલટો જોવાયો હતો. વાતાવરણના ફેરફારની સૌથી ખરાબ અસર અમેરિકા પર થઈ હતી. અમેરિકામાં હવામાનનો રેકોર્ડ રાખતી એજન્સી અનુસાર ફેબ્રુઆરી પાછલા ૧૨૭ વર્ષમાં ૧૯મા ક્રમનો સૌથી ઠંડો મહિનો હતો અને ૧૯૮૯ પછીનો સૌથી ઠંડા મહિના તરીકે નોંધાયો હતો.

# જીનપિંગ હવે જેક માને રસ્તે રઝળતા કરવાની ફિરાકમાં ? આપેલા આદેશથી ખળભળાટ

બેઈજિંગ : માત્ર એક જ નિવેદનના કારણે દુનિયાભરમાં જાણીતા અને સૌથી ટોચના ઉદ્યોગપતિઓમાના એક જેક માને ચીનની શી જિનપિંગ સરકારે બરાબરના સાણસામાં લીધા છે. છેલ્લા અનેક મહિનાઓથી ગુમ કરી દેવામાં આવેલા અલી બાબાના ફાઉંડર જેક માને હવે તેમનો ધંધો વેચી મારવા ચીની સરકાર દબાણ કરી રહી છે. દેશમાં જેક માના વધી રહેલા કારોબારી પ્રભાવને નાથવા માટે ચીનની જિનપિંગ સરકારે અલીબાબાને તેની મીડિયાની સંપત્તિઓ વેચી દેવાનું જણાવ્યું છે. એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો હતો. આ રિપોર્ટમાં ચીની અધિકારીઓએ જણાવ્યું હતું કે, દેશમાં લોકોમાં દિગ્ગજ ટેકનોલોજી કંપનીના પ્રભાવને લઈને પરેશાન છે. અલીબાબાએ સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ ખરીદી લીધું હતું.



# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' | 12'' * 24'' | 24'' * 48'' | 4'' * 8'' | 4'' * 12''

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com





Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com